
અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
શ્રદ્ધા કપૂરના ઘરે વાગશે શરણાઈ? રાહુલ મોદી સાથેના લગ્ન પર એક્ટ્રેસે આપ્યું...

પેજ-09
વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈનો શ્રેયસ અય્યરની તોફાની ઈનિંગ, શ્રેયસ અય્યરની મેદાન પર...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 14.00 |
| વડોદરા | 29.00 | 16.00 |
| સુરત | 29.00 | 17.00 |



પેજ 5 આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્કફોર્સ બનાવવો કંપનીઓ માટે હવે...

08 JANUARY-2026 THURSDAY



ભારત-EU સંબંધોમાં લક્ઝમબર્ગ મહત્વની કડી: વિદેશ મંત્રી એસ. જયશંકર પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84961.14 | ▼ | 102.20 |
| નિફ્ટી | 26140.75 | ▼ | 037.95 |
| સોનું | 137794.00 | ▼ | 1289.00 |
| ચાંદી | 248268.00 | ▼ | 10543.00 |

વર્ષ-15 । અંક-058 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

**બુધવારે સંરક્ષણ પ્રધાનની અધ્યક્ષતામાં સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં તારીખો નક્કી કરવામાં આવી**

# પહેલીવાર દેશનું સામાન્ય બજેટ રવિવારે રજૂ કરાશે !



**1 ફેબ્રુઆરી રવિવાર છે :** ૨૦૧૭ થી, દર વર્ષે ૧ ફેબ્રુઆરીના રોજ બજેટ રજૂ કરવામાં આવે છે. ૨૦૧૭ માં, અરુણ જેટલીએ પહેલી વાર ૧ ફેબ્રુઆરીના રોજ બજેટ રજૂ કર્યું હતું. અગાઉ, ૨૮ ફેબ્રુઆરીના રોજ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ વર્ષે ૧ ફેબ્રુઆરી રવિવારના દિવસે આવે છે. ૧ ફેબ્રુઆરી ગુરુ રવિદાસ જયંતિ પણ છે. રવિવાર હોવાથી સરકારી કચેરીઓ અને શેરબજાર બંધ રહેશે.

**સીતારમણ ૯મી વખત બજેટ રજૂ કરશે :** નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સતત નવમી વખત બજેટ રજૂ કરશે. આ સાથે, તેઓ ઈતિહાસ રચશે. સીતારમણ સૌથી વધુ સતત બજેટ રજૂ કરનાર પ્રથમ નાણામંત્રી બનશે. ૨૦૨૫ માં, તેમણે તેમનું ૮મું બજેટ રજૂ કર્યું. ગયા વર્ષે, તેમણે પ્રણવ મુખર્જીની બરાબરી કરી હતી. મોરારજી દેસાઈએ ૧૦ સાથે સૌથી વધુ બજેટ રજૂ કર્યા છે. આ વર્ષના બજેટ સત્રમાં 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

(એજન્સી) નવી દિલ્હી | તા.07

બુધવારે સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ (CCPA) ની બેઠક મળી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે બેઠકની અધ્યક્ષતા કરી. સંસદના આગામી બજેટ સત્રની તારીખો પ્રસ્તાવિત કરવામાં આવી. આગામી બજેટ સત્ર બે તબક્કામાં યોજાશે. બજેટ સત્રનો પહેલો ભાગ 28 જાન્યુ.થી 13 ફેબ્રુ. ચાલશે, જ્યારે બીજો ભાગ 9 માર્ચથી 2 એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્ર 28 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિના અભિભાષણથી શરૂ થશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરી, 2026 (રવિવાર) ના રોજ બજેટ રજૂ કરશે. આ પહેલી વાર હશે જ્યારે રવિવારે બજેટ રજૂ કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સતત નવમું બજેટ રજૂ કરશે. બજેટ સત્રનો બીજો ભાગ ગ્રાન્ટ્સ માટેની માંગણીઓ અને નાણા બિલ પસાર કરવા માટે સમર્પિત રહેશે.

**આગામી બજેટ સત્ર બે તબક્કામાં યોજાશે. બજેટ સત્ર 28 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે શરૂ થશે.**

**અમેરિકા અને રશિયા વચ્ચે તનાવ વધ્યો!**

# અમેરિકાએ વેનેઝુએલા જઈ રહેલા રશિયન તેલ જહાજને જપ્ત કર્યું....

(એજન્સી) મોસ્કો | તા.07

અમેરિકાએ શનિવારે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદનારા 2 ટેન્કરોને પકડી પાડ્યા. બીબીસી અનુસાર, તેમાંથી એક રશિયાનું જહાજ મેરિનેરા છે, જ્યારે બીજાનું નામ સોફિયા છે. સોફિયા પનામાનું જહાજ માનવામાં આવે છે. આ બંને જહાજો થોડા કલાકોના અંતરે પકડાયા. અમેરિકાએ રશિયન ધ્વજવાળા તેલ ટેન્કર મેરિનેરાને ઉત્તર એટલાન્ટિકમાં જપ્ત કર્યું, જ્યારે બીજું જહાજ કેરેબિયન સીમાં પકડાયું. અમેરિકા આ જહાજનો પીછો બે અઠવાડિયાથી કરી રહ્યું હતું. કહેવાય છે કે આ જહાજ વેનેઝુએલાથી તેલ લઈ જવા માટે જઈ રહ્યું હતું, જેથી તેને ચીન કે અન્ય દેશોમાં પહોંચાડી શકાય.




**નામ બદલીને તેલ ખરીદવા જઈ રહ્યું હતું**

જે જહાજને જપ્ત કરવામાં આવ્યું હતું તેનું નામ પહેલા બેલા-1 હતું. બાદમાં તેનું નામ બદલીને મરીનેરા રાખવામાં આવ્યું. તે રશિયન ધ્વજ હેઠળ નોંધાયેલું છે. અગાઉ, જહાજ કેરેબિયન સમુદ્રમાં યુએસ નાકાબંધીથી બચી ગયું હતું. યુએસ કોસ્ટ ગાર્ડે તેને રોકવા અને તપાસ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જહાજે બોર્ડિંગનો ઈનકાર કર્યો. યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે જહાજ આખરે આઈસલેન્ડ નજીક ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં ફસાઈ ગયું હતું. તે આઈસલેન્ડ અને બ્રિટન વચ્ચે એટલાન્ટિક સમુદ્રમાં આગળ વધી રહ્યું હતું.

# અમેરિકાનો હુમલો 'છેલ્લી ભૂલ' ગણાશે

**ટ્રમ્પની ચેતવણી બાદ ઈરાન ભડક્યું, સેના પ્રમુખે કહ્યું, 'અમારી યુદ્ધ તૈયારીઓ પહેલા કરતાં સારી', હવે તહેરાન પણ પહેલો હુમલો કરી શકે**

(એજન્સી) તહેરાન | તા.07

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી બાદ ઈરાન સેના પ્રમુખે કડક શબ્દોમાં ધમકી આપી છે. સેના પ્રમુખ મેજર જનરલ અમીર હાતેમીએ આજે (7 જાન્યુઆરી) પોતાના દેશ વિરુદ્ધ નિવેદન મામલે કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે દુશ્મનના હુમલા પહેલા હુમલો કરવાની ધમકી આપી છે. તેમનું આ નિવેદન ટ્રમ્પના તે નિવેદન તરફનો ઈશારો મનાય છે, જેમાં તેમણે કહ્યું હતું કે, જો તહેરાન શાંતિપૂર્વક દેખાવો કરી રહેલા લોકોને હિંસક રીતે મારશે તો અમેરિકા તેમની મદદ માટે પહોંચી જશે.

### ઈરાન સરકારે જનઆક્રોશને શાંત કરવા પરિવારોને નાણાં આપ્યા

ઈરાનના સેના પ્રમુખનું આ નિવેદન તેવા સમયે સામે આવ્યું છે, જ્યારે ઈરાન ઈઝરાયલ અને અમેરિકાના બેવડા ખતરાનો સામનો કરી રહ્યું છે. એટલું જ નહીં ઈરાનની પ્રજા આર્થિક સમસ્યાઓના કારણે દેખાવો કરી રહી છે, જેના કારણે ઈરાન સરકાર સામે પડકારો વધી ગયા છે. ઈરાન સરકારે જીવનજરૂરી ચીજવસ્તુઓની વધતી કિંમતો ઘટાડવા માટે અને જનઆક્રોશને શાંત કરવા માટે પરિવારોના બૅંક એકાઉન્ટમાં લગભગ સાત ડૉલર માસિક સબસિડી આપવાની શરુઆત કરી દીધી છે.



### અમે આક્રમણ કરનારાઓનો હાથ કાપી નાખીશું : ઈરાન સેના પ્રમુખ

ન્યુયોર્ક સ્થિત થિંક ટેન્ક સૂફાન સેન્ટરે કહ્યું કે, ઈરાનની પ્રજા સરકારની નીતિઓ અને આર્થિક સ્થિતિથી તંગ થઈને લાંબા સમયથી દેખાવો કરી રહી છે. સરકારી સમાચાર એજન્સી આઈઆરએનએના રિપોર્ટ મુજબ, હાતેમીએ કહ્યું કે, 'ઈરાન વિરુદ્ધ આવી ભાષાનો ઉપયોગ કરવામાં આવશે તો મોટો ખતરો ઊભો થશે. અમે આવા લોકોને જવાબ આપ્યા વગર છોડીશું નહીં. હું વિશ્વાસ સાથે કહું છું કે, આજે હથિયારોથી સજ્જ ઈરાનના સૈનિકોની યુદ્ધ લડવાની ક્ષમતા પહેલાથી વધુ છે. જો દુશ્મન કોઈ ભૂલ કરશે તો તેણે નિર્ણાયક હુમલાનો સામનો કરવો પડશે અને અમે કોઈપણ આક્રમક કરનારાઓનો હાથ કાપી નાખીશું.'

**સોના-ચાંદીના ભાવમાં મોટો કડાકો:**

# ચાંદી એક ઝાટકે રૂ.9,600 સસ્તી થઇ

(એજન્સી) મુંબઈ | બુધવારે સાંજે 7:25 કલાકે MCX પર ચાંદીનો ભાવ 9,696 રૂપિયા એટલે કે 3.74 ટકા ઘટીને 2,49,115 રૂપિયા પ્રતિ કિલો થયો, જ્યારે સવારના કારોબારમાં ચાંદી હાઈ સ્તર 2,59,692 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ હતી. આજ રીતે સોનાના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો.



# અમેરિકાએ ભારતીય વિદ્યાર્થીઓનું ટેન્શન વધાર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.07

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કારણે ભારત-અમેરિકાના સંબંધોમાં તિરાડો પડી છે. તુંડમિજાજી ટ્રમ્પના મનસ્વી નિર્ણયો અને નિવેદનના કારણે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. ત્યારે અમેરિકાએ ભારતીય વિદ્યાર્થીઓ ફરી ધમકી આપી છે. અમેરિકાએ આજે (7 જાન્યુઆરી) અમેરિકાના અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓને ચેતવણી આપી છે. ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે કહ્યું છે કે, જો અમેરિકાનો કાયદો તોડવામાં આવશે તો વિઝા રદ થઈ શકે છે અને એટલું જ નહીં દેશ નિકાલ પણ કરવામાં આવી શકે છે.

નોંધનીય છે કે, ટ્રમ્પના શાસનકાળમાં ઈમિગ્રેશન નિયમો દિવસેને દિવસે કડક કરવામાં આવી રહ્યા છે. અમેરિકા દ્વારા ભારતીયોને અવાર-નવાર આવી ચેતવણી આપવામાં આવતી રહી છે. અગાઉ અમેરિકન દૂતાવાસે ભારતથી અમેરિકા જતાં ગેરકાયદે પ્રવાસીઓ માટે કડક ચેતવણી જાહેર કરી હતી. તેમાં સ્પષ્ટ કહેવાયું હતું કે, 'ઈમિગ્રેશન કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને મોટી ક્રિમિનલ સજા થઈ શકે છે. દૂતાવાસે આ ચેતવણી સોશિયલ મીડિયા પર શેર કરી હતી.

**અમેરિકના ભારતીય વિદ્યાર્થિઓને ટ્રમ્પની ચેતવણી, કહ્યું- 'આવી ભૂલ કરશો તો વિઝા રદ, દેશ નિકાલ પણ કરીશું'**

**ભારત-અમેરિકાના સંબંધોમાં તિરાડ :** US એમ્બેસી તરફથી ચેતવણી એવા સમયે આવી છે જ્યારે દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ શિક્ષણ માટે US જાય અને વિઝા નિયમો મૂંઝવણ પેદા કરે છે. એમ્બેસી જણાવ્યું કે વિદ્યાર્થીઓની સલામતી અને કાનૂની સુનિશ્ચિત કરવી એ પ્રાથમિકતા છે, પરંતુ વિદ્યાર્થીઓનો સહયોગ અને નિયમોનું પાલન આવશ્યક છે.



**'અમેરિકન વિઝા એક સુવિધા, અધિકાર નથી' :** પોસ્ટમાં એમ પણ કહેવાયું હતું કે યુએસમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓએ વિઝાની આવશ્યકતાઓનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ, જેમાં અભ્યાસક્રમોમાં નોંધણી કરાવવી, અનધિકૃત રોજગાર ટાળવો અને વિઝાની માન્ય સમયમર્યાદામાં રહેવું શામેલ છે. નિષ્ણાતો તાજેતરની ચેતવણીને બંને દેશો વચ્ચે વધતા તણાવ સાથે જોડી રહ્યા છે.

# નાણાકીય વર્ષ 2025-26માં ભારત 7.4 ટકાના દરે આગળ વધશે, સરકારી આંકડા જાહેર

(એજન્સી) નવી દિલ્હી | તા.07

કેન્દ્ર સરકારે જીડીપીનો ઉત્સાહજનક ડેટા જાહેર કર્યો છે, જેનાથી નાણાંકીય વર્ષ 2025-2026માં દેશની પ્રગતિમાં વધારો થવાની આશા જાગી છે. વર્ષ 2024-25માં ભારતનો જીડીપી દર 6.5 ટકા હતો, ત્યારે કેન્દ્ર સરકારે જાહેર કરેલા નવા આંકડા મુજબ 25-26માં જીડીપી દર 7.4% પર પહોંચવાનો અંદાજ છે. આ નવો ડેટા દેશની આર્થિક પ્રવૃત્તિઓ તેજીથી આગળ વધી રહી હોવાના સંકેત છે.



### સર્વિસ સેક્ટરે રફતાર પકડી

આ આર્થિક વિકાસ પાછળ મુખ્યત્વે મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરનું શ્રેષ્ઠ પ્રદર્શન જવાબદાર છે. મેન્યુફેક્ચરિંગ અને બાંધકામ ક્ષેત્રમાં આ વર્ષે 7 ટકાની વૃદ્ધિ થવાનો અંદાજ છે. આ ઉપરાંત સેવા ક્ષેત્રમાં ચાલી રહેલી જબરદસ્ત તેજીના કારણે ગ્રોસ વેલ્યુ એડેડ વૃદ્ધિ દર 7.3 ટકા સુધી પહોંચવાની ધારણા છે. આ બંને ક્ષેત્રો ભારતીય અર્થતંત્રમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

### કૃષિ ક્ષેત્રમાં મધ્યમ વૃદ્ધિ

ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રની સરખામણીમાં કૃષિ અને તેની સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં વૃદ્ધિની ગતિ થોડી ધીમી રહેવાની શક્યતા છે. વીજળી, ગેસ, પાણી પુરવઠો અને અન્ય ઉપયોગિતા સેવાઓમાં પણ 31 માર્ચ સુધીમાં મધ્યમ વૃદ્ધિનો અંદાજ છે. બીજી તરફ, વર્તમાન ભાવો પર આધારિત નોમિનલ જીડીપી 2025-26 દરમિયાન 8 ટકાના દરે વધવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

### બજેટ પહેલા સારા સંકેત

આગામી 1 ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા કેન્દ્રીય બજેટની તૈયારીમાં આ અંદાજો ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે. સરકાર આ આંકડાઓને આધારે પોતાની ભાવિ આર્થિક નીતિઓ ઘડશે. 7.4 ટકાનો અનુમાનિત વૃદ્ધિ દર બજેટ પહેલા સરકાર અને બજાર બંને માટે ઉત્સાહજનક સમાચાર લઈને આવ્યો છે, જે સાબિત કરે છે કે ભારતીય અર્થતંત્રના પાયા મજબૂત છે.

# જામા મસ્જિદની આસપાસના અતિક્રમણનો સર્વે કરાશે

**જનહિત અરજી પર દિલ્હી હાઈકોર્ટનો આદેશ**

(એજન્સી) નવી દિલ્હી | તા.07

દિલ્હી હાઈકોર્ટે રાજધાનીમાં આવેલી ઐતિહાસિક શાહી જામા મસ્જિદની આસપાસના વિસ્તારોમાં થયેલા ગેરકાયદે અતિક્રમણ અને MCD પાર્કની સ્થિતિ અંગે ગંભીર નોંધ લીધી છે. કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ દિલ્હી(MCD)ને બે મહિનાની અંદર આ સમગ્ર વિસ્તારનો સર્વે કરવાનો આદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો સર્વે દરમિયાન કોઈ પણ ગેરકાયદે બાંધકામ મળી આવશે, તો કાયદા મુજબ તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે. ફરહત હસન નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિત અરજી (PIL) પર સુનાવણી કરતાં હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. અરજદારે માગ કરી હતી કે, જામા મસ્જિદ જેવા સંરક્ષિત સ્મારકની આસપાસ રસ્તાઓ અને જાહેર જગ્યાઓ પર થયેલા અતિક્રમણને તાત્કાલિક દૂર કરવામાં આવે. હાઈકોર્ટે આ મામલે MCDને કડક સૂચના આપી છે કે, તેઓ જામા મસ્જિદની આસપાસના પાર્ક અને જાહેર સ્થળો પર થયેલા ગેરકાયદે બાંધકામનો સંપૂર્ણ સર્વે કરે અને તેનો રિપોર્ટ આગામી બે મહિનાની અંદર કોર્ટમાં રજૂ કરે. આ ઉપરાંત નિયમ વિરુદ્ધ થયેલા બાંધકામો સામે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરીને તેને હટાવવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

# ઝારખંડમાં જંગલી હાથીનો કહેર, એક જ રાતમાં 7 લોકોને કચડી માર્યા, અત્યાર સુધી 17ના મોત

(એજન્સી) ઝારખંડ | તા 07

ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં જંગલી હાથીએ હાહાકાર મચાવ્યો છે. મંગળવારે (છઠ્ઠી જાન્યુઆરી) મોડી રાત્રે હાથીએ અલગ-અલગ ગામોમાં હુમલો કરીને 7 લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. નવા વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં માત્ર 6 દિવસમાં જ હાથીના હુમલામાં કુલ 17 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. બાબરિયા ગામમાં મંગળવારે રાત્રે 10 વાગ્યાની આસપાસ જ્યારે લોકો ઘરમાં સૂતા હતા ત્યારે હાથીએ અચાનક હુમલો કર્યો હતો. જેમાં સનાતન મેરલ, તેની પત્ની જોનકોન કુઈ, તેમના બે નાના બાળકો અને અન્ય એક ગ્રામજન મોગડા લગુરીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પરિવારનો એક બાળક ચમત્કારિક રીતે ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. જ્યારે બડા પાસિયા અને લમ્પાઈસાઈ ગામમાં પણ હાથીએ એક-એક વ્યક્તિને કચડી નાખ્યા હતા.



**પહેલી જાન્યુઆરી |** ટોન્ટો બ્લોકના બાંદીઝારી ગામના રહેવાસી 35 વર્ષીય મંગલ સિંહ હેમ્બરામનું હાથીએ હુમલો કરતાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. તે જ રાત્રે, બિરસિંહહાટુ ગામના કુચુબાસા ટોલીના રહેવાસી 55 વર્ષીય ઉર્દુપ બહંડાનું પણ હાથીએ હુમલો કરતાં મોત થયું. સદર બ્લોકના રોરો ગામના રહેવાસી 57 વર્ષીય વિષ્ણુ સુંડીનું પણ આ હુમલામાં મૃત્યુ થયું. બિરસિંહહાટુ ગામના રહેવાસી મણિ કુંતિયા અને સુખમતી બહંડા ગંભીર રીતે ઘાયલ થયા. ત્રણેય ઘટનાઓ 1 જાન્યુઆરીની રાત્રે બની હતી.

**બીજી જાન્યુઆરી |** ગોઈલકેરા વિસ્તાર હેઠળના સયાતવા ગામમાં એક હાથીએ મન્દ્રુ કયોમના 13 વર્ષના પુત્ર રેંગા કયોમને કચડી નાખ્યો અને તેનું મોત નીપજ્યું. જ્યારે બૈપી ગામના રહેવાસી નંદુ કગોરાઈની 10 વર્ષની પુત્રી ઢીંગી ગગરાઈને હાથીએ કચડી નાખતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગઈ.

**ચોથી જાન્યુઆરી |** ગોઈલકેરા વિસ્તારમાં આવેલા કુઈડા પંચાયતના અમરાઈ કિતાપી ગામ, તોપનોસાઈ ગામમાં હાથીએ 47 વર્ષીય મહિલાને કચડી નાખીને તેનું મોત નીપજ્યું હતું. આ હુમલામાં તેના પતિ રંજન ટોપનો અને ૧૦ વર્ષનો પુત્ર કાહિરા ટોપનો પણ ઈજાગ્રસ્ત થયો હતો.

**પાંચમી જાન્યુઆરી |** ઈલકેરાના સંતરા ફોરેસ્ટ રેન્જની અંદર બિલા પંચાયતમાં આવેલા મિસ્ત્રીબેડા નામના જંગલ ગામમાં એક હાથીએ 50 વર્ષીય જોંગા લગુરી પર હુમલો કરીને તેનું મોત નીપજ્યું હતું. તેમના પતિ, 52 વર્ષીય ચંદ્ર મોહન લગુરી પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

# X એ પોર્નોગ્રાફિક સામગ્રીના મુદ્દા પર રિપોર્ટ રજૂ કર્યો...

**સરકારે કહ્યું, 'અમે પ્રતિભાવથી સંતુષ્ટ નથી.'**

(એજન્સી) નવી દિલ્હી | તા.07

એલોન મસ્કની કંપની, X (અગાઉનું ટ્વિટર) એ પોર્નોગ્રાફિક સામગ્રીના મુદ્દા અંગે કેન્દ્ર સરકારને પોતાનો જવાબ સુપરત કર્યો છે. X એ જણાવ્યું હતું કે તે પોર્નોગ્રાફિક સામગ્રી સામે કાર્યવાહી કરશે. જોકે, માહિતી ટેકનોલોજી મંત્રાલય (MEITY) X ના પ્રતિભાવથી સંતુષ્ટ નથી. મંત્રાલયે જણાવ્યું હતું કે, 'અમે X ના પ્રતિભાવથી સંતુષ્ટ નથી અને વધુ કાર્યવાહી કરવાનું વિચારી રહ્યા છીએ અને X પાસેથી વધુ માહિતી માંગી શકીએ છીએ.' X નો જવાબ Grok નો ઉપયોગ કરીને જાતીય રીતે સ્પષ્ટ સામગ્રી બનાવવા સામે IT મંત્રાલયના પગલાંને અનુસરે છે. થોડા દિવસો પહેલા, કેન્દ્ર સરકારે X ને પત્ર લખીને Grok માંથી પોર્નોગ્રાફિક સામગ્રી દૂર કરવાનો અને રિપોર્ટ માંગવાનો નિર્દેશ આપ્યો હતો. Grok AI નો ઉપયોગ કરીને સંમતિ વિના મહિલાઓ અને બાળકોની છબીઓમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. ભારત, યુકે અને યુરોપમાં તપાસ શરૂ થઈ ગઈ છે, અને ભારત સરકારે આ મુદ્દા પર કડક વલણ અપનાવ્યું છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે IT એક્ટ 2000 અને IT નિયમો 2021 નું યોગ્ય રીતે પાલન કરવામાં આવી રહ્યું નથી.

## News Brief

## કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાનો મેઈલ: તપાસનો ધમધમાટ થયો

ગાંધીનગર | ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી શાળાઓ, કોર્ટ્સ અને કલેક્ટર કચેરીઓમાં બોમ્બ મૂકવાના ધમકીભર્યા મેસેજ અને ઈ-મેઈલનો સિલસિલો ચાલી રહ્યો છે. આ કડીમાં આજે સવારે ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેઈલ મળ્યો હતો. આ ઘટનાએ વહીવટી તંત્રમાં ખળભળાટ મચાવી મૂક્યો હતો, જેના પગલે તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આજે સવારે કલેક્ટરના અધિકૃત ઈ-મેઈલ એડ્રેસ પર બોમ્બ ધમકીનો મેઈલ આવતા જ વહીવટી અધિકારીઓએ ગંભીરતા દાખવી પોલીસ અને સુરક્ષા એજન્સીઓને જાણ કરી હતી. પોલીસે તુરંત કાર્યવાહી કરતાં બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ તેમજ ડોગ સ્ક્વોડની ટીમોને કલેક્ટર કચેરી દોડાવી હતી. સુરક્ષાના કારણોસર કચેરીમાં હાજર તમામ કર્મચારીઓ, અધિકારીઓ અને અરજદારોને બહાર કાઢી સુરક્ષિત સ્થળે મોકલવામાં આવ્યા હતા. કચેરી સંકુલને પૂર્ણપણે ખાલી કરાવી દેવામાં આવ્યું હતું, જેથી તપાસમાં કોઈ અડચણ ન આવે.ટીમોએ અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરીને કલેક્ટર કચેરીના તમામ ચેમ્બરો, ઓફિસો, શૌચાલયો, લોબી, સ્ટોરેજ રૂમ-રેકર્ડ રૂમ, ધાબા, અગાસી, પાર્કિંગ પ્લેસ તેમજ આસપાસના વિસ્તારોમાં સઘન તલાશી હાથ ધરી હતી. દરેક ખૂણે-ખાંચરે તપાસ કરવામાં આવી, પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ કે બોમ્બ જેવું કંઈ મળ્યું નહીં. આખરે તપાસ પૂર્ણ થતાં ધમકીને ખોટી જાહેર કરવામાં આવી હતી. તપાસના અંતે કોઈ જોખમ ન હોવાનું સ્પષ્ટ થતાં અધિકારીઓ અને કર્મચારીઓએ રાબેતા મુજબની કામગીરી ફરી શરૂ કરી દીધી હતી.

## ગિફ્ટ સિટી પાસે ખુલ્લી ગટરમાં પડી જતા ચાર વર્ષના બાળકનું મોત

ગાંધીનગર : ગાંધીનગર શહેર નજીક આવેલા ગિફ્ટ સિટીના ફાયર સ્ટેશનની પાછળ રતનપુર ખાતે આવેલી લેબર કોલોનીમાં રહેતું ચાર વર્ષીય બાળક આજે સાંજે ખુલ્લી ગટરમાં પડી જતા ગિફ્ટ સિટી અને ગાંધીનગર ફાયરબ્રિગેડ દ્વારા તેને બહાર કાઢવામાં આવ્યું હતું. જોકે તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યું હતું પરંતુ આ બાળકનો જીવ બચી શક્યો ન હતો.
ગાંધીનગર શહેર નજીક આવેલી ગિફ્ટ સિટીમાં કામ કરતા મજૂરો ગિફ્ટ સિટીના ફાયર બ્રિગેડની પાછળ રતનપુર ગામની સીમમાં બનાવવામાં આવેલી લેબર કોલોનીમાં રહેતા હોય છે. જ્યાં પર પ્રાંતમાંથી મોટી સંખ્યામાં આ મજૂરો તેમના પરિવાર સાથે વસવાટ કરે છે. અહીં રહેતા મૂળ ઝારખંડના પરિવારનું ચાર વર્ષીય બાળક પ્રિયાંશ રાજકુમાર રામ આજે સાંજના સમયે રમતા રમતા અહીં આવેલી ખુલ્લી ગટરમાં પડી ગયું હતું.


**અક્ષીતા કોટન લિમિટેડ**

AXITA COTTON

સીઆઈએન: એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯
રજીસ્ટર્ડ ઓફિસ: સર્વે નં. ૩૨૪, ૩૫૭, ૩૫૮, કડી,
થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત, ભારત.
કોર્પોરેટ ઓફિસ: રન્નાડે હાઉસ, ફર્સ્ટ ફ્લોર, સંકલ્પ ગ્રેસ ૩ ની સામે,
ઈશાન બંગલોજ નજીક, શીલજ, અમદાવાદ- ૩૮૦૦૫૯, ગુજરાત, ભારત.
ટેલિફોન: +૯૧ ૬૩૫૮૭૪૭૫૧૪ || ઈ-મેઈલ: cs@axitacotton.com, investor.relations@axita.in || વેબસાઈટ: www.axitacotton.com

**પોસ્ટલ બેલોટની સૂચના અને ઈ-મતદાન બાબત**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીસ એક્ટ, ૨૦૧૩ ("એક્ટ") ની ધારા ૧૦૮, ૧૧૦ અને અન્ય માન્ય ધારાઓ, જેમણે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ("નિયમો") ના નિયમો ૨૦ અને ૨૨ સાથે, સિક્યુરિટી એક્ઝચેંજ બોર્ડ ઑફ ઈન્ડિયા (લિસ્ટિંગ અને ડિસ્ક્લોઝર ની જરૂરિયાતો) ના નિયમો, ૨૦૧૫, ના નિયમન ૪૪ સાથે અને ભારતીય કંપની સક્રેટરીઝ દ્વારા જારી કરેલ કંપની ની સામાન્ય મીટિંગો માટે ના સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ (એસએસ-૨), અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("એમસીએ") દ્વારા સમય સમયમાં જારી કરેલ નિયમો (એકત્રિત "એમસીએ સર્ક્યુલર્સ") ના અનુસંધાન માં, અક્ષીતા કોટન લિમિટેડ ("ધ કંપની") ના સભ્યોની મંજૂરી, પોસ્ટલ બેલેટની પ્રક્રિયાને અનુસરીને ઈલેક્ટ્રોનિક માધ્યમથી સભ્યો દ્વારા મતદાન કરીને નીચે દર્શાવેલ વ્યવસાય માટે (વિગતવાર વ્યાપાર પોસ્ટલ બેલોટની નોટિસ તારીખ જાન્યુઆરી ૦૫, ૨૦૨૬ ની નોટિસમાં આપેલ છે) પોસ્ટલ બેલોટ પ્રક્રિયા માં રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયાને અનુસરીને મંજૂરી માંગવામાં આવી છે;

| અ. નં. | ઠરાવોનું સંક્ષિપ્ત વર્ણન | ઠરાવ નો પ્રકાર |
|---|---|---|
| ૧ | બોનસ શેર ઈશ્યુ કરવા અંગે વિચારણા અને મંજૂર કરવા બાબત | સામાન્ય |

કોર્પોરેટ અફેર્સના મંત્રાલય દ્વારા, તારીખ એપ્રિલ ૧૩, ૨૦૨૦ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તારીખ મેં ૫, ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦, તારીખ જાન્યુઆરી ૧૩, ૨૦૨૧ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૧, તારીખ ડીસેમ્બર ૧૪, ૨૦૨૧ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૨૧/૨૦૨૧ અને તારીખ મે ૦૫, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૨, ૩/૨૦૨૨ તા. ૫ મી મે, ૨૦૨૨, તારીખ ડિસેમ્બર ૨૮, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૧/૨૦૨૨, તારીખ સપ્ટેમ્બર ૨૫, ૨૦૨૩ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૯/૨૦૨૩, તારીખ સપ્ટેમ્બર ૧૯, ૨૦૨૪ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૭/૨૦૨૪, અને તારીખ સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૩/૨૦૨૫ (સંયુક્ત ધોરણે "એમસીએ પરિપત્રો") તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા તારીખ જાન્યુઆરી ૧૫, ૨૦૨૧ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નંબર સેબી/એચઓ/સીએફડી/સીએમડી૨/સીઆઈઆર/પી/૨૦૨૧/૧૧, તારીખ મે ૧૩, ૨૦૨૨ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નંબર સેબી/એચઓ/ડીડીએચએસ/પી/સીઆઈઆર/૨૦૨૨/૦૦૬૩ અને તારીખ જાન્યુઆરી ૦૫, ૨૦૨૩ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નંબર સેબી/એચઓ/સીઆરડી/પીઓડી-૨/પી/સીઆઈઆર/૨૦૨૩/૪ ના અનુસાર (સંયુક્ત ધોરણે "સેબી પરિપત્રો") અને સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટિંગ્સ ("SS-૨") અને અન્ય કોઈપણ લાગુ પડતા કાયદા, નિયમો અને નિયમો (કોઈપણ વૈધાનિક ફેરફારો અથવા તેનો પુનઃઅધિનિયમો, હાલ અમલમાં છે), ના અનુસાર પોસ્ટલ બેલોટની સૂચના સાથે એક્સપ્લેનેટરી સ્ટેટમેન્ટ અને ઈ-વોટિંગની સૂચના, ફક્ત તે સભ્યોને જ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવી છે જેમના ઈમેલ એડ્રેસ સભ્યોના રજિસ્ટર / કંપની / ડિપોઝિટરીઝ માં તારીખ શુક્રવાર, જાન્યુઆરી ૦૨, ૨૦૨૬ ('કટ-ઓફ ડેટ') ના રોજ નોંધાયેલા છે. સભ્ય નોંધ લે કે પોસ્ટલ બેલોટની સૂચના સાથે એક્સપ્લેનેટરી સ્ટેટમેન્ટ અને ઈ-વોટિંગની સૂચના, કંપનીની વેબસાઈટ www.axitacotton.com પર, બીએસસી લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર, નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ www.nseindia.com તથા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") (રિમોટ ઈ-મતદાનની સુવિધા પૂરી પાડતી સંસ્થા) ની વેબસાઈટ www.evoting.nsdl.com ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે. વધુમાં, એમસીએના પરિપત્રો અનુસાર, પોસ્ટલ બેલોટની સૂચનાની ફિઝિકલ નકલ, પોસ્ટલ બેલેટ ફોર્મ્સ અને પ્રી-પેઈડ બિઝનેસ રિપ્લાય પરબિડીયા મોકલવાની આવશ્યકતાને પણ દૂર કરવામાં આવી છે.
જે સભ્યોના નામ કટ ઓફ ડેટ પર સભ્યોના રજિસ્ટર અને રજિસ્ટર ઓફ બેનીફીશીય્લ ઓનર્સમાં નોંધાયેલા હોય તેઓ નોટિસમાં જણાવ્યા મુજબના ઠરાવ પર મત આપવા માટે હકદાર છે. કટ-ઓફ તારીખ સુધી સભ્ય ન હોય તેવી વ્યક્તિ માત્ર માહિતીના હેતુસર નોટિસની સારવાર કરવામાં આવશે. એમસીએના પરિપત્રો અનુસાર,
કંપનીએ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર મત આપવા હેતુ માટે, કંપનીએ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (હવેથી "એનએસડીએલ" અથવા "સર્વિસ પ્રોવાઇડર" તરીકે ઓળખાય છે) ની સેવાઓને ઈ-વોટિંગની સુવિધા આપવા માટે નિયુક્ત કરેલ છે, જેથી સભ્યો પોસ્ટલ બેલેટ ફોર્મ મોકલવાને બદલે ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે. ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા અને સૂચનાઓ નોટિસમાં વર્ણવવામાં આવી છે.

**રીમોટ ઇ-વોટિંગ સુવિધા નીચે મુજબની સમય સીમામાં ઉપલબ્ધ છે**

| | |
|---|---|
| રિમોટ ઈ-વોટિંગ શરૂ | ગુરુવાર, જાન્યુઆરી ૦૮, ૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ |
| રિમોટ ઈ-વોટિંગ સમાપ્ત | શુક્રવાર, ફેબ્રુઆરી ૦૬, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યે સમાપ્ત |
| ઈવિઈએન | ૧૩૮૦૯૪ |

સભ્યો નોંધ લે કે એનએસડીએલ દ્વારા રિમોટ ઈ-મતદાન મોડ્યુલને ઉપરોક્ત તારીખ શુક્રવાર, ફેબ્રુઆરી ૦૬, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ અક્ષમ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, ફિઝિકલ સ્વરૂપમાં અથવા ડીમેટ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી શકે છે.
એક વખત સભ્ય દ્વારા ઠરાવ પર મત આપવામાં આવ્યા, પછી સભ્યને તેને બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કંપની ના બોર્ડે વાજબી અને પારદર્શક રીતે ઈ-વોટિંગ પ્રક્રિયા હાથ ધરવા માટે મેંસ. પી આર ટી એન્ડ એસોસીએશન, ના પ્રોપ્રાઈટર શ્રી પ્રેમનારાયણ આર. ત્રિપાઠી, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીને સ્ક્રુટિનાઈઝર ("સ્ક્રુટિનાઈઝર") તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
પોસ્ટલ બેલોટનું પરિણામ ઈ-વોટિંગની મુદત પૂર્ણ થયા બાદ ૨ (બે) કાર્યકારી દિવસોમાં સ્ટોક એક્સચેન્જોમાં સેબી ના લિસ્ટિંગ ના નિયમો અનુસાર ફાઈલ કરવામાં આવશે. પરિણામ કંપનીની વેબસાઈટ www.axitacotton.com, એનએસડીએલ ની વેબસાઈટ www.evoting.nsdl.com પર અપલોડ કરવામાં આવશે અને સ્ટોક એક્સચેન્જ, બી.એસ.સી લીમીટેડ ની વેબસાઈટ્સ www.bseindia.com અને એન.એસ.સી લીમીટેડ ની વેબસાઈટ્સ www.nseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.
શેરધારકોને નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે કે લિસ્ટેડ કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈ-મતદાનની સુવિધા અંગેના સેબીના ડિસેમ્બર ૯, ૨૦૨૦ ના પરિપત્રના સંદર્ભમાં, ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકોને ડિપોઝિટરીઝ અને ડિપોઝિટરી પાર્ટિસિપેન્ટ્સ પાસે જાળવવામાં આવેલા તેમના ડીમેટ એકાઉન્ટ દ્વારા મતદાન કરવાની મંજૂરી છે. ઈ-મતદાન સુવિધા મેળવવા માટે શેરધારકોએ તેમના ડીમેટ ખાતામાં તેમના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ સરનામાં યોગ્ય રીતે અપડેટ કરાવેલ હોવા અનિવાર્ય છે.
આથી વધુ સૂચના આપવામાં આવે છે કે, બોનસ ઈક્વિટી શેર્સની જારી કરવા માટે હકદાર જાહેર શેરધારકોની લાયકાત નક્કી કરવા માટે, જેમને ૧:૧૦ ના પ્રમાણમાં બોનસ ઈક્વિટી શેર મળવાના છે, એટલે કે દરેક ૧૦ (દસ) મૂળ ઈક્વિટી શેર માટે ૧ (એક) બોનસ ઈક્વિટી શેર, જેની મૂલ્ય રૂ ૧/- (એક રૂપિયો માત્ર) પ્રતિ શેર છે, કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સ દ્વારા, શુક્રવાર, ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ને રેકોર્ડ તારીખ તરીકે નક્કી કરી છે ("રેકોર્ડ તારીખ").
જે મૂળ શેરધારકોના નામ, કંપનીના સભ્યોના રજીસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલ લાભાર્થીઓના રજીસ્ટરમાં, રેકોર્ડ તારીખે રજીસ્ટર્ડ થયેલ હશે, તે જ ઈક્વિટી શેરધારકોને, કંપનીના દ્વારા બોનસ ઈક્વિટી શેર આપવામાં આવશે,
જો કોઈ શેરધારકો/સભ્યોને ઈ-મતદાન અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય તો, તેઓ, શેરધારકો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) એન એસ ડી એલ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ છે તેનો નો ઉપયોગ કરી શકો છો અથવા તો તમે evoting@nsdl.co.in પર ઈ-મેઈલ લખી શકો છો અથવા અમને કૉલ કરો: - ટેલિફોન: ૧૮૦૦-૨૨૨-૯૯૦ અથવા સભ્યો કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં કંપનીના કંપની સેક્રેટરી શ્રી શ્યામસુંદર પંચાલનો પણ સંપર્ક કરી શકે છે અથવા investor.relations@axita.in પર ઈ-મેલ લખી શકે છે અથવા વધુ સ્પષ્ટતા માટે ૬૩૫૮૭૪૭૫૧૪ પર કૉલ કરી શકે છે.

**અક્ષીતા કોટન લિમિટેડ માટે**
**સહી/-**
**નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ**
**ચેરમેન અને મેનેજીંગ ડાઈરેક્ટર**
**ડીઆઈએન: ૦૬૬૨૬૬૪૬**

તારીખ: જાન્યુઆરી ૦૭, ૨૦૨૬
સ્થળ: કડી, મહેસાણા


## ટ્રાફિક પોલીસ દ્વારા વસુલવામાં આવતી દંડની આ રકમ સરકારમાં જમા થાય છે અને ટ્રાફિક સંદર્ભે સુવિધા

# ટ્રાફિક ભંગ બદલ નાગરિકો પાસેથી 413 કરોડની ઉઘરાણી

અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ નાગરિકો પાસેથી બે વર્ષમાં કુલ 413 કરોડ રૂપિયા દંડપેટે વસુલવામાં આવ્યા છે. આટલો અધધધ દંડ વસુલનાર પોલીસ કર્મચારીઓને ચૂકવાતાં પગાર કરતાં વધુ એટલે કે 413 કરોડની આવક સરકારી તિજોરીમાં થઈ છે. ટ્રાફિક પોલીસ દ્વારા વસુલવામાં આવતી દંડની આ રકમ સરકારમાં જમા થાય છે અને ટ્રાફિક સંદર્ભે સુવિધા, જનજાગૃતિ અને અકસ્માતો ઘટાડવા કાર્યવાહી કરવા માટે ગ્રાન્ટ સ્વરૂપે પરત આપવામાં આવતાં હોય છે. પણ, કમનસીબી એ છે કે, અમદાવાદમાં ટ્રાફિક દંડપેટે વસુલવાયેલા અબજો રૂપિયા પડી રહ્યા છે પણ સરકારમાંથી પરત આવવામાં વર્ષો વિતી જાય છે.

અમદાવાદમાં ટ્રાફિક પોલીસની સંખ્યા મંજૂર મહેકમ કરતાં ઓછી છે છતાં વર્ષ 2024ની સરખામણીએ દંડ વસુલાતમાં ધરખમ વધારો થયો છે. વર્ષ 2024માં અમદાવાદ ટ્રાફિક પોલીસે 21.15 લાખ વાહનચાલકો પાસેથી 151 કરોડ દંડ વસુલ્યો હતો. તો, વર્ષ 2025માં 40 લાખ વાહનચાલકો પાસેથી 262 કરોડની તોસ્તાન દંડ વસુલાત કરવામાં આવી છે. બે વર્ષમાં કુલ 413 કરોડની દંડ વસુલાત કરાઈ છે ત્યારે લોકોમાં એવી ચર્ચા છે કે, પોલીસને ચૂકવાતાં પગાર કરતાં સરકારને દંડની આવક વધુ છે.

રસ્તા ઉપર પોલીસ કર્મચારીઓને ઉભા રાખીને સામાન્ય લોકો પાસે આડેધડ દંડની વસુલાત કરવામાં આવે છે. પ્રજા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થાય તે રીતે આકરી દંડ વસુલાતના આદેશ કરવામાં આવે છે. બે વર્ષમાં 413 કરોડની દંડની આવક થઈ છે તે આ કામગીરી કરતાં પોલીસ કર્મચારીઓના પગાર કરતાં અચૂકપણે અનેકગણી વધારે હશે.

એકંદર, રસ્તા ઉપર ઓછી પોલીસ દેખાતી હોવા છતાં ટ્રાફિક પોલીસે ગત વર્ષ કરતાં દંડપેટે 111 કરોડ વધુની કમાણી સરકારને કરી આપી છે.રસ્તાઓ ઉપર વાહન ચલાવવામાં નિયમોના ભંગ બદલ પ્રતિવર્ષ અબજો રૂપિયા વસુલવામાં આવે છે તે રકમ સીધી જ ગુજરાત સરકારમાં જમા થઈ જાય છે.



આ પૈસા ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ટ્રાફિક પોલીસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક કમિટીને જુદા - જુદા હેડમાં પરત ફાળવે છે. પ્રજા પાસેથી વસુલેલા દંડના પૈસાથી રોડ એન્જિનિયરીંગ ઉપરાંત રસ્તાઓ ઉપર ઝીબ્રા ક્રોસિંગ, ટ્રાફિક સિગ્નલ, જનજાગૃતિ તેમજ ટ્રાફિક નિયમન માટે જરૂરી સાધનોની ખરીદી કરવામાં આવે છે. પરંતુ, છેલ્લા બે-ત્રણ વર્ષ દરમિયાન ટ્રાફિક દંડપેટે વસુલવામાં આવેલા પૈસા ગ્રાન્ટ સ્વરૂપે અમદાવાદ મ્યુનિ. કે અમદાવાદ પોલીસને પરત મળ્યાં નથી તેમ સૂત્રો કહે છે.

અમદાવાદ મ્યુનિ.ના સૂત્રોએ જણાવ્યું કે, શહેરના રસ્તાઓ ઉપર અકસ્માતો ઘટાડવા અને વાહનોની ગતિ મર્યાદા માટે બમ્પ ઝીબ્રા ક્રોસિંગ અને સ્ટ્રીપ્સ બનાવવા ઉપરાંત ચાર રસ્તાઓ ટ્રાફિક સિગ્નલ્સ લગાવવાની કામગીરી માટે ટ્રાફિક દંડની રકમમાંથી પચ્ચીસ ટકા શેરિંગ મ્યુનિસિપલ કોર્પોરેશનને અપાય છે. પણ, વર્ષ 2022-23થી અમદાવાદ મ્યુનિ.ને રેવન્યુ શેરિંગ મળ્યું નથી. ટ્રાફિક દંડની ગ્રાન્ટરૂપે પરત મળતી રકમમાંથી અમદાવાદ ટ્રાફિક પોલીસ સાધનોની ખરીદી અને જનજાગૃતિ કેળવવા સહિતના આયોજનો કરે છે. પણ, ગુજરાત સરકારમાંથી ગ્રાન્ટ પરત ન થવા અંગે અમદાવાદ ટ્રાફિક પોલીસના સૂત્રો મૌન સેવી રહ્યાં છે. સરવાળે, પોલીસે દંડરૂપે વસુલેલા અબજો રૂપિયા જનહિતાર્થે પરત કરવામાં સરકાર ઠાગાઠૈયા કરી રહી હોવાની છાપ ઘેરી બની રહી છે.


### ઠંડી વધતાં લોકો સ્વેચ્છાએ હેલ્મેટ પહેરવા લાગ્યા !

વર્ષ 2025ની વિદાય થઈ તે સાથે જ ઠંડીનો દોર શરૂ થયો છે. સામાન્યતઃ ડીસેમ્બર મહિનાથી ઠંડીનું પ્રમાણ વધે છે તે સાથે જ અમદાવાદમાં હેલ્મેટ પહેરવાનું પ્રમાણ વધવા લાગે છે. ચાલુ વર્ષે ઠંડી મોડી શરૂ થઈ છે તેમ છતાં ઠંડીના ડરના કારણે લોકો હેલ્મેટ પહેરવા લાગતાં ડીસેમ્બર મહિનામાં હેલ્મેટ નહીં પહેરવા બદલ પોલીસ દ્વારા વસુલાતા દંડના કિસ્સા ઘટ્યા છે.
વર્ષ 2024ની સરખામણીએ 1.18 લાખ ઓછા કેસ સાથે ડીસેમ્બર-2025માં હેલ્મેટ વગરના 1.68 લાખ લોકો પાસેથી 8.43 કરોડનો દંડ વસુલાયો હતો જે વર્ષ 2024 કરતાં 5.90 કરોડ રૂપિયા ઓછો રહેવા પામ્યો હતો. પોલીસની કડક કાર્યવાહી વચ્ચે ઠંડી વધતાં જ લોકો હેલ્મેટ પહેરવા લાગતાં ડીસેમ્બર મહિનામાં હેલ્મેટના કેસ ઘટ્યા છે.

## 3 ઝોનમાં પાણીજન્ય રોગના કેસ વધતાં અમદાવાદમાં પાણીપૂરી વેચનારા સામે હેલ્થ વિભાગની કાર્યવાહી કરવામાં આવી

અમદાવાદ | ગાંધીનગરની સાથે અમદાવાદમા પણ દક્ષિણ,પૂર્વ અને મધ્ય એમ ત્રણ ઝોનમાં પાણીજન્ય એવા ટાઈફોઈડ અને કમળા,કોલેરા અને ઝાડા ઉલટી સહિતના કેસમાં વધારો થતા કોર્પોરેશનનુ હેલ્થ વિભાગ દોડતુ થયુ હતુ. મંગળવારે શહેરના બહેરામપુરા, ગોમતીપુર સહિત અન્ય વોર્ડ વિસ્તારમાં પાણીપૂરી વેચનારા સામે હેલ્થ વિભાગે સઘન કાર્યવાહી કરી હતી.બહેરામપુરામાં અસહય ગંદકી અને મચ્છરોના ઉપદ્રવ વચ્ચે પાણીપૂરીની પુરી તૈયાર થતી હતી. ત્રણ ઝોનના વિવિધ વિસ્તારમાંથી સડેલા બટાકા,ચટણી સહિતનો ૫૪૪ કિલોગ્રામ જથ્થાનો નાશ કરાયો હતો. ઈન્દોરની જેમ જળ કાંડ ના સર્જાય એ માટે કોર્પોરેશનના હેલ્થ વિભાગની અલગ અલગ ટીમ દ્વારા જયાં પાણીપૂરી બનાવવામા આવે છે તેવા વોર્ડ વિસ્તારમાં ચકાસણી કરતા બહેરામપુરામાં જે પ્રમાણે પાણીપૂરી તૈયાર થતી હતી. હેલ્થ વિભાગના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા.બહેરામપુરા ઉપરાંત પૂર્વના ગોમતીપુર મધ્ય ઝોનમા પણ સારંગપુર, શાહીબાગ સહિતના વિવિધ વિસ્તારમા કાર્યવાહી કરાઈ હતી. મધ્યઝોનમાં ૬૪, દક્ષિણ ઝોનમાં ૫૮ અને પૂર્વ ઝોનમાં ૩૦ લારીવાળાની તપાસ કરી ૯૦ નોટિસ અપાઈ હતી.

## દૂષિત પાણીને લીધે અમદાવાદમાં એક મહિનામાં ટાઈફોઈડના 180 કેસ, પાણીના 17 સેમ્પલ અનફીટ



અમદાવાદ | અમદાવાદ પૂર્વ, દક્ષિણ અને મધ્યઝોનમાં પ્રદૂષિત પાણીની સૌથી વધુ સમસ્યા છે. પ્રદૂષિત પાણીના કારણે શહેરમા એક મહિનામા ટાઈફોઈડના 180 કેસ નોંધાયા હતા. અમરાઈવાડી વોર્ડમાં કોલેરાનો એક કેસ નોંધાયો હતો. કોર્પોરેશન તરફથી આપવામા આવતા પાણીના 17 સેમ્પલ અનફીટ જાહેર કરાયા હતા.શહેરમાં ડિસેમ્બરમા ઝાડા ઉલટીના 239 અને કમળાના 149 કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય ડેન્ગ્યૂના 61, મેલેરિયાના 13 અને ઝેરી મેલેરિયાના 6 કેસ નોંધાયા હતા. કોર્પોરેશન તરફથી શહેરના વિવિધ વિસ્તારમાં પાણી પુરુ પાડવામા આવે છે. બેકટેરીયોલોજીકલ તપાસ માટે એક મહિનામાં 7108 પાણીના સેમ્પલ લેવાયા હતા.


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

No. DRM/TRD/BVP/2025-26/01 DATE : 06.01.2026

**વિવિધ સેક્શનો ની ઓએચઈ જાળવણી**
**(પાવર બ્લોક અને નોન પાવર બ્લોક પ્રવૃત્તિઓ)**

**ટેન્ડર નં. ૦૭-ટીઆરડીબીવીપી-૨૦૨૫-૨૬R૨**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

**કામનું નામ:** ધોળા-ભાવનગર ટર્મિનસ-પાલીતાણા, રાજુલા-મહુવા, ઢસા-જેતલસર, કાનાલૂસ-પોરબંદર, જેતલસર-વાંસજાળીયા અને રાજકોટ-સોમનાથ સેક્શનો ની ૨ વર્ષો માટે ઓએચઈ જાળવણી (પાવર બ્લોક અને નોન પાવર બ્લોક પ્રવૃત્તિઓ)

**ટેન્ડર રકમ:** ₹ ૩,૫૯,૦૯,૭૨૮.૯૪/- | **ટેન્ડર ફી:** શૂન્ય,

**ઈએમડી રકમ:** ₹ ૩,૨૯,૬૦૦/-

**સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩.

બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: ૨૮-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-236

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**ASSAM RIFLES**
OFFICE OF THE DIRECTOR GENERAL, ASSAM RIFLES, SHILLONG - 793010

**ASSAM RIFLES MERITORIOUS SPORTSPERSONS RECRUITMENT RALLY 2026**

1. Online applications are invited from Indian Nationals Male & Female both as prescribed in detail advertisement to fill up **95 vacancies** in Rifleman/Riflewomen General Duty posts in the Assam Rifles against Meritorious Sportspersons Recruitment Rally 2026.
2. Last date of receipt of applications for all candidates is **09 Feb 2026**. Please login to official website of the Assam Rifles **www.assamrifles.gov.in** to access the online Application Form. The online SERVER will start functioning from **10 Jan 2026**.
3. **Eligibility Criteria:** Age Limit, Education Qualification, Qualitative Requirements, Relaxation in Age, Physical Standards etc and other instructions are furnished in detailed advertisement available at official website of the Assam Rifles **www.assamrifles.gov.in** and Employment News dated **10 Jan 2026**.
4. **How to apply:** Applications will be accepted through online mode only. To apply, fill up the online application by clicking on **"ONLINE APPLICATION"** option and follow the instructions given on the Online Application portal of the website. The online applications portal will remain functional till last date of submission of online Application Form.
5. Candidates to undergo Physical Standard Test (PST), Motor Ability Test (MAT), Field Trials in respective sports and Medical Examination at own risk and expense. Injuries including fatal due to the test during recruitment rally and transit will not be compensated in any matter by the Govt or Assam Rifles.
6. Assam Rifles reserves the right to make any changes in the advertisement or cancel it without assigning any reasons.

*Sd/-* **(N Toshi)**
Lt Col, SO-2 (Rect)
For Brigadier (Personnel)


## આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંઘ દ્વારા દાહોદ જિલ્લાના સિંઘવડ તાલુકાના પોલીસ મથકની મુલાકાત લેવામાં આવી



દિપક રાવલ | દાહોદ | આજરોજ તારીખ 7/1/2026 ના રોજ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંઘ દ્વારા દાહોદ જિલ્લાના સિંઘવડ તાલુકાના પોલીસ મથકની મુલાકાત લેવામાં આવી આ મુલાકાતમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી રાજેશભાઈ ચામઠા ગુજરાત પ્રદેશ મહિલા સચિવ શ્રી નીલમબેન કિશોરી મધ્ય ગુજરાત ના પ્રભારી શ્રી રતનસિંહ અને દાહોદ જિલ્લાના પ્રભારી શ્રી મિતેશભાઈ બારીયા તેમજ સ્થાનિક દાહોદ જિલ્લાના અને સિંગવડ તાલુકાના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન સિંગવડ તાલુકાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ની મુલાકાત લેવામાં આવી અને સિંગવડ તાલુકાના વિવિધ પ્રશ્નો બાબતે તેઓને રજૂઆત કરવામાં આવી અને સિંગવડ તાલુકાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર નાઓ દ્વારા ખૂબ જ પોઝિટિવ અને સકારાત્મક જવાબ તેમજ આશ્વાસન આપતા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી અને ગુજરાત પ્રદેશ મહિલા મહા સચિવ શ્રી નીલમબેન કિશોરી દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## ઈજનેરી વિભાગ – ભાવનગર મંડળમાં સુરક્ષા અને આધારભૂત માળખાના ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ

નરેન્દ્ર દવે | જૂનાગઢ | ભાવનગર મંડળ દ્વારા વર્ષ 2025 દરમિયાન રેલ સુરક્ષાને મજબૂત બનાવવા તથા મુસાફર સુવિધાઓના વિસ્તરણ માટે અનેક મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે. ભાવનગર મંડળમાં લેવલ ક્રોસિંગ દૂર કરવું, આરઓબી/આરયુબી નિર્માણ, ફૂટ ઓવર બ્રિજ, બાઉન્ડ્રી વોલ, ટ્રેક મેન્ટેનેન્સ તેમજ અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત વિકાસ કાર્યોમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે.લેવલ ક્રોસિંગ દૂર કરવું અને આરઓબી/આરયુબી નિર્માણ વર્ષ 2025 દરમિયાન કુલ 16 લેવલ ક્રોસિંગ આરઓબી/આરયુબી નિર્માણ, રોડ ટ્રાફિક ડાયવર્ઝન તથા સીધી બંધ પ્રક્રિયા દ્વારા દૂર કરવામાં આવ્યા છે. ઉપરાંત 5 આરયુબી અને 1 આરઓબીનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે, જેના કારણે રોડ અને રેલ ટ્રાફિકની સુરક્ષામાં નોંધપાત્ર સુધારો થયો છે.મે 2025માં સિહોર જંકશન પર એક નવું ફૂટ ઓવર બ્રિજ (FOB) પૂર્ણ કરી મુસાફરોને સમર્પિત કરવામાં આવ્યું. ઉપરાંત મંડળના વિવિધ સ્ટેશનો (જેતલસર, માલિયા હાટીના, સોનગઢ, ચોરવાડ રોડ, લીંબડી, ધોળા, ભાણવડ, જામજોધપુર, બોટાદ, કેશોદ, ગોંડલ અને સાવરકુંડલા) પર 12 નવા FOB પ્રસ્તાવિત/નિર્માણાધીન છે. ગાંધીગ્રામ અને વસ્ત્રાપુર સહિત અનેક સ્ટેશનો પર કવર શેડનું નિર્માણ પૂર્ણ થયું છે તથા અન્ય સ્ટેશનો પર કામ પ્રગતિ પર છે.માનનીય પ્રધાનમંત્રી દ્વારા 22 મે 2025ના રોજ ભાવનગર મંડળના મહુવા, રાજુલા જંકશન, જામજોધપુર, સિહોર જંકશન, લીંબડી અને પાલીતાણા અમૃત સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

## સોમનાથ સ્વાભિમાન પર્વ : સોમનાથ મંદિરનું પુનઃનિર્માણએ વિનાશના પ્રયાસ પર નિર્માણ ના વિજયની ગાથા

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢ તા.૭ ભારતીય આધ્યાત્મિકતા અને સંસ્કૃતિના ઉચ્ચતમ શિખર એવા સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ તત્કાલીન નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલની દ્રઢ સંકલ્પ અને પ્રેરણાથી સાકાર થયું છે. સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ અનેક મુશ્કેલીઓ અને પડકાર વચ્ચે સરકારી ખર્ચે નહીં પણ લોક ફાળા- જન ભાગીદારીથી થયું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ જ્યારે અમદાવાદ ખાતે તેમના આખરી જન્મદિવસની ઉજવણી પ્રસંગે અન્ય ખર્ચ ન કરવા અને સોમનાથના મંદિરના નિર્માણ માટે લોક ફાળો એકત્ર કરવાની ટહેલ પણ નાખી હતી. આ પૂર્વે પણ સરદારની પ્રેરણાથી તત્કાલીન જામનગરના મહારાજા દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રથમ ૧.૫૧ લાખનું ટ્રસ્ટને દાન આપ્યું હતું.

### શહેરીજનો માટે ૧૧મી જાન્યુઆરીએ નિઃશુલ્ક સોમનાથ યાત્રાનું આયોજન

ગીર સોમનાથ વહીવટી તંત્ર દ્વારા સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી તા.૧૧/૦૧/૨૦૨૬ના રોજ માન. પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જૂનાગઢ શહેરના શહેરીજનોને જોડાવા માટે જૂનાગઢ મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા નિઃશુલ્ક સોમનાથ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આજથી અનેક વર્ષો પહેલાં ઈ.સ. ૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર આક્રમણ કર્યું હતું, જેને આજે ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ સાથે જ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો જે સંકલ્પ લીધો હતો.

### ભવનાથ સહિતના શિવ મંદરોમાં ત્રણ દિવસ સુધી ઓમકાર જાપ મંત્ર

સોમનાથ સ્વાભિમાન પર્વ અતૂટ આસ્થાના 1000 વર્ષ નિમિત્તે આવતી કાલથી સોમનાથમાં ત્રણ દિવસ સુધી શિવ વંદના સહિતના ભવ્ય કાર્યક્રમ યોજવાના છે. તા. 10 અને 11મી ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમોનું આયોજન થયું હોય સોમનાથની સાથે સાથે જૂનાગઢ જિલ્લામાં પણ શિવ આરાધનાના કાર્યક્રમોનું આયોજન થયું છે.જૂનાગઢના ભવનાથ મંદિર, ભુતનાથ મંદિર તેમજ બીલખામાં રાવતેશ્વર મંદિર તેમજ કેશોદમાં નીલકંઠ મહાદેવના મંદિર સહિત જિલ્લાના વિવિધ શિવ મંદિરોમાં આવતી કાલથી ત્રણ દિવસ સુધી અખંડ ઓમકાર જાપ વિશેષ પૂજા અર્ચના સહિત શિવ આરાધના કરવામાં આવશે.

## જીવનદાન મહાકુંભ 2026 અંતર્ગત ડાંગમાં ચાર જગ્યાએ રક્તદાન શિબિર

ડાંગ | માનવ જીવનમાં દાનનું મહત્વ અનમોલ છે, પરંતુ જે દાનથી કોઈનું આયુષ્ય બચે છે, તે રક્તદાન સર્વશ્રેષ્ઠ પુણ્ય ગણાય છે.નાનીજધામનાં જગતગુરુ શ્રીમદ રામાનંદાચાર્ય નરેન્દ્રાચાર્યજીની પ્રેરણાથી આવતીકાલે તારીખ 9 અને 10 ના રોજ ડાંગના સાપુતારાનાં સાંઈ મંદિર ખાતે અને સાકરપાતળનાં બજાર ફળીયા ખાતે તેમજ આહવામાં ડાંગ સેવા મંડળ ગ્રાઉન્ડ અને પીપલદહાડમાં બજાર ફળીયા ખાતે રક્તદાન શિબિર યોજાશે.ડાંગ જિલ્લાનાં શ્રી રામાનંદાચાર્ય સંપ્રદાય દ્વારા આ શિબિર 'મેરા રક્તદાન સમાજ કે નામ' ની ભાવના સાથે લોકો ને મોટી સંખ્યામાં રક્તદાન કરવા માટે પ્રેરણા આપવામાં આવી છે આ રક્તદાન શિબિર સવારે 8 થી સાંજે 6 સુધી યોજાશે.જેમાં રક્તદાન કરવા અનુરોધ કર્યો છે..

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### પુણા વિસ્તારમાં હાઈટેક લેબોરેટરી ઝડપાઈ, ૩ શિક્ષિત યુવાનો જાતે જ બનાવતા હતા 'ક્રિસ્ટલ મેથ' ડ્રગ્સ

# સુરતમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરી પકડાઈ, SOGનો દરોડો

(એજન્સી) સુરત | તા. 07

સુરત શહેરને નશામુક્ત કરવાના 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી' અભિયાન હેઠળ સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને એક ચોંકાવનારી સફળતા મળી છે. શહેરના પુણા વિસ્તારમાં એક સામાન્ય રહેણાંક મકાનની આડમાં ચાલતી હાઈટેક ડ્રગ્સ લેબોરેટરીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ લેબમાં કોઈ રીઢા ગુનેગારો નહીં પરંતુ ત્રણ શિક્ષિત યુવાનો ભેગા મળીને ભયાનક 'ક્રિસ્ટલ મેથ' (MD) ડ્રગ્સ તૈયાર કરી રહ્યા હતા.

#### જાતે જ ડ્રગ્સ બનાવવાનું નેટવર્ક

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ યુવાનો કેમિકલ પ્રોસેસ દ્વારા હાઈ-ક્વોલિટી ક્રિસ્ટલ બેઝ MD ડ્રગ્સ તૈયાર કરતા હતા. આશ્ચર્યની વાત એ છે કે તેઓ માત્ર ડ્રગ્સ વેચતા જ નહોતા, પરંતુ તેની બનાવટ પણ જાતે જ કરતા હતા.

મોડસ ઓપરેન્ડી: શંકા છે કે આ યુવાનો ઓનલાઈન માધ્યમો અથવા ડાર્ક વેબના સ્ત્રોતો દ્વારા ડ્રગ્સ બનાવવાની જટિલ રીતો શીખ્યા હતા.

વેચાણ: તેઓ આ ઝેર બનાવીને સુરતના વિવિધ વિસ્તારોમાં યુવાધનને વેચવાનું મોટું નેટવર્ક ચલાવી રહ્યા હતા.







#### SOG ના દરોડામાં શું મળ્યું?

SOG પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને સ્થળ પરથી આખેઆખી લેબોરેટરી કબજે કરી છે. પોલીસે નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે:

મોટી માત્રામાં ડ્રગ્સ બનાવવા માટેના વિવિધ કેમિકલ્સ. ગ્લાસવેર અને હાઈટેક સાધનો. તૈયાર થયેલું ક્રિસ્ટલ મેથ ડ્રગ્સનો જથ્થો. કાચો માલ અને પેકિંગના સાધનો.

પોલીસે આ કેસમાં ૩ યુવાનોની સ્થળ પરથી જ ધરપકડ કરી છે. આ ડ્રગ્સની ગુણવત્તા અને બંધારણની તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ની મદદ લેવામાં આવી રહી છે. હવે પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે ડ્રગ્સ બનાવવા માટેના પ્રતિબંધિત કેમિકલ્સ તેમને કોણ સપ્લાય કરતું હતું અને અત્યાર સુધીમાં તેમણે કેટલા યુવાનોને આ મોતનું ઝેર પીરસ્યું છે.

## નર્મદા કેનાલમાં ડૂબી જવાની ઘટના: 20 કિમી દૂરથી શિક્ષકની લાશ મળી



વડોદરા | હાલોલ-વડોદરા ટોલ રોડ પર ખંડીવાડા ગામ પાસેની નર્મદા મુખ્ય કેનાલમાં ગત રવિવારે રાત્રે ડૂબી ગયેલા વડોદરાની ખાનગી સ્કૂલના બે શિક્ષકો પૈકી એકની લાશ મંગળવારે બપોરે મળી આવી છે. ઘટનાના ત્રીજા દિવસે ૨૦ કિલોમીટર દૂર પંચમહાલના કાલોલ તાલુકાના સમા ગામ પાસેથી રાહુલ યાદવનો મૃતદેહ તરતી હાલતમાં મળી આવ્યો હતો. જોકે, અન્ય એક શિક્ષક શુભમ પાઠક હજુ પણ લાપત્તા હોવાથી તંત્ર દ્વારા તેની શોધખોળ તેજ કરવામાં આવી છે. પગ ધોવા ઉતરતા સર્જાયો અકસ્માત ઘટનાની વિગતો મુજબ, વડોદરાની ફિનિક્સ સ્કૂલના ચાર મિત્રો રવિવારે કારમાં પાવાગઢ દર્શન કરવા ગયા હતા. રાત્રે પરત ફરતી વખતે ખંડીવાડા કેનાલ પાસે તેઓ થોડીવાર રોકાયા હતા. આ દરમિયાન રાહુલ યાદવ કેનાલમાં પગ ધોવા માટે ઉતર્યો હતો, પરંતુ અચાનક પગ લપસી જતાં તે પાણીના જોરદાર વહેણમાં તણાવા લાગ્યો હતો. મિત્રને બચાવવા માટે શુભમ પાઠકે પણ કેનાલમાં ઝંપલાવ્યું હતું, પરંતુ કમનસીબે બંને પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

## વડોદરામાં રક્ષિત કાંડ જેવી ઘટનાનું પુનરાવર્તન: સમામાં બેફામ કારચાલકે ત્રણને ઉડાવ્યા

(એજન્સી) વડોદરા | તા. 07

સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર બેફામ ગતિએ દોડતા વાહને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂક્યા છે. શહેરના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પાસે મંગળવારે એક કારચાલકે માતેલા સાંઢની જેમ વાહન હંકારી ત્રણ લોકોને અડફેટમાં લીધા હતા. આ ઘટનાએ કારેલીબાગના કુખ્યાત 'રક્ષિત કાંડ'ની યાદ અપાવી દીધી હતી, જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.






૧૨૦ની ઝડપે આવેલી કારે મચાવ્યો આતંક સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, કારચાલક સમા અભિલાષા ચાર રસ્તા તરફથી અંદાજે ૧૧૦ થી ૧૨૦ કિમીની ભયાનક ઝડપે આવી રહ્યો હતો. તેણે સૌ પ્રથમ રસ્તા પર ઉભેલા શાકભાજીની લારીવાળાને ટક્કર મારી હતી, જેના કારણે શાકભાજી રસ્તા પર વેરવિખેર થઈ ગયું હતું. ત્યારબાદ કારચાલકે એક બાઈક સવાર અને એક એક્ટિવા સવાર મહિલાને પણ જોરદાર ટક્કર મારી ફંગોળી દીધા હતા. અકસ્માત સર્જીને કારચાલક રાત્રી બજાર તરફ ફરાર થઈ ગયો હતો. પોલીસ તપાસ અને સીસીટીવી ફૂટેજ ઘટનાની જાણ થતા જ સમા પોલીસની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્તોને ગંભીર ઈજાઓ પહોંચી નથી અને તેમની હાલત સ્થિર છે. પોલીસ અત્યારે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે જેથી કારનો નંબર અને ચાલકની ઓળખ કરી શકાય.

## વિદેશ જવાના નામે છેતરપિંડી: કોર્ટ કેસમાં વિલંબથી કંટાળી બોરીયાદના યુવાનનો આપઘાત

(એજન્સી) વડોદરા | તા. 07

ડભોઈ તાલુકાના બોરીયાદ ગામમાં એક ૨૮ વર્ષીય યુવાને વિદેશ જવાના નામે થયેલી છેતરપિંડી અને ત્યારબાદ ન્યાય મેળવવામાં થતા વિલંબથી કંટાળીને ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. ભાવેશ પ્રજાપતિ નામના આ યુવાને મલેશિયા જવા માટે એક એજન્ટને મોટી રકમ આપી હતી, પરંતુ એજન્ટે તેને વિદેશ મોકલ્યો નહોતો અને નાણાં પણ પરત આપતો નહોતો. આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા યુવાને આત્યંતિક પગલું ભર્યું છે.



પૈસા પરત ન મળતા આર્થિક અને માનસિક દબાણ મૃતક ભાવેશના પિતા જયેશભાઈ પ્રજાપતિ ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ભાવેશે મલેશિયા જઈ પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવાનું સપનું જોયું હતું. જોકે, એજન્ટ સાથેની છેતરપિંડી બાદ તેણે કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, કોર્ટમાં કેસ લાંબા સમય સુધી ચાલતો રહ્યો અને કોઈ નક્કર નિર્ણય ન આવતા ભાવેશ ઊંડી હતાશામાં સરી પડ્યો હતો. ગઈકાલે રાત્રે જ્યારે તે ઘરમાં એકલો હતો ત્યારે તેણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

પોલીસ તપાસ અને પરિવારમાં આક્રંદ ઝેરની અસર થતા ભાવેશને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ડભોઈ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે તે એજન્ટની ઓળખ કરવા અને કેટલા નાણાંની છેતરપિંડી થઈ હતી તેની વિગતો મેળવવા તપાસ તેજ કરી છે.

## ડભોઈ-એકતાનગર સેક્શનમાં મેમૂ ટ્રેનો રદ્દ: તિલકવાડા સ્ટેશન પર બ્લોકથી મુસાફરોને હાલાકી

(એજન્સી) વડોદરા | તા. 07

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ દ્વારા મુસાફરો માટે મહત્વની સૂચના જાહેર કરવામાં આવી છે. ડભોઈ-એકતાનગર સેક્શનમાં આવેલા તિલકવાડા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગની કામગીરી માટે બ્લોક લેવામાં આવનાર છે. આ કામગીરીને પગલે પ્રતાપનગર અને એકતાનગર વચ્ચે દોડતી કેટલીક મેમૂ ટ્રેનો આગામી ૧૦ જાન્યુઆરી સુધી જુદી જુદી તારીખોએ રદ્દ રહેશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે જતા પ્રવાસીઓને આ ફેરફારની નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.



રદ્દ રહેનારી ટ્રેનોની વિગત રેલવે પ્રશાસન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ટ્રેન નં. 69203 અને 69204 (પ્રતાપનગર-એકતાનગર-પ્રતાપનગર) તા. 7, 8 અને 10 જાન્યુઆરીએ રદ્દ રહેશે. આ ઉપરાંત, ટ્રેન નં. 69202 અને 69205 પણ ૧૦ જાન્યુઆરીના રોજ સંપૂર્ણપણે રદ્દ કરવામાં આવી છે. ટેકનિકલ કામગીરીના કારણે લેવાયેલા આ બ્લોકને લીધે મુસાફરોએ વૈકલ્પિક વ્યવસ્થાનો સહારો લેવો પડશે. ઉત્તરાયણ પર્વે જીવલેણ અકસ્માતથી બચવા અપીલ બીજી તરફ, ઉત્તરાયણ પર્વ નજીક હોવાથી વડોદરા રેલવે વિભાગે નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરી છે. રેલવે ટ્રેક પરથી પસાર થતા ૨૫,૦૦૦ વોલ્ટના ઓવરહેડ ઈલેક્ટ્રિક વાયર અત્યંત જોખમી હોય છે. પતંગની દોર આ વાયર સાથે ફસાતા જીવલેણ વીજ કરંટ લાગવાનો ભય રહે છે. રેલવેએ વાલીઓને વિનંતી કરી છે કે તેઓ બાળકોને રેલવે લાઈન નજીક પતંગ ન ઉડાવવા દે, કારણ કે તેનાથી માત્ર જાનહાનિ જ નહીં પરંતુ ટ્રેન વ્યવહારમાં પણ વિક્ષેપ પડી શકે છે.

## તાલાલા નજીક ટ્રિપલ અકસ્માત: લગ્નની ખરીદી કરી પરત ફરતા કાકા-ભત્રીજાનું કરુણ મોત



તાલાલા ગીર | ગીર પંથકમાં આજે બપોરે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. તાલાલાથી ૧૦ કિલોમીટર દૂર માધુપુર અને સુરવા ગીર ગામ વચ્ચે એક બેફામ ગતિએ આવતા આઈસર ટ્રકે બાઈક અને છકડો રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ ત્રિપલ અકસ્માતમાં જાવંત્રી ગીર ગામના કાકા-ભત્રીજા અને એક રિક્ષાચાલક સહિત કુલ ત્રણ લોકોના કરુણ મોત નીપજ્યા છે. વાહનોનો બુકડો બોલી ગયો હતો અને ઈજાગ્રસ્તો રોડ પર ફંગોળાયા હતા. લગ્નના હરખ શોકમાં ફેરવાયા દુઃખદ બાબત એ છે કે, મૃતક દિક્ષિત વાડોદરીયાના લગ્ન આગામી ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નક્કી થયા હતા. તે પોતાના કાકા પ્રભુદાસભાઈ સાથે તાલાલા ખાતે લગ્નની ખરીદી કરવા આવ્યો હતો. ખરીદી પતાવીને હરખભેર ઘરે પરત ફરી રહેલા કાકા-ભત્રીજાને માર્ગમાં જ કાળ આંબી ગયો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ અકસ્માતમાં રિક્ષાચાલક કિશોરભાઈ મારડિયાનું પણ મોત થયું છે, જ્યારે તેમના પત્ની અને પુત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે વેરાવળ ખસેડવામાં આવ્યા છે.

# નાગપુરના લીલાબેનના અંગદાનથી અમદાવાદ સિવિલને 1 લીવર, 2 કીડનીનું અંગદાન મળ્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સિવિલ હોસ્પિટલમાં થયેલ આ અંગદાનની વિગતો જણાવતા સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશે જણાવ્યું હતું કે, ઉમરેડ નાગપુર મહારાષ્ટ્રના રહેવાસી એવા 56 વર્ષીય લીલાબેન રોત વિરમગામ ખાતે દીકરીને મળવા આવેલ જ્યાં તારીખ 03.01.2025 ના રોજ મગજ માં હેમરેજ થતા સારવાર માટે પ્રથમ વિરમગામની સપામ હોસ્પિટલ અને ત્યારબાદ તા. 04.01.2025 ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ આવેલ. સિવિલ હોસ્પિટલ અમદાવાદ માં સારવાર દરમ્યાન ફરજ પરના ડોક્ટરોએ લીલાબેન તારીખ 06.01.2025 ના રોજ બ્રેઈન ડેડ હોવાનુ નિદાન કર્યુ.

સિવિલ હોસ્પિટલ અંગદાન ટીમ દ્વારા તેમના દીકરા દીકરીને લીલાબેન બ્રેઈન ડેડ હોવાનુ તેમજ તેમના અંગો નુ દાન કરવા સમજાવ્યા હતા. પિતાની ગેરહાજરીમાં આવી કઠિન પરિસ્થિતિ માં માતાના અંગદાન અંગેનો નિર્ણય લેવો બાળકો માટે ખૂબ જ કપરો હતો. સિવિલ હોસ્પિટલ દ્વારા અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ ના દીલીપ દેશમુખ દાદાનો સંપર્ક કરતા તેમણે જાતે આવી પિતા વિહીન બાળકોને લીલાબેનની બ્રેનડેડ પરિસ્થિતિ તેમજ અંગદાન કરવા સમજાવી અંગદાન માટે સંમતિ મેળવી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ 224 અંગદાન થકી કુલ 742 અંગોનું દાન મળ્યું છે. આમ જોઈએ તો 164 ચક્ષુ તેમજ 30 ચામડીના દાન મળી કુલ 194 પેશી ઓ સાથે કુલ 936 અંગો તેમજ પેશીઓનુ દાન સિવિલ હોસ્પિટલ દ્વારા આજદીનસુધી મેળવવામાં આવ્યુ છે તેમ ડૉ.જોષી એ વધુ માં જણાવ્યુ હતુ. આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધી 198 લીવર, 412 કીડની, 18 સ્વાદુપિંડ, 72 હૃદય, 6 હાથ, 34 ફેફસાં, 2 નાનાં આંતરડાં, 164 ચક્ષુ તથા 30 ચામડીનું દાન મળ્યુ છે.



### બેન્ક ઓફ ઈન્ડિયાના નામે ઠગાઈ

# વડોદરાના નિવૃત્ત બેંક મેનેજરે ગુમાવ્યા 25.48 લાખ રૂપિયા

(એજન્સી) વડોદરા | તા. 07

સાયબર ઠગો હવે બેંકિંગ ક્ષેત્રના નિષ્ણાતોને પણ પોતાની જાળમાં ફસાવી રહ્યા હોય તેવો ચોંકાવનારો કિસ્સો વડોદરામાં પ્રકાશમાં આવ્યો છે. શહેરના દિવાળીપુરા વિસ્તારમાં રહેતા ૮૫ વર્ષીય નિવૃત્ત બેંક મેનેજર સજન કુમાર શાહ સાથે બેંક ઓફ ઈન્ડિયા (BOI) ના નામે રૂ. ૨૫.૪૮ લાખની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. લાઈફ ટાઈમ ફ્રી ક્રેડિટ કાર્ડ મેળવવાની લાલચમાં તેઓએ પોતાની જીવનભરની કમાણી ગુમાવવી પડી છે.

વોટ્સએપ મેસેજ અને ઘાતક લિંક ઘટનાની વિગતો મુજબ, ૧૧ ઓગસ્ટના રોજ સજન કુમારને વોટ્સએપ પર એક મેસેજ મળ્યો હતો, જેમાં નિવૃત્ત બેંક અધિકારીઓને ૫ લાખની લિમિટ વાળું ક્રેડિટ કાર્ડ આપવાની ઓફર હતી. ઠગોએ વિશ્વાસ જીતવા માટે 'બેંક ઓફ ઈન્ડિયા'ના નામે જ વાતચીત શરૂ કરી હતી. જ્યારે ફરિયાદીએ રસ દાખવ્યો, ત્યારે તેમને 'BOI ક્રેડિટ વેરિફિકેશન.એપીકે' નામની એક ફાઈલ મોકલવામાં આવી હતી. જેવી સજન કુમારે આ લિંક પર ક્લિક કરી વિગતો ભરી, તેમનો ફોન સાયબર ઠગોના કંટ્રોલમાં આવી ગયો હતો.

૯ ટ્રાન્ઝેક્શનમાં ખાતું સાફ લિંક સબમિટ કર્યા બાદ ફરિયાદીના મોબાઈલ પર સતત ઓટીપી આવવા લાગ્યા હતા. બીજા દિવસે બેંકમાં તપાસ કરતા માલૂમ પડ્યું કે, ઠગોએ તેમના એકાઉન્ટમાંથી કુલ ૯ ટ્રાન્ઝેક્શન કરીને ૨૫,૪૮,૦૦૦ રૂપિયા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ મામલે વડોદરા સાયબર સેલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સાયબર એક્સપર્ટ્સનું કહેવું છે કે કોઈ પણ અજાણી 'APK' ફાઈલ ઈન્સ્ટોલ કરવાથી ફોન હેક થઈ શકે છે, જેનાથી બેંકિંગ એપના ડેટા ચોરાઈ જાય છે.

## રાજકોટ કોર્ટને બોમ્બની ધમકી: ત્રણ કલાકના સર્ચ બાદ ઈમેઈલ પોકળ સાબિત થયો





રાજકોટ | રાજકોટના જામનગર રોડ પર આવેલી નવી કોર્ટ બિલ્ડિંગને આરડીએક્સ (RDX) થી ઉડાડી દેવાની ધમકી મળતા સમગ્ર સંકુલમાં અફરાતફરી મચી ગઈ હતી. બુધવારે સવારે કોર્ટના સત્તાવાર ઈમેઈલ આઈડી પર એક ધમકીભર્યો પત્ર મળ્યા બાદ એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે તત્કાળ કાર્યવાહી કરી વકીલો અને જ્યુડિશિયલ ઓફિસરોને સુરક્ષિત બહાર કાઢી આખી ઈમારતનું ખૂણેખૂણે ચેકિંગ હાથ ધર્યું હતું. અંતે ત્રણ કલાકની તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા આ ધમકી પોકળ સાબિત થઈ હતી.

# ભુજ તાલુકાના મખણા-કોડકી ગામના વિવિધ સમાજના આગેવાનો દ્વારા દારૂ બંધી કરાવવા માટે મિટિંગ યોજાઈ

(એજન્સી) ભુજ | તા. 07

ભુજ તાલુકાના કોડકી ગામે તા. ૬ જાન્યુઆરીના સાંજે મહેશ્વરીવાસ માં સામાજિક આગેવાન રવજીભાઈ રાજાભાઈ સીજુ ની આગેવાની હેઠળ એક મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખાસ કરીને મખણા અને કોડકી માં દેશી દારૂ ના નામે કેમિકલ (ઝેર) વહેંચાઈ રહ્યું છે. જેને બંધ કરાવવા લોકો ને જાગૃત કરવામાં આવ્યા હતા. આગેવાન દ્વારા જાણવામાં આવ્યું હતું કે બુટલેગરો વધારે પૈસા કમાવાની લાલચ અને પોતાના અંગત સ્વાર્થ માટે લોકોની જાન થી ખીલવાળ કરી રહ્યા છે. દેશી દારૂ ને વધુ નસીલો બનાવવા માટે ખેતીવાડી માં વપરાતા યુરિયા ખાતર અને ગાયોને અપાતા ઈન્જેકશન મિક્ષણ કરી દારૂ ના નામે ઝેર વહેંચી રહ્યા છે. જેના કારણે સ્વાસ્થ્ય બગડે છે.

આ કેમિકલ વાળું દેશી દારૂ પી ને માણસ બીમાર પડે છે. લીવર કિડની ફેફસા ને આ દારૂ નુકસાન કરે છે. નાની ઉમરે માણસ આ દારૂ થી બીમાર પડી ને અંતે મરણ પામે છે. વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત માં દારૂ બંધી છે. તેમ છતાં પણ ખુલ્લેઆમ દારૂ વહેંચાય છે. પોલીસ તંત્ર ની ક્યાંક ને ક્યાંક ઢીલી કામગીરી જવાબદાર છે.? અથવાતો હપ્તા લેવાતા હશે.? તેવા સવાલો ઉભા થાય છે . ત્યારે ખાસ કરીને મખણા અને કોડકી માં આ દેશી દારૂની ચાલતી હટાડીઓ બંધ કરાવવા પોલીસ ને જાગૃતિ કરવાની આપણા સૌની ફરજ છે. જેના કારણે આજે ૧૫-૧૭ વર્ષ ના બાળકો પણ આ દારૂ ના રવાડે ચડ્યા છે. ત્યારે તેનું ભવિષ્ય અને જાન જોખમ માં છે.



વહેલી તકે મખણા કોડકી માં દારૂ ની ચાલતી હાટડીઓ બંધ કરવામાં આવે અને દારૂ બંધી ના કાયદાનું કડક અમલ કરવામાં આવે તેવી અપીલ છે. અન્યથા સર્વે સમાજના આગેવાનો સાથે જનતા રેડ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ત્યારે આ મિટિંગ માં સામાજિક આગેવાન રવજીભાઈ રાજાભાઈ સીજુ, નારણભાઈ સોના રબારી સરપંચ કોડકી, જેસાભાઈ નથુ રબારી સરપંચ મખણા, સામત આલા બડગા ઉ.પ સરપંચ મખણા, રામજીભાઈ મહેશ્વરી, શામજીભાઈ મહેશ્વરી, ધનજીભાઈ મહેશ્વરી, ગભાભાઈ મહેશ્વરી, હરજીભાઈ મહેશ્વરી, હમીરભાઈ બડગા, જગદીશભાઈ સીજુ, વેરશીભાઈ બડગા, અલીમામદ ખલીફા, અરવિંદભાઈ કોલી, રમેશભાઈ કોલી, મહેશભાઈ સીજુ, બાબુલાલ બડગા, વેલાભાઈ રબારી, મોહનભાઈ ગરવા વગેરે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

### બીસીએ સત્તાધીશો અને વિપક્ષ વચ્ચે તારીખ મુદ્દે વિવાદ વકર્યો

# બરોડા ક્રિકેટ એસો.ની ચૂંટણીનું નોટિફિકેશન જાહેર: 15 ફેબ્રુ.એ જંગ

(એજન્સી) વડોદરા | તા. 07

બરોડા ક્રિકેટ એસોસિયેશનના સંચાલન માટે આગામી ટર્મની ચૂંટણીનું સત્તાવાર નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવ્યું છે. વડોદરાના ક્રિકેટ પ્રેમીઓ અને સભ્યો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ચૂંટણી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાશે. ચૂંટણી પ્રક્રિયા વડોદરાના શાસ્ત્રી બ્રિજ પાસે આવેલા રામબાગ ખાતે સંપન્ન થશે. મતદાન પૂર્ણ થયા બાદ તે જ દિવસે સાંજે મતગણતરી શરૂ થશે અને ૧૬ ફેબ્રુઆરીએ સત્તાવાર પરિણામોની જાહેરાત કરવામાં આવશે. ચૂંટણીની તારીખ અને નિયમો જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, મતદાનનો સમય સવારે ૯ થી બપોરે ૪ વાગ્યા સુધીનો રહેશે. મતદાન કરવા આવતા તમામ સભ્યો માટે BCA દ્વારા માન્ય ઓળખ પત્ર જેવા કે આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ અથવા પાસપોર્ટ સાથે રાખવા ફરજિયાત છે. મીડિયા અહેવાલ મુજબ, આ ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. ૧૫ ફેબ્રુઆરી રવિવાર હોવાથી મોટી સંખ્યામાં સભ્યો મતદાન કરવા ઉમટી પડે તેવી શક્યતા છે. ઉમેદવારી પૂર્વે રાજકીય ખટરાગ ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ બીસીએમાં આંતરિક રાજકારણ ગરમાયું છે. પ્રમુખપદના દાવેદાર ડો. દર્શન બેંકરે ગંભીર આરોપ મૂક્યો છે કે સત્તાધીશોએ જાણી જોઈને ચૂંટણીની તારીખો તેમના પુત્રના લગ્નના દિવસોમાં રાખી છે, જેથી તેઓ ઉમેદવારી ન કરી શકે. જોકે, બીસીએ સત્તાધીશોએ આ આરોપોને ફગાવી દેતા સ્પષ્ટતા કરી છે કે ફેબ્રુઆરીમાં ચૂંટણી યોજવાની જાહેરાત ગત ૧૧ નવેમ્બરે મળેલી એજીએમ (AGM) માં જ કરી દેવામાં આવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.

**વૃષભ : બ. વ. ઉ.**

સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

**મિથુન : ક. છ. ઘ.**

તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**કર્ક : ડ. હ.**

તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**સિંહ : મ. ટ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે.

**તુલા : ર. ત.**

તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો.

**વૃશ્ચિક : ન. ય.**

આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે.

**મકર : ખ. જ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.

**બસ સેવાના નવા રૂટ**

# આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ લોકલ બસ સેવાના નવા રૂટ શરૂ કરાયા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા આકસ્મિક આણંદ બસ સ્ટેશનની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે બસમાં જઈને નાયબ મુખ્યમંત્રી શ્રી દ્વારા સંવાદ કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા તેમને પડતી તકલીફોની રજૂઆત કરતા જણાવ્યું હતું કે બોરસદ અને ડાકોર ની વધારા ની ટ્રીપ શરુ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને સુગમતા રહે અને અમારી માંગણી નું નિરાકરણ થાય. આ વાત સાંભળીને નાયબ મુખ્યમંત્રી એ આણંદ બસ સ્ટેશન ઉપરથી જ ઉચ્ચ અધિકારી સાથે ફોન ઉપર વાત કરીને તાત્કાલિક અસરથી બોરસદ અને ડાકોર ની બસ સેવા શરૂ કરવા સૂચના આપી હતી. જે અન્વયે આજે તા.૦૭/૦૧/૨૦૨૬, બુધવારના રોજ આણંદ તથા બોરસદ એસ. ટી. ડેપો સંચાલિત નવીન આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ લોકલ બસ શરૂ કરવામાં આવી છે. આણંદના ધારાસભ્ય યોગેશભાઈ પટેલ અને મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપી નવીન રૂટની બસને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. ધારાસભ્ય પટેલે જણાવ્યું હતું કે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની મુલાકાત થી તાત્કાલિક અસરથી નવી બસના રૂટ શરૂ કરવાથી વિદ્યાર્થીઓની માંગણી પૂરી થઈ છે અને વિદ્યાર્થીઓને અવરજવર કરવામાં અનુકૂળ રહેશે. અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને મુસાફરો એ નવા રૂટ શરૂ થવાથી ખુશી વ્યક્ત કરી હતી. આ સમયે વિભાગીય નિયામક શ્રી સી. ડી મહાજન, ડી. ટી. ઓ શ્રી નાયી, આણંદ ડેપો મેનેજર શ્રી કે. એમ. શ્રીમાળી, આણંદ એસ.ટી ડેપો નો સ્ટાફ, નડિયાદ વિભાગીય કચેરી સ્ટાફ સહીત એસ ટી વિભાગના કર્મચારીગણ સહિત મુસાફર, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**વિદ્યાર્થીઓને 'અંગદાન મહાદાન' અંકિત 5441 પતંગોનું વિતરણ**

# અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હર્ષ સંઘવીના 41માં જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના ૪૧માં જન્મદિવસની ઉજવણીનો પ્રારંભ એક ઉમદા અને માનવીય અભિગમ સાથે કરવામાં આવ્યો છે. આ ઉજવણી અંતર્ગત અંગદાન અંગે લોકજાગૃતિ કેળવવા ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિદ્યાર્થીઓને 'અંગદાન મહાદાન' અંકિત ૫,૪૪૧ પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંગદાન અંગે લોકજાગૃતિ કેળવવાની શ્રી દિલીપભાઈ દેશમુખ અને તેમની ટીમની આ સરાહનીય પહેલની નાયબ મુખ્યમંત્રીએ પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા દૂર કરી, વધુમાં વધુ લોકો અંગદાનના શપથ લે તે માટે પ્રોત્સાહિત કરવાનો છે.

જન્મદિવસને વ્યક્તિગત હરખ નહીં પરંતુ સામાજિક જવાબદારી ગણાવતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જન્મદિવસની ઉજવણીની શરૂઆત સેવા યજ્ઞથી કરી છે. સાથે જ તેમણે નર્સીંગના વિદ્યાર્થીઓને અંગદાન જેવા ઉમદા કાર્યમાં સહભાગી થવા બદલ અભિનંદન પણ પાઠવ્યાં હતા.

અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી દિલીપભાઈ દેશમુખે જણાવ્યું હતું કે, આજે વિતરણ કરવામાં આવેલા પતંગો માત્ર આકાશમાં ઊડવા માટે નથી, પરંતુ નાગરિકોમાં અંગદાન પ્રત્યેની જાગૃતિનો સંદેશ પહોંચાડવા માટે છે. જ્યારે કોઈ નાગરીક બ્રેઈન ડેડ જાહેર થાય ત્યારે પરિવાર હિંમત રાખી અંગદાનનો નિર્ણય લે, તો તે સ્વજન અન્ય ૮ વ્યક્તિઓના રૂપમાં જીવંત રહી શકે છે. નાગરિકોમાં આ સમજણ કેળવાય તે દિશામાં અમારી સંસ્થા કામ કરી રહી છે.

# પોલીસ કર્મીઓએ આંત્રોલીના યુવકને માર મારી અને જબરજસ્તીથી દારૂ પીવડાવ્યાના આક્ષેપથી ખળભળાટ

(એજન્સી) નડિયાદ | તા.07

કપડવંજ તાલુકાના આંત્રોલી ગામે પોલીસ દ્વારા દારૂ ગાળતા શખ્સો સામે કાર્યવાહી કરવાને બદલે બાતમીદારને જ ઉપાડી લઈ જઈ માર મારવામાં આવ્યો હતો. આરોપી પોલીસ કર્મચારીઓએ યુવકને જબરજસ્તી દારૂ પીવડાવી તેની સામે પ્રોહિબિશનનો ખોટો કેસ કર્યો હોવાની અને રોકડ રકમ પડાવી લીધી હોવાના આક્ષેપ સાથે આતરસુંબા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપવામાં આવી છે. આંતરસુબા પોલીસ સ્ટેશનમાં લેખિતમાં આપવામાં આવેવી અરજી મુજબ, આંત્રોલી ગામના પરમાર વગો વિસ્તારમાં રહેતા ઉમેશભાઈ અભેસિંહ પરમારે પોલીસ હેલ્પલાઈન નંબર ૧૧૨ પર ફોન કર્યો હતો અને ગામના એક વિસ્તારમાં પાસે એક શખ્સ જાહેરમાં દારૂની ભઠ્ઠી ચલાવી રહ્યો હોવાની બાતમી તેમણે આપી હતી. આ બાતમી બાદ આંત્રોલી આઉટ પોસ્ટના જમાદાર યાજ્ઞિકભાઈ અને કોન્સ્ટેબલ હરપાલસિંહ બાઈક લઈને સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં જઈને પોલીસ કર્મચારીઓએ દારૂ ગાળતા શખ્સને પકડવાને બદલે ફરિયાદી ઉમેશભાઈને 'સાલા ખોટા ફોન કેમ કરે છે' તેમ કહી માર મારવાનું શરૂ કર્યું હતું. જમાદારે પોતે દરેક દારૂના ભઠ્ઠા પરથી હપ્તા ઉઘરાવે છે તેમ કહી યુવકને જબરજસ્તી બાઈક પર બેસાડયો હતો અને રસ્તામાં દેશી દારૂની પોટલી તેના મોઢામાં ઘાલી દીધી હતી.

**સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો**

# ફતેપુરા પાસે ટ્રક અને 3 પિકઅપ વચ્ચે અકસ્માત : 1 નું મોત, 2 ને ગંભીર ઈજા

નડિયાદ : અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મંગળવારે વહેલી સવારે નડિયાદથી આણંદ વચ્ચે આવેલા ફતેપુરા ગામ પાસે એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. પૂરપાટ ઝડપે જતી ટ્રકે સવસ લાઈન પાસે ઉભેલી ત્રણ પિકઅપ વાનને ટક્કર મારતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ૨ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.નડિયાદથી આણંદ વચ્ચેના એક્સપ્રેસ હાઈવે પર ફતેપુરા પાસે ત્રણ પિકઅપ વાન સવસ લાઈન નજીક ઉભી હતી. આ સમયે અમદાવાદથી વડોદરા તરફ જતી એક ટ્રકના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને ઉભેલી પિકઅપ વાન પાછળ ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કરથી પિકઅપ વાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર પસાર થતા અન્ય વાહનચાલકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળાં એકઠાં થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને હાઈવે પેટ્રોલિંગની ટીમ તુરંત સ્થળ પર પહોંચી ગઈ હતી.

### આમંત્રણ વિઝા કન્સલ્ટન્ટને રૂ. 35.57 લાખના ચેક રિટર્નના કેસમાં એક વર્ષની કેદ

કપડવંજ : વિઝાના નામે છેતરપિંડી અને ચેક રિટર્નના વધતા કિસ્સાઓ વચ્ચે કપડવંજ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ૩૫.૫૭ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપી હિતેશ નગીનભાઈ પટેલને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે, સાથે જ ફરિયાદીને વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે રકમ ચૂકવવાનો હુકમ કર્યો છે. નડિયાદના રહેવાસી ભાવેશકુમાર પ્રભુદાસભાઈ દરજીએ પોતાના પુત્રને કેનેડા અભ્યાસ અર્થે મોકલવા માટે 'આમંત્રણ વિઝા કન્સલ્ટ'ના એજન્ટ હિતેશ નગીનભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો.

**જોખમી સવારી**

# ક્ષમતા કરતા વધુ મુસાફરો બેસાડનાર વાહનચાલકો સામે કોઈ કાર્યવાહી નહીં

ડાકોર : આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકામાં ટ્રાફિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ઉમરેઠ બસ સ્ટેન્ડ સામેથી ખાનગી વાહન ચાલકો દ્વારા વાહનમાં ક્ષમતા કરતા વધુ વાહનો ભરવા સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે. ટ્રાફિક પોલીસ અને ખાનગી વાહન ચાલકો વચ્ચેના 'માસિક વ્યવહાર'ને કારણે આ ગેરકાયદે પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

ઉમરેઠ બસ સ્ટેન્ડની બહાર સીએનજી રિક્ષા, ઈકો સહિતના ખાનગી વાહનોનો જમાવડો જોવા મળે છે. ઉમરેઠથી વાસદ, આણંદ, નડિયાદ અને ડાકોર જેવા રૂટ પર રોજના અંદાજે ૧૨૫થી વધુ ખાનગી દોડે છે. વાહનોમાં ક્ષમતા કરતા વધુ મુસાફરો બેસાડવા સામે ઉમરેઠ ટ્રાફિક પોલીસ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યોના આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. ટ્રાફિક દ્વારા તેમના સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, જેથી તેમની કામગીરી પર સવાલો પેદા થઈ રહ્યાં છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ**

# આમ આદમી પાર્ટીના ગુજરાત જોડો અભિયાન અંતર્ગત સુરતનાં કઠોદરામાં વિશાળ જનસભાનું આયોજન



અમદાવાદ/ સુરત / ગુજરાત

આમ આદમી પાર્ટીના ગુજરાત જોડો અભિયાન અંતર્ગત સુરતના કઠોદરામાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની વિશેષ ઉપસ્થિતિમાં વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનસભામાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, દક્ષિણ ગુજરાત પ્રભારી રામ ધડુક, સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી, સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણી, સુરત મનપા વિપક્ષ નેતા પાયલ સાકરિયા, સુરત શહેર મહિલા પ્રમુખ નીતાબેન પટેલ, કોર્પોરેટરો મહેશ અણઘણ, રચના હીરપરા, જિતેન્દ્ર કાછડીયા, ડૉ. કિશોર રૂપારેલિયા, શોભનાબેન કેવડિયા, મનીષાબેન કુકડીયા, કામરેજ તાલુકા પંચાયત વિપક્ષ નેતા જે.ડી.કથિરીયા, સુરત શહેર મહામંત્રી તુલસી લાલૈયા, ઘનશ્યામ વાઘાણી સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે સામાજિક અગ્રણી રિંકલ પોશિયા આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પાર્ટીમાં તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

જનસભાને સંબોધન કરતા AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે લોકો એમ માનતા કે તમારું કંઈ નહીં આવે, તમે ખોટા છો, તમને મત નહીં મળે. ગુજરાતમાં ત્રીજી પાર્ટી ચાલતી નથી. તમારી તો કોઈ પત્રિકા પકડવા તૈયાર નથી, એવા સમયે સંઘર્ષ કરીને રાકેશ હીરપરા, મનોજભાઈ સોરઠીયા, ધર્મેશ ભંડેરી સહિત અન્ય લોકોએ કે ગુજરાતમાં આમ આદમી પાર્ટીનો ડંકો વાગશે અને આ સપનું સાકાર કરવાની દિશામાં કામ કર્યું. આજે સપનું સાચું સાબિત થયું કે આખા ગુજરાતમાં આમ આદમી પાર્ટીની ચર્ચાઓ થાય છે.

**શહેરભરમાં બે દિવસમાં ₹2.44 લાખનો દંડ વસૂલાયો**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો.નાં એસ્ટેટ વિભાગની સઘન કાર્યવાહી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા દબાણો દૂર કરવા માટે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત 5 અને 6 જાન્યુઆરી દરમિયાન શહેરના વિવિધ ઝોનમાં દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દબાણો હટાવવાની કામગીરીમાં માત્ર છેલ્લા બે દિવસમાં જ 2,44,400 નો દંડ એએમસી દ્વારા વસૂલાયો હતો. આ કામગીરી દરમિયાન બંને દિવસે 193 લારી-ગલ્લા, 45 દૂર કરાયેલા શેડ, 312 તાડપત્રી, 1423 દૂર કરાયેલ અન્ય પરચૂરણ માલ સામાનની સંખ્યા, 506 જાહેર રસ્તા પર જાહેરાતનાં બોર્ડ, 405 લોક કરેલા વાહનો, 14 ગેરકાયદેસાર પાર્ક થયેલ વાહનોને ટોઈંગ કરેલ વાહનો, અને 405 દંડ કરેલ વાહનોની કુલ સંખ્યા છે.

આ કામગીરી અંતર્ગત પશ્ચિમ ઝોનમાં ગોલ્ડન ટ્રાઈએન્ગલ, સ્ટેડિયમ ચાર રસ્તા, સ્વસ્તિક ચાર રસ્તા, પંચવટી પાંચ રસ્તા, પરિમલ ગાર્ડન અંડરપાસ, રેલ્વે લાઈન સુધીનો જાહેર રસ્તો, સરદાર પટેલ સ્ટેચ્યુ, નારણપુરા ચાર રસ્તા, અંકુર ચાર રસ્તા, શાસ્ત્રીનગર વિસ્તારમાં દબાણો હટાવવાની કામગીરી થઈ હતી. તેમજ ઉત્તર પશ્ચિમ ઝોનમાં ડમરૂ સર્કલ ઘાટલોડિયા થી ચાણક્યપુરી રોડ થઈ ગુજરાત હાઈકોટ કોમ્પ્લેક્સ સુધીનો રસ્તો, તથા રન્નાપાર્કથી પ્રભાત ચોક સુધી, જજીસ બંગલો રોડ પકવાન ચાર રસ્તાથી માનસી સર્કલ થઈ કેસવબાગ સુધીનો રોડ, ઈસ્કોન ચાર રસ્તાથી પકવાના ચાર રસ્તા થઈ થલતેજ ચાર રસ્તાથી ગોતા ચાર રસ્તાથી વૈષ્ણોદેવી સર્કલ સુધી. ઉત્તર પશ્ચિમ ઝોનના ઉપરોક્ત રૂટ સિવાયના અન્ય વિસ્તારોમાં કામગીરી થઈ હતી. ત્યારબાદ દક્ષિણ પશ્ચિમ ઝોન કેન્યુગ ચાર રસ્તાથી શ્યામલ ચાર રસ્તા, શ્યામલ ચાર રસ્તાથી સર્કલ પી., પ્રહલાદનગર એસ.જી. હાઈવે, ઈસ્કોન સર્કલથી ઉજાલા સર્કલ સુધીનો એસ.જી. હાઈવે, પી.આઈ.એલ. અંતર્ગત અન્ય કામગીરી કરેલ છે. પૂર્વ ઝોનમાં હસ્તિનાપુર સોસાયટી, હાટકેશ્વર સર્કલ રોડ, રબારી કોલોની, મેટ્રો, સદગુરુ ગાર્ડન થી નિકોલ, સોનીની ચાલી, સારંગપુર બ્રિજ થી બાસલોના સર્કલ, ઠક્કરબાપાનગર ચાર રસ્તાથી જશોદાનગર ચાર રસ્તા પર દબાણો દૂર કરાયા હતાં.

**રૂ. 4 કરોડથી વધુ કિંમતના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ**

# સ્વદેશીની સાથે મહિલા સશક્તીકરણને ઉજાગર કરતા 'સશક્ત નારી મેળા'

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અનેકવિધ નવા સ્વદેશી પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળીયાના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં તાજેતરમાં આયોજિત સશક્ત નારી મેળાએ સ્વદેશીની સાથેસાથે મહિલા સશક્તીકરણને પણ ઉજાગર કરી છે. આ જિલ્લાઓમાં આયોજિત નારી મેળા દ્વારા રૂ. ૪.૧૦ કરોડની કિંમતની સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરીને 'વન ડિસ્ટ્રીકટ, વન પ્રોડક્ટ' યોજનાને નવી દિશા આપી છે.રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ-GLPC દ્વારા ગત તા. ૧૮ થી ૨૩ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાઓમાં ૩ થી ૫ દિવસ સુધી નારી મેળાનું સફળ આયોજન કરીને 'વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ' યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવી છે. આ નારી મેળા દ્વારા વિવિધ જિલ્લાઓમાં કુલ ૨,૩૦૦થી વધુ સ્ટોલની અંદાજે પાંચ લાખથી વધુ ભાઈ-બહેનોએ મુલાકાત કરીને વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી છે.

'સશક્ત નારીથી આત્મનિર્ભરતા તરફ' રાજ્ય સરકારના અભિયાનને વ્યાપક ગતિ આપવા સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન સાથે "સશક્ત નારી"ના સંકલ્પને ઉજાગર કરતો પ્રથમ મેળો બનાસકાંઠાના પાલનપુર ખાતે તા. ૧૧ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ યોજાયો હતો, જેનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો હતો. આ મેળામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે, કૃષિ, સહકાર, કુટીર ઉદ્યોગ, વન અને પર્યાવરણ તેમજ મહિલા આર્થિક વિકાસ નિગમ સહિત જિલ્લા વહીવટ તંત્રએ સહભાગી થઈને મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ મેળાએ રાજ્યભરની મહિલાઓને તેમની હસ્તકળા, હેન્ડલૂમ, પરંપરાગત ખાદ્યપદાર્થો, પ્રાકૃતિક ઉત્પાદનો અને સ્વદેશી ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ માટે સશક્ત બજાર પૂરું પાડ્યું છે. સશક્ત નારી મેળા એ માત્ર વેપાર મેળો નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓની મહેનત, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનું જીવંત પ્રતિબિંબ છે.

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ધારાસભ્ય**

# પાયલ કુકરાણીની ઉપસ્થિતિમાં રોજગાર ભરતી મેળો યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના છારોડી સ્થિત કેમ્પસ ખાતે ધારાસભ્ય શ્રી પાયલ કુકરાણીની ઉપસ્થિતિમાં ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો સફળતાપૂર્વક યોજાયો હતો.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ આયોજિત આ રોજગાર મેળામાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ઉત્સાહી ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ રોજગાર મેળામાં ખાનગી ક્ષેત્રની 45થી વધુ નામાંકિત કંપનીઓએ ભાગ લઈ વિવિધ ક્ષેત્રોમાં કુલ 1500થી વધુ રોજગારીની તકો પુરી પાડવામાં આવી હતી.

આ ભરતી મેળામાં ધોરણ 7 પાસથી લઈને ઉચ્ચ સ્નાતક સુધીના વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સ્થળ પર જ ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેના કારણે ઉમેદવારોને એક જ સ્થળે રોજગાર મેળવવાનો સારો અવસર પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી પાયલ કુકરાણીએ યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે ભારત પાસે રહેલી વિશાળ યુવા શક્તિ દેશના 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ' માટે સુવર્ણ તક છે. તેમણે જાપાનના અર્થતંત્રનું ઉદાહરણ આપી સમજાવ્યું હતું કે જો યુવાનો પૂરા ઉત્સાહ, કૌશલ્ય અને પ્રતિબદ્ધતા સાથે કાર્યરત થાય તો આગામી 20થી 25 વર્ષોમાં 'વિકસિત ભારત'નો સંકલ્પ ચોક્કસ સાકાર થશે. તેમણે ઉમેર્યું કે રોજગાર મેળવવો એ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ તે દેશની GDP અને સમૃદ્ધિમાં સીધું યોગદાન આપવાની મહત્વપૂર્ણ તક છે.

આ પ્રસંગે મદદનીશ રોજગાર નિયામક સુશ્રી મોનિષા સહાનીએ જણાવ્યું હતું કે રોજગાર કચેરી દ્વારા સંચાલિત 'અનુબંધમ' પોર્ટલ નોકરીદાતાઓ અને ઉમેદવારોને જોડવાનું અસરકારક અને વિશ્વસનીય માધ્યમ બની રહ્યું છે. ગુજરાતમાં બેરોજગારીનો નીચો દર રોજગાર કચેરીઓની સક્રિય અને પરિણામલક્ષી કામગીરીનું પ્રતિબિંબ છે. તેમણે યુવાનોને શરૂઆતના પગારને પ્રાધાન્ય આપવાને બદલે લાંબાગાળાની કારકિર્દી વિકાસ, સતત કૌશલ્ય વૃદ્ધિ અને સ્કિલ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાની અપીલ કરી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયે 'શ્રમના ગૌરવ' પર ભાર મૂકતા જણાવ્યું હતું કે કોઈપણ કાર્યમાં વ્યક્તિનો હોદ્દો નહીં પરંતુ તેનું યોગદાન જ તેની સાચી ઓળખ નક્કી કરે છે. તેમણે નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત કૌશલ્ય આધારિત શિક્ષણ અને તાલીમના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે જ્યારે કાર્યને પૂજા સમજીને કરવામાં આવે છે ત્યારે જ રાષ્ટ્ર નિર્માણમાં સાચું અને ટકાઉ યોગદાન આપી શકાય છે. આ પ્રસંગે રોજગાર અધિકારી શ્રી નિશાંત શુક્લા, શ્રી હિતેશ ગઢવી, પ્રો. ડૉ. નિલેશ મોદી સહિતના અધિકારીઓ, યુનિવર્સિટી સ્ટાફ તથા મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**નવા 35 કેસનો ઉમેરો થતા આંકડો 471**

# બાલાસિનોરમાં કમળાએ ફરી માથું ઉંચક્યું, બે અઠવાડિયામાં 171 કેસ

બાલાસિનોર : બાલાસિનોરમાં ગત ડિસેમ્બર માસથી વકરેલા કમળાના રોગચાળાની સ્થિતિમાં હજી સુધી ખાસ કંઈ ફરક પડયો નથી. કારણ કે ખુદ આરોગ્ય વિભાગના અધિકારીઓએ સ્વીકાર્યું છે કે, ગત સપ્તાહમાં નવા ૩૫ કેસનો ઉમેરો થયો છે. આ સાથે જ ડિસેમ્બર મહિનાથી અત્યાર સુધીમાં કમળાનો ભોગ બનેલા લોકોની સંખ્યા ૪૭૧ જેટલી થઈ છે. વકરેલા રોગચાળાને ખુદ જિલ્લા કલેક્ટર અહીં દોડી આવ્યા હતા. જિલ્લા મથકે પણ મિટિંગો યોજી હતી. આમ છતાં સ્થિતિમાં ખાસ કંઈ સુધારો થયો નથી.બાલાસિનોરમાં કમળાનો રોગચાળો વકર્યા બાદ ગત ડિસેમ્બર માસથી બંધ કરી દેવાયેલી તમામ ૨૬ આંગણવાડી આજ સુધી બંધ જ રાખવામાં આવી છે. બીજી તરફ આજના દિવસે પણ શહેરમાં બાવન ટીમ કાર્યરત હોવાનો અને સ્થિતિ કાબૂમાં હોવાનો દાવો આરોગ્ય વિભાગ કરી રહ્યું છે. સામાપક્ષે વાસ્તવિક સ્થિતિ યથાવત જ છે. આરોગ્ય વિભાગની કામગીરીનું પરિણામ શૂન્ય જોવા મળી રહ્યું છે. ગત ૨૦ ડિસેમ્બર સુધીમાં શહેરમાં કમળાના કેસ ત્રણસોથી વધી ગયા હતા. જે આજે બે સપ્તાહમાં વધીને ૪૭૧ સુધી પહોંચી ગયા છે. એટલે કે એક સપ્તાહમાં ૧૭૧ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ગત ગુરૂવારે એક દિવસમાં શહેરમાંથી સાત નવા કેસ મળી આવ્યા હતા. અલબત્ત, બધાની તબિયત સ્થિર છે. સારવાર બાદ દર્દીઓ સાજા થઈ રહ્યાં છે.

### ગૂગલ દ્વારા બહાર પાડવામાં આવેલા એક તાજેતરના મહત્વપૂર્ણ અહેવાલ ૨૦૨૬ ભવિષ્યની રણનીતિ સ્પષ્ટ કરે છે

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્કફોર્સ બનાવવો કંપનીઓ માટે હવે અનિવાર્ય બન્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 07

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના યુગમાં ટકી રહેવા અને પ્રગતિ કરવા માંગતી કંપનીઓ માટે માત્ર નવી ટેકનોલોજી ખરીદવી હવે પૂરતી નથી. ગૂગલ દ્વારા બહાર પાડવામાં આવેલા એક તાજેતરના મહત્વપૂર્ણ અહેવાલમાં જણાવાયું છે કે, સંસ્થાઓએ હવે ટેકનોલોજીની સાથે સાથે 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વર્કફોર્સ' એટલે કે AI-સજ્જ કાર્યબળ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. મીડિયા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬નો સૌથી મોટો વ્યાવસાયિક ફેરફાર માત્ર કાર્યક્ષમતા વધારવા પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ તે સંપૂર્ણપણે કર્મચારી કેન્દ્રિત પરિવર્તન હશે જે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા સંચાલિત હશે.અહેવાલ મુજબ, આ પરિવર્તન માટે પાંચ મુખ્ય સ્તંભો પર આધારિત વ્યાપક શિક્ષણ રણનીતિની જરૂર છે. આ અભિગમના કેન્દ્રમાં 'એઆઈ એજન્ટ્સ' (AI Agents) છે. આ એવી સિસ્ટમ્સ છે જે અદ્યતન ઇન્ટેલિજન્સ મોડલ્સને વિવિધ સાધનો સાથે જોડે




છે, જેનાથી તે માનવ નિયંત્રણ હેઠળ રહીને વપરાશકર્તાઓ વતી નિર્ણયો અને કાર્યો કરી શકે છે. સંસ્થાઓએ સૌ પ્રથમ સ્પષ્ટ લક્ષ્યો નક્કી કરવા પડશે. ઉદાહરણ તરીકે, સંસ્થામાં ૧૦૦ ટકા ટૂલ અપનાવવાનું લક્ષ્ય રાખી શકાય છે, જ્યાં દરેક ટીમ મેમ્બર તેની કાર્યક્ષમતા અને ઝડપ સુધારવા માટે કોઈને કોઈ સ્તરે આ ટેકનોલોજીનો ઉપયોગ કરે.ગૂગલના અહેવાલમાં એઆઈ પહેલને આગળ વધારવા માટે યોગ્ય ટીમ બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં એક્ઝિક્યુટિવ સ્પોન્સર અને એઆઈ એક્સિલરેટર જેવા મુખ્ય હિતધારકો સતત સંવાદ અને ગતિ જાળવી રાખવામાં મદદ કરશે. નવા વિચારોને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ હબ અને લીડર બોર્ડ જેવી વ્યવસ્થાઓ સૂચવવામાં આવી છે, જ્યાં કર્મચારીઓ તેમના સફળ પ્રયોગો શેર કરી શકે અને પુરસ્કાર મેળવી શકે. આનાથી કર્મચારીઓમાં આંતરિક સ્પર્ધા વધશે અને નવીનતાનો વ્યાપ વધશે.

ટેકનોલોજીને દૈનિક કાર્યપ્રવાહમાં વણી લેવી એ એક મહત્વનો સ્તંભ છે. આ માટે કંપનીઓએ આંતરિક 'હેકાથોન'નું આયોજન કરવું જોઈએ, જ્યાં ટીમો ભેગી મળીને સમસ્યાઓના ઉકેલ તરીકે એઆઈ સોલ્યુશન્સ વિકસાવે. આવા પ્રોગ્રામ્સમાંથી જે શ્રેષ્ઠ આઈડિયા બહાર આવે તેને કંપનીના સત્તાવાર કાર્યક્રમોનો ભાગ બનાવવો જોઈએ. આ પદ્ધતિથી કર્મચારીઓ પ્રત્યક્ષ રીતે ટેકનોલોજી સાથે જોડાશે અને તેનો વ્યવહારિક ઉપયોગ શીખશે.

વધતી ટેકનોલોજીની સાથે ગૂગલે સાયબર સુરક્ષાના જોખમો સામે પણ ચેતવણી આપી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જેમ જેમ એઆઈ વધુ અત્યાધુનિક બનશે, તેમ તેમ સાયબર હુમલાખોરો પણ તેનો ઉપયોગ કરશે. આથી, કર્મચારીઓને વિશ્વાસપાત્ર ફ્રેમવર્ક, ડેટા વપરાશ અને સોશિયલ એન્જિનિયરિંગ જેવા એઆઈ-સંચાલિત જોખમોને ઓળખવા માટે તાલીમ આપવી અત્યંત આવશ્યક છે. સુરક્ષિત કાર્યબળ જ લાંબા ગાળે સફળ થઈ શકશે. વર્ષ ૨૦૨૬ના દ્રષ્ટિકોણ અંગે અહેવાલ સ્પષ્ટ કરે છે કે, ભવિષ્યમાં કર્મચારીઓ પોતે શું પરિણામ જોઈએ છે તે નક્કી કરશે, જ્યારે કોમ્પ્યુટર્સ અને મોટા લેન્ગ્વેજ મોડલ્સ તે પરિણામ કેવી રીતે મેળવવું તે નક્કી કરવામાં મદદ કરશે. આ પ્રક્રિયા કર્મચારીઓને નવીનતા અને વિકાસના પ્રાથમિક એન્જિન તરીકે સ્થાપિત કરશે. આમ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વર્કફોર્સ એ માત્ર ટેકનોલોજીકલ અપગ્રેડ નથી, પરંતુ માનવ ક્ષમતાના વિસ્તરણની એક નવી દિશા છે.

## News Brief

### શિયાળા દરમિયાન તમારા મોંની સંભાળ માટે તમારે ડાબર રેડપેસ્ટ જેવી આયુર્વેદિક ટૂથપેસ્ટનો ઉપયોગ કરવો જોઈએ

નવી દિલ્હી | શિયાળો મોઢા અને દાંત પર અજાણતાં અસર કરે છે. દાંતમાં સંવેદનશીલતા વધે છે, મોઢું વધુ સૂકું લાગે છે અને મસૂડા (પેઢા) સહેલાઈથી ઈચિંગ અનુભવે છે. આ બદલાવ ઘણીવાર ધ્યાનમાં આવતાં નથી જ્યાં સુધી ગરમ ચાની એક ઘૂંટ શિયાળાની અસરની તીખી યાદ ન અપાવે. ઠંડી હવામાં દાંતનું એનામેલ થોડું સંકોચાય છે. આ ફેરફાર નાનો હોય છે, પરંતુ તે નીચે રહેલા સંવેદનશીલ ડેન્ટિનને બહાર લાવી શકે છે. ગરમ પીણાં, અચાનક તાપમાનમાં ફેરફાર અને સતત ઠંડી સાથે મળીને દાંતમાં સંવેદનશીલતા વધારે છે જે દૈનિક અસુવિધા બની જાય છે.ઘરના હીટર્સ, ઓછો ભેજ અને શિયાળામાં પાણી ઓછું પીવાના કારણે લાળનું ઉત્પાદન ઘટે છે. લાળ એસિડને નિષ્ક્રિય કરવા અને પ્લાકના વિકાસને ધીમો પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. લાળ ઓછી થતાં બેક્ટેરિયા ઝડપથી વધે છે અને દુર્ગંધની સમસ્યા ઊભી થાય છે. ઠંડા મહિનાઓમાં રોગપ્રતિકારક શક્તિ થોડી ઘટી શકે છે, જેથી મસૂડા સહેલાઈથી ઈચિંગ અનુભવે છે. હળવો સોજો અથવા રક્તસ્ત્રાવ વધુ જોવા મળે છે ખાસ કરીને ત્યારે, જ્યારે વ્યસ્ત કે થાકેલા દિવસોમાં બ્રશિંગની રૂટીન નિયમિત ન રહે. સારા સમાચાર એ છે કે થોડાં સરળ પગલાં શિયાળામાં મોઢાની સંભાળ સરળ બનાવી શકે છે. તરસ ન લાગતી હોય ત્યારે પણ પૂરતું પાણી પીવો, નરમ રીતે બ્રશ કરો કારણ કે ઈનેમલ પર વધુ ભાર પડે છે.

### ભારતીય રિઝર્વ બેંકના નવા નિયમો ટૂંક સમયમાં અમલી

# બેંક ડિવિડન્ડ ચુકવણી મર્યાદા વધારીને પંચોતેર ટકા કરવાની દરખાસ્ત

(એજન્સી) નવી દિલ્હી | તા 07

ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા બેંકિંગ ક્ષેત્ર માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. મધ્યસ્થ બેંકે વ્યાપારી બેંકો માટે ડિવિડન્ડ ચુકવણીની મહત્તમ મર્યાદા વર્તમાન ૪૦ ટકાથી વધારીને ચોખ્ખા નફાના ૭૫ ટકા સુધી કરવાની દરખાસ્ત કરી છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ શેરધારકોને યોગ્ય વળતર આપવાની સાથે બેંકોની નાણાકીય સ્થિરતા જાળવી રાખવાનો છે. જોકે, આ માટે બેંકોએ અસ્કયામતની ગુણવત્તા, મૂડીની પર્યાપ્તતા અને લાંબા ગાળાના વિકાસ આયોજનનું સખત મૂલ્યાંકન કરવું પડશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નવા નિયમો નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી અમલમાં આવશે.રિઝર્વ બેંકે ડિવિડન્ડ જાહેર કરવા માટે એક સુવ્યવસ્થિત માળખું સૂચવ્યું છે, જે બેંકોના કોમન ઈક્વિટી ટાયર-૧ (CET1) મૂડી સ્તર પર આધારિત રહેશે. આ પ્રસ્તાવિત માળખા હેઠળ, જે બેંકો પાસે વધુ મૂડી બફર હશે, તેમને નફાનો મોટો હિસ્સો ડિવિડન્ડ તરીકે વહેંચવાની મંજૂરી આપવામાં આવશે. મધ્યસ્થ બેંકે આ માટે દસ સ્તરનું (Bucket) માળખું રજૂ કર્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, આરબીઆઈએ આ મુસદ્દા પર તમામ હિતધારકો પાસેથી ૫ ફેબ્રુઆરી સુધીમાં મંતવ્યો અને સૂચનો મંગાવ્યા છે.નવા નિયમો મુજબ, ભારતમાં નોંધાયેલી બેંકો તેમના કર પછીના નફા (PAT) ના ૭૫




ટકા સુધી ડિવિડન્ડ આપી શકશે, પરંતુ તે તેમની મૂડી મર્યાદાને આધીન રહેશે. ડિવિડન્ડની ગણતરી માટે 'એડજસ્ટેડ પ્રોફિટ' ધ્યાનમાં લેવામાં આવશે, જેમાંથી તે વર્ષના ૩૧ માર્ચ સુધીના નેટ નોન-પરફોર્મિંગ એસેટ્સ (NPAs) બાદ કરવામાં આવશે. મધ્યસ્થ બેંકે સ્પષ્ટ કર્યું છે કે, કોઈ પણ અસાધારણ આવક, અવાસ્તવિક લાભ અથવા જોગવાઈઓના રિવર્સલમાંથી થયેલા નફાનો ઉપયોગ ડિવિડન્ડ ચુકવણી માટે કરી શકાશે નહીં. બેંક બોર્ડે સંપત્તિના વર્ગીકરણ અને જોગવાઈઓમાં રહેલી વિસંગતતાઓને પણ ધ્યાનમાં લેવી પડશે.ભારતમાં શાખા મોડમાં કાર્યરત વિદેશી બેંકોને હવે તેમના મુખ્ય કાર્યાલયમાં નફો મોકલવા માટે આરબીઆઈની પૂર્વ મંજૂરીની જરૂર રહેશે નહીં, જો તેઓ નિર્ધારિત માપદંડો પૂર્ણ કરે અને તેમના ઓડિટેડ ખાતાઓમાં મૂડીની જરૂરિયાતો સંતોષાયેલી હોય. જોકે, મધ્યસ્થ બેંકે પોતાની સત્તા અકબંધ રાખી છે કે જો કોઈ બેંક નિયમનકારી નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જશે, તો તેના ડિવિડન્ડ અથવા નફાના પ્રેષણ પર પ્રતિબંધ લાદી શકાય છે.

જે બેંકો લાયકાતના ધોરણોમાં પાછળ રહેશે તેમને કોઈ વિશેષ છૂટછાટ આપવામાં આવશે નહીં.આ નવા ફ્રેમવર્કનો હેતુ શેરધારકોને પ્રોત્સાહિત કરવાની સાથે બેંકોને ભવિષ્યના જોખમો સામે રક્ષણ આપવા માટે મૂડી સંચિત કરવામાં મદદ કરવાનો છે. '

### સેન્સેક્સ 102 અંક ઘટીને 84,961 પર બંધ થયો : નિફ્ટી પણ 37 અંક ગગડ્યો

મુંબઇ | સેન્સેક્સ લગભગ 102 પોઈન્ટના ઘટાડા સાથે 84,961ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 37 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 26,140 ના સ્તરે બંધ થયો. ઓટો, બેન્કિંગ અને FMCG શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે.એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.09% વધીને 4,574 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.50% ઘટીને 52,257 પર કારોબાર કરી રહ્યો છે.હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.90% ઘટીને 26,469 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.20% વધીને 4,091 પર કારોબાર કરી રહ્યો છે.

6 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.99% વધીને 49,462 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.65% નો ઘટાડો અને S&P 500 માં 0.62% નો વધારો જોવા મળ્યો.

6 જાન્યુઆરીએ FII એ 142 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. જ્યારે DII એ 1,528 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

### હબિલ્ડે ભારતને

## સ્વસ્થ આદતો સાથે વર્ષની શરૂઆત કરવામાં મદદ કરવા માટે 'હર ઘર યોગ' લોન્ચ કર્યું

નવી દિલ્હી: ભારતના સૌપ્રથમ હેબિટ બિલ્ડીંગ પ્લેટફોર્મ એવા હબિલ્ડએ તેમની સૌપ્રથમ પહેલ હર ઘર યોગાને લોન્ચ કર્યું હોવાની ઘોષણા કરી છે, જે વ્યક્તિઓને 21 દિવસની યોગા મુક્ત મુસાફરીમાં તેમના વર્ષનો પ્રારંભ સરળ, ટકાઉ યોગા ટેવ પાડીને પ્રારંભ કરવા માટે પ્રોત્સાહન આપે છે. નાની, પુનરાવર્તિત ક્રિયાઓ દ્વારા સ્વાસ્થ્યની આદતોનું નિર્માણ થાય છે એવી માન્યતામાં મૂળ ધરાવતું, હર ઘર યોગ વય જૂથો, લિંગ અને ભૌગોલિક ક્ષેત્રના લોકોને દબાણ, સંપૂર્ણતા અથવા ખર્ચાળ સેટઅપની જરૂરિયાત વિના તેમની યોગ યાત્રા શરૂ કરવા અથવા ફરી શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.આ પહેલમાં લાખો લોકો ભાગ લઈ રહ્યા છે, હબિલ્ડ વૈશ્વિક સ્તરે જીવનના તમામ ક્ષેત્રોના લોકો માટે સુખાકારીને સુલભ અને સુસંગત બનાવવાના તેના મિશનને ચાલુ રાખે છે. હર ઘર યોગ પહેલ ડિજિટલ-પ્રથમ, મોટા પાયે પહેલ તરીકે ડિઝાઈન કરવામાં આવી છે, જે વ્યક્તિઓને યોગને એક વખતના સંકલ્પ અથવા મોસમી પ્રવૃત્તિ તરીકે ગણવાને બદલે તેમના દૈનિક દિનચર્યામાં સમાવિષ્ટ કરવામાં મદદ કરવા પર કેન્દ્રિત છે.આઈઆઈટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી, સરકાર દ્વારા પ્રમાણિત યોગ નિષ્ણાત અને હબિલ્ડના સહ-સ્થાપક સૌરભ બોથરા દ્વારા સંચાલિત, આ પહેલ ભાર મૂકે છે કે અર્થપૂર્ણ આરોગ્ય પરિવર્તન દરરોજ કરવામાં આવતી નાની, પુનરાવર્તિત ક્રિયાઓથી શરૂ થાય છે.

### ઇન્ફોસિસ અને એડબ્લ્યુએસે

## જનરેટિવ એઆઈની એન્ટરપ્રાઇઝમાં ઝડપી સ્વિકૃત્તિ માટે હાથ મિલાવ્યા

નવી દિલ્હી | ઈન્ફોસિસ (NSE, BSE, NYSE: INFY), નેક્સ્ટ જનરેશન ડિજિટલ સર્વિસીસ અને કન્સલ્ટિંગમાં ગ્લોબલ લીડરે, આજે જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ને અપનાવવામાં એન્ટરપ્રાઈઝની મદદ કરવા માટે એમેઝોન વેબ સર્વિસીસ (AWS) સાથે તેના વ્યૂહાત્મક સહયોગની જાહેરાત કરી. આ પહેલનો હેતુ જનરેટિવ એઆઈ (gen AI) ટેકનોલોજીનો ઉપયોગ કરીને સર્વિસીસ, સોલ્યુશન્સ અને પ્લેટફોર્મ્સના એક એઆઈ-ફર્સ્ટ સેટ ઈન્ફોસિસ ટોપાઝ અને એડબ્લ્યુએસ જનરેટિવ એઆઈ-પાવર્ડ આસિસ્ટંટ એમેઝોન ક્યૂ ડેવલપરને સંયોજિત કરીને ઈન્ફોસિસના આંતરિક ઓપરેશન્સને વધારવાનો અને મેન્યુફેક્ચરિંગ, ટેલિકોમ, ફાઈનાન્શિયલ સર્વિસિસ અને કન્ઝ્યુમર ગુડ્સ જેવા સેક્ટરમાં ગ્રાહકો માટે નવીનતા લાવવાનો છે.ઈન્ફોસિસ સોફ્ટવેર ડેવલપમેન્ટ, એચઆર, રીક્રુટમેન્ટ, સેલ્સ અને વેન્ડર મેનેજમેન્ટ જેવા મુખ્ય કાર્યોમાં એઆઈ-પાવર્ડ ટ્રાન્સફોર્મેશન લાવવા માટે ઈન્ફોસિસ ટોપાઝની શક્તિનો ઉપયોગ કરી રહી છે. ઉદાહરણ તરીકે, સોફ્ટવેર ડેવલપમેન્ટ લાઈફસાઈકલ (SDLC)માં, ઈન્ફોસિસ ટોપાઝનું એમેઝોન ક્યુ ડેવલપર સાથે ઈન્ટીગ્રેશન ઓટોમેટેડ ડોક્યુમેન્ટેશનને સક્ષમ બનાવે છે.

### મીડિયાટેક દ્વારા CES 2026 માં અદ્યતન ફિલોજિક 8000 વાઇ-ફાઇ 8 ચિપસેટનું અનાવરણ

તાઈપેઈ/લાસ વેગાસ: તાઈવાનની અગ્રણી સ્માર્ટફોન આઈસી (IC) ડિઝાઈનર કંપની મીડિયાટેક ઈન્ક. એ લાસ વેગાસમાં યોજાયેલા કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ શો (CES) ૨૦૨૬ માં તેની અત્યંત અદ્યતન 'ફિલોજિક 8000' ફેમિલી વાઈ-ફાઈ 8 ચિપસેટનું અનાવરણ કર્યું છે. આ નવી ટેકનોલોજી વાયરલેસ કનેક્ટિવિટીના ક્ષેત્રમાં એક સીમાચિહ્ન સમાન ગણવામાં આવે છે, જે ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ઉત્પાદનો અને એપ્લિકેશન્સ માટે ઉચ્ચ વિશ્વસનીયતા અને અવિરત જોડાણ પ્રદાન કરશે.નવું વાઈ-ફાઈ 8 પ્લેટફોર્મ બ્રોડબેન્ડ ગેટવે અને એન્ટરપ્રાઈઝ એક્સેસ પોઈન્ટ્સથી લઈને સ્માર્ટફોન, લેપટોપ, ટેબ્લેટ, ટીવી અને સ્ટ્રીમિંગ ઉપકરણો જેવા અનેક કન્ઝ્યુમર પ્રોડક્ટ્સમાં ઉપયોગમાં લેવાશે.

## એક્સિસ બેંકે વધી રહેલી ડિજિટલ છેતરપિંડીઓને નાથવા ગ્રાહક-નિયંત્રિત સુરક્ષા સુવિધાઓ સાથે સેફ્ટી સેન્ટર રજૂ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 07

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંકો પૈકીની એક એક્સિસ બેંકે એક્સિસ મોબાઈલ બેંકિંગ એપ 'open' પર તેનું નવું 'Safety Centre' (સેફ્ટી સેન્ટર) લોન્ચ કર્યાની જાહેરાત કરી છે. આ સિક્યોરિટી હબ ગ્રાહકોને બેંકની બ્રાન્ચની મુલાકાત લીધા વિના અથવા કસ્ટમર કેરનો સંપર્ક કર્યા વિના જ બિનઅધિકૃત અથવા શંકાસ્પદ પ્રવૃત્તિઓ સામે પોતાના ખાતાને સુરક્ષિત રાખવા માટે વાસ્તવિક સમયમાં, ગ્રાહક દ્વારા નિયંત્રિત સુરક્ષા સુવિધાઓ પૂરી પાડે છે. આ સેફ્ટી સેન્ટર મહત્વની ડિજિટલ બેંકિંગ કામગીરીઓ પર સંપૂર્ણ અંકુશ પૂરો પાડે છે જેનાથી ગ્રાહકો તેમના વપરાશ અને આરામના આધારે સિક્યોરિટી સેટિંગ્સ કરી શકે છે. મુખ્ય સુવિધાઓ નીચે મુજબ છે:

એસએમએસ શિલ્ડ: ઉદ્યોગનું સૌપ્રથમ ફીચર જે એક્સિસ બેંકના ઓફિશિયલ આઈડી સામે મોકલનારના આઈડીને ચેક કરીને એસએમએસ સંદેશાઓની પ્રમાણભૂતતાની ખરાઈ કરે છે

ઈન્ટરનેટ બેંકિંગની સુવિધા બંધ: જરૂર ન હોય તો ઈન્ટરનેટ બેંકિંગની એક્સેસને સંપૂર્ણપણે બંધ કરે છે

ફંડ ટ્રાન્સફર બંધ: એક જ વખતમાં મોબાઈલ બેંકિંગ અને ઈન્ટરનેટ બેંકિંગ પર તમામ પ્રકારના ફંડ ટ્રાન્સફરની ક્ષમતાઓને તરત જ નિયંત્રિત કરે છે.

નેટ બેંકિંગનો ઉપયોગ કરીને ઓનલાઈન શોપિંગ અટકાવે છે: આ સુવિધા નેટ બેંકિંગનો પેમેન્ટ મોડ તરીકે ઉપયોગ કરતી થર્ડ પાર્ટી એપ્સ દ્વારા (ઉદાહરણ તરીકે ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ) થતા વ્યવહારોને પણ અટકાવે છે.

## આઈએસપીએલ સુરતમાં રજૂ કરે છે અત્યંત રોમાંચક ક્રિકેટિંગ એક્શન: સીઝન 3 શુક્રવારથી શરૂ થશે

સુરત | ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (આઈએસપીએલ)નો રોમાંચ સમગ્ર સુરત પર છવાઈ જવા માટે તૈયાર છે. સ્પોર્ટ્સ પ્રત્યે અદમ્ય જોશ ધરાવતાં ગુજરાતના સૌથી મહત્વના શહેરો પૈકીના એક સુરતમાં ભારતની અગ્રણી ટી10 ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટની સીઝન 3નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. તેની દિલધડક રમત, નવા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન અને મેદાન પરના રોમાંચક માહોલ માટે જાણીતી ISPL સીઝન 3, શહેરના ક્રિકેટ ચાહકોને એક મહિના સુધી ચાલનારા ભવ્ય ખેલ મહોત્સવનું વચન આપે છે.સુરતમાં લીગના આગમન નિમિત્તે આજે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીગ કમિશનર અને કોર કમિટીના સભ્ય સૂરજ સામત, સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી ડો. નૈમેષ કે. દેસાઈ અને પ્રેસિડેન્ટ (ઓપરેશન્સ) દીપક ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આગામી સીઝન વિશેની માહિતી ઉપલબ્ધ બનાવી હતી અને ISPL સીઝન 3 માટે યજમાન શહેર તરીકે સુરતના મહત્વને દર્શાવ્યું હતું.ISPL સીઝન 3 લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે 9 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી દરમિયાન યોજાશે, જેમાં કુલ 44 રોમાંચક મેચો રમાશે.આ સિઝનમાં આઠ ટીમો ભાગ લેશે: જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન માઝી મુંબઈ (અમિતાભ બચ્ચનની સહ-માલિકી), ટાઈગર્સ ઓફ કોલકાતા (સૌરવ ગાંગુલી, સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાનની સહ-માલિકી), શ્રીનગર કે વીર (અક્ષય કુમારની સહ-માલિકી), ચેન્નાઈ સિંઘમ્સ (સૂર્યાની સહ-માલિકી), બેંગલુરુ સ્ટ્રાઈકર્સ (હૃતિક રોશનની સહ-માલિકી), ફાલ્કન રાઈઝર્સ હૈદરાબાદ (રામ ચરનની સહ-માલિકી), દિલ્હી સુપર હીરોઝ (સલમાન ખાનની સહ-માલિકી) અને અમદાવાદ લાયન્સ (અજય દેવગણની સહ-માલિકી) ટીમનો સમાવેશ થાય છે.

### રોબોટિક્સ ક્રાંતિ શરૂ... લાસ વેગાસમાં યોજાયેલા CES 2026 દરમિયાન હ્યુન્ડાઈ મોટર ગ્રુપે મહત્વકાંક્ષી રણનીતિ રજૂ કરી

# હ્યુમનોઇડ રોબોટ માસ પ્રોડક્શન માટે હ્યુન્ડાઈ અમેરિકામાં ટેસ્ટબેડ સ્થાપશે

લાસ વેગાસ | દક્ષિણ કોરિયાના દિગ્ગજ વાહન ઉત્પાદક જૂથ હ્યુન્ડાઈ મોટર ગ્રુપ દ્વારા આ વર્ષના અંત સુધીમાં અમેરિકામાં એક અદ્યતન ટેસ્ટબેડ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય 'હ્યુમનોઈડ રોબોટ માસ પ્રોડક્શન' એટલે કે માનવ જેવા દેખાતા રોબોટ્સના મોટા પાયે ઉત્પાદન અને વ્યાપારીકરણને વેગ આપવાનો છે. લાસ વેગાસમાં યોજાયેલા કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ શો (CES) ૨૦૨૬ દરમિયાન કંપનીએ આ મહત્વકાંક્ષી રણનીતિ રજૂ કરી હતી. આ વ્યૂહરચના હેઠળ, ખાસ કરીને બોસ્ટન ડાયનેમિક્સ દ્વારા વિકસિત 'એટલાસ' (Atlas) રોબોટને ઉત્પાદન એકમોમાં તૈનાત કરવામાં આવશે.હ્યુમનોઈડ રોબોટ માસ પ્રોડક્શનના લક્ષ્યને હાંસલ કરવા માટે હ્યુન્ડાઈ અમેરિકામાં 'રોબોટ મેટાપ્લાન્ટ એપ્લિકેશન સેન્ટર' (RMAC) સ્થાપિત કરશે. આ કેન્દ્ર એટલાસ રોબોટ માટે ફેક્ટરીના કાર્યોને



નિર્ધારિત કરશે અને રિમોટ ઓપરેશન તથા સિમ્યુલેશન દ્વારા તેને તાલીમ આપશે. મીડિયા અહેવાલ મુજબ, આ રોબોટ્સને વાસ્તવિક વાતાવરણમાં સખત તાલીમ આપવામાં આવશે જેથી ઉત્પાદનમાં તૈનાત કરતા પહેલા તેમની સુરક્ષા અને કામગીરીની ચોકસાઈની ખાતરી કરી શકાય. હ્યુન્ડાઈ મોટર ગ્રુપના વાઈસ ચેરમેન ચાંગ જે-હૂનના જણાવ્યા મુજબ, રોબોટિક્સ હવે કંપનીના ભાવિ વિકાસ માટેનું મુખ્ય એન્જિન છે.

બોસ્ટન ડાયનેમિક્સના સીઈઓ રોબર્ટ પ્લેટરના જણાવ્યા અનુસાર, એટલાસ રોબોટનો પ્રારંભિક ઉપયોગ લોજિસ્ટિક્સ ક્ષેત્રે કરવામાં આવશે. આ હ્યુમનોઈડ રોબોટ સામાન ઉઠાવવા, ખસેડવા અને એસેમ્બલી લાઈન પર વાહનોને ગોઠવવા જેવી જટિલ કામગીરીમાં પહેલેથી જ પોતાની ક્ષમતા સાબિત કરી ચૂક્યો છે. કંપનીનો હેતુ વર્ષ ૨૦૨૮ સુધીમાં વાર્ષિક ૩૦,૦૦૦ રોબોટ્સનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવતી સિસ્ટમ ઉભી કરવાનો છે. આ ટેકનોલોજીથી ફેક્ટરીઓમાં કામદારો માટે જોખમી ગણાતા કાર્યો રોબોટ્સ દ્વારા સુરક્ષિત રીતે પૂર્ણ કરી શકાશે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષમતાઓને વધારવા માટે હ્યુન્ડાઈ વિશ્વની અગ્રણી ટેકનોલોજી કંપનીઓ સાથે સહયોગ કરી રહી છે. ગત વર્ષે એનવીડિયા (Nvidia) સાથેની ભાગીદારી બાદ, હવે કંપની ગૂગલના એઆઈ યુનિટ 'ડીપમાઈન્ડ' (DeepMind) સાથે કામ કરી રહી છે. ગૂગલ ડીપમાઈન્ડના રોબોટિક્સ વડા કેરોલિના પરાડાએ પુષ્ટિ કરી છે કે ટેકનોલોજીનું આદાનપ્રદાન પહેલેથી જ શરૂ થઈ ગયું છે. આ ભાગીદારીથી રોબોટ્સમાં વિચારવાની અને નિર્ણય લેવાની ક્ષમતા વધુ સચોટ બનશે.

વ્યવસાયને મોટા પાયે વિસ્તારવા માટે હ્યુન્ડાઈ 'સબસ્ક્રિપ્શન-આધારિત મૉડેલ' એટલે કે સેવા તરીકે રોબોટિક્સ (RaaS) પર વિચાર કરી રહી છે. આ યોજના હેઠળ, રોબોટ્સને પહેલા મોટા પાયે ઉત્પાદન સ્થળોએ તૈનાત કરી ડેટા એકત્ર કરવામાં આવશે અને ત્યારબાદ તેની વિશ્વસનીયતાના આધારે અન્ય કંપનીઓને સેવામાં આપવામાં આવશે. હ્યુન્ડાઈ મોબીસ આ ઈકોસિસ્ટમમાં રોબોટિક હિલચાલ માટે જરૂરી એક્ટ્યુએટર ટેકનોલોજી વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

## News Brief

#### અદાણી ફાઉન્ડેશને આગોતરા ટીબી નિદાન માટે

### પોર્ટેબલ એક્સ-રે ટેકથી એસીસી ગાગલ, અમેથા, ટિકરિયા પ્લાન્ટ્સની નજીકના સમુદાયો માટે અભિયાન ચલાવ્યું

નવી દિલ્હી | એસીસીવૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો ભાગ છે. તે સૌથી ઝડપથી વિકસતી બિલ્ડિંગ મટિરિયલ્સ અને સોલ્યુશન્સ કંપની ભારતનાટીબી મુક્ત ભારત અભિયાનનેટેક્નોલોજી આધારિત હેલ્થકેરદરમિયાનગીરીઓ દ્વારા સમર્થન આપી રહી છે. અદાણી ફાઉન્ડેશન સાથેની ભાગીદારીમાં,એસીસીએઅમેથા,ટિકરિયા અને ગાગલના દુરના પ્રદેશોમાં ટીબીની તપાસના પ્રયાસોને મજબૂત બનાવ્યા છે.આ સ્થળોએ ડાયગ્નોસ્ટિક સુવિધાઓની મર્યાદિત પહોંચને કારણે ઘણીવાર ટીબીની તપાસ અને સારવારમાં વિલંબ થતો હતો. આ વિલંબને ઘટાડવા માટે,એસીસીએ હેન્ડહેલ્ડ પોર્ટેબલ ટીબી એક્સ-રે મશીનો તૈનાત કર્યા છે, જે સમુદાયોમાં ઝડપી,ઑન-સાઈટ સ્ક્રીનિંગને સક્ષમ કરે છે અને મુસાફરી સંબંધિત અવરોધોને દૂર કરે છે.

#### અમદાવાદથી આણંદ સુધી, ભારતીય નિકાસકારો અને એમેઝોન પરની

### ડીટુસી બ્રાન્ડ્સે 20 અબજ ડોલરનું સીમાચિહ્ન પાર કર્યું, ગુજરાતના વેચાણકર્તાઓનો આંક 24,000ને પાર

નવી દિલ્હી | એમેઝોને જાહેરાત કરી હતી કે તેણે 2015થી 2025 દરમિયાન 2 લાખથી વધુ ભારતીય નિકાસકારોને કુલ 20 અબજ ડોલરની ઈ-કોમર્સ નિકાસનો આંકડો પાર કરવા સક્ષમ કર્યા છે, જેમાં એમેઝોન ગ્લોબલ સેલિંગ પ્રોગ્રામનો પણ સમાવેશ થાય છે. 2020માં એમેઝોને 2025 સુધીમાં ભારતમાંથી કુલ 10 અબજ ડોલરની ઈ-કોમર્સ નિકાસ મજબૂત કરવાનું વચન આપ્યું હતું, જે પછીથી તે જ સમયમર્યાદામાં 20 અબજ ડોલર કરવામાં આવી હતી. એમેઝોને આ વચન સમય પહેલા પૂરું કર્યું છે. એમેઝોનના 2015માં શરૂ કરાયેલા મુખ્ય ઈ-કોમર્સ નિકાસ કાર્યક્રમમાં એમેઝોન ગ્લોબલ સેલિંગે, નિકાસકારોને વિશ્વભરના કરોડો ગ્રાહકોને 75 કરોડથી વધુ 'મેડ ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સ વેચવામાં મદદ કરી છે. આ પ્રોગ્રામ પર કુલ વેચાણકર્તાઓની સંખ્યા છેલ્લા વર્ષમાં 33 ટકાથી વધુ વધી છે.

#### ગુજરાતમાં બનાવટી એગ્રોકેમિકલ્સ નેટવર્કનો પર્દાફાશ

### એન્ફોર્સમેન્ટ એજન્સીઓના અંદાજ મુજબ ગેરકાયદેસર વેપારનો આંકડો રૂ. 1,000 કરોડથી વધુનો છે

નવી દિલ્હી | ગુજરાત, ભારત, 7 જાન્યુઆરી, 2026 - એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ સમગ્ર ગુજરાતમાં બનાવટી અને ભેળસેળયુક્ત એગ્રોકેમિકલ્સના ઉત્પાદન અને વિતરણ સાથે સંડોવાયેલા વિશાળ અને સંગઠિત નેટવર્કનો ભાંડો ફોડ્યો છે. આ નેટવર્ક ખેડૂતોની આજીવિકા, ગ્રાહક સુરક્ષા તથા ભારતના કૃષિ અર્થતંત્ર સામે ગંભીર ખતરો ઊભો કરે છે.એન્ફોર્સમેન્ટ એજન્સીઓની તાજેતરની કામગીરી રાજકોટમાં 30 ડિસેમ્બરે હાથ ધરવામાં આવી હતી. 2025માં અમદાવાદમાં 20 નવેમ્બરે, રાજકોટમાં 12 ઓક્ટોબરે અને વધુ એક પગલામાં રાજકોટમાં 1 સપ્ટેમ્બર સહિતની કરાયેલી વિવિધ એફઆઈઆર અને દરોડા પછી આ કામગીરી હાથ ધરાઈ હતી. આ પગલે પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ હોવાનું બતાવતી બનાવટી એગ્રોકેમિકલ કામગીરીઓના વધી રહેલું કદ અને તેનો પ્રસાર ધ્યાનમાં આવ્યા છે.

#### વાર્વી ગ્લોબલ લિમિટેડ (પહેલા આર્વી ડેનિમ અને એક્સપોર્ટ્સ લિમિટેડ) એ

### નોન-ડેનિમ શર્ટિંગ અને સુટિંગ ફેબ્રિક્સમાં તેની ઉત્પાદન ક્ષમતા પ્રતિમાસ 6 લાખ મિટર જેટલી વધારી

નવી દિલ્હી | વાર્વી ગ્લોબલ લિમિટેડ (જે પહેલા આર્વી ડેનિમ્સ અને એક્સપર્ટ્સ લિમિટેડ તરીકે જાણિતી હતી) (એનએસઈ:વીજીએલ, બીએસઈ:514274) એક અગ્રણી ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ કંપની જાહેર કરે છે કે, તેમના નોન-ડેનિમ્સ- શર્ટિંગ્સ અને સુટિંગ્સ ફેબ્રિક્સની ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર વિસ્તરણ કરે છે.નવી મેનેજમેન્ટ નીતિમાં ડેનિમ ઉપરાંત વૈવિધ્યતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી છે, કંપનીએ સફળતાપૂર્વક તેની ઉત્પાદન ક્ષમતા પ્રતિ માસ 6 લાખ મીટર વધારી છે, જેનાથી નોન- ડેનિમ્સ- શર્ટિંગ અને સુટિંગ્સ ફેબ્રિક્સની પ્રતિ માસ કુલ ઉત્પાદન ક્ષમતા 12 લાખ મીટરથી વધીને 18 લાખ મીટર થઈ છે.આ ક્ષમતાનું વિસ્તરણ એ કંપનીના નોન- ડેનિમ સેગમેન્ટમાં દર મહિને 50 લાખ મીટર સુધીની ઉત્પાદન ક્ષમતા હાંસિલ કરવાના લક્ષ્યાંકનો મુખ્ય સિમાચિન્હ છે.

### લોડ્ર્સ માર્ક 153 યુએસ એફડીએ-લિસ્ટેડ ઉત્પાદનો સાથેની એક કંપની બની

નવી દિલ્હી | ભારતની સૌથી ઝડપી વિકસતી વિવિધ ક્ષેત્રોની કોન્ગ્લોમરેટ્સમાંની એક લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે 153 ઓર્થોસર્જિકલ પ્રોડક્ટ્સ માટે યુએસ એફડીએ રજિસ્ટ્રેશન મેળવતી કંપનીઓમાં સ્થાન મેળવીને એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન હાંસલ કર્યો છે, જેના દ્વારા ભારતીય મેડિકલ ડિવાઈસ ઉત્પાદકો માટે નવો બેન્ચમાર્ક સ્થાપિત થયો છે.બધા ઓર્થોસર્જિકલ પ્રોડક્ટ્સ લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝના વૈશ્વિક સ્તરે સંકલિત (ગ્લોબલી અલાઈન્ડ) મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમમાં તૈયાર કરવામાં આવે છે, જે ઉચ્ચતમ નિયમનાત્મક અનુપાલન ધોરણોને પૂર્ણ કરવા માટે વિકસાવવામાં આવ્યું છે.

### મહિન્દ્રાએ ઈલેક્ટ્રિક કાર XUV 3XO EV લૉંચ કરી : કિંમત રૂ. 13.89 લાખથી શરૂ

નવી દિલ્હી | ભાણીરતની અગ્રણી એસયુવી ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ઈલેક્ટ્રીક વ્હિકલ XUV 3XO EV લૉંચ કર્યું છે, જેની કિંમત રૂ. 13.89 લાખથી શરૂ થાય છે. માનવંતા ગ્રાહકોની અપેક્ષાઓ અને અત્યાધુનિક જરૂરિયાતોને પહોંચી વળવા તૈયાર કરવામાં આવેલ XUV 3XO EV અર્બન ડિઝાઈન, પર્ફોમન્સ, સલામતી અને અત્યાધુનિક ટેકનોલોજીનું સંપૂર્ણ સંતુલન છે.

આ નવું ઈલેક્ટ્રીક વાહન સમકાલની વલણ ધરાવે છે, જે રસ્તા પર આત્મવિશ્વાસ આપે છે અને તે XUV 3XO પરિવારની કાર હોવાનું તરત જ ઓળખી શકાય છે. અંદરની બાજુ આ કાર આધુનિક સૌંદર્ય શાસ્ત્રને ઉત્કૃષ્ટ વાતાવરણ સાથે મિશ્રિત કરે છે-જે દરેક યાત્રામાં આરામ આપવા માટે રચાયેલું છે. તેની સ્ટાઈલિશ ડિઝાઈન ઉપરાંત XUV 3XO EV વ્યવહારુ માલિકી આપે છે, જે ગ્રાહકો માટે અફોર્ડેબલ પસંદગી સાબિત થાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ વદ-06

# પંજાબમાં વધી રહેલા ગુનાહિત બનાવો

દુર્ભાગ્યપૂર્ણ છે કે પંજાબમાં ટાર્ગેટ કિલિંગનો સિલસિલો અટકવાના કોઈ સંકેત દેખાતો નથી. હિંમતવાન હત્યારાઓ તેમની યોજનાઓને અમલમાં મૂકે છે અને છૂટી જાય છે. વિડંબના એ છે કે પંજાબમાં નવા વર્ષની શરૂઆત દિવસે થયેલા અનેક હત્યાઓ સાથે થઈ છે. લુધિયાણા જિલ્લામાં ભૂતપૂર્વ કબડ્ડી ખેલાડીની ક્રૂર હત્યા હોય કે અમૃતસરમાં મેરેજ રિસોર્ટમાં ધારાસભ્યના નજીકના સરપંચ પર ક્રૂર ગોળીબાર, આ ઘટનાઓ દર્શાવે છે કે પંજાબમાં ગુનેગારોએ કાયદાનો ભય ડર ગુમાવી દીધો છે. આ ઘટનાઓ ચોક્કસપણે એક જટિલ સમસ્યા તરફ ઈશારો કરે છે જે પંજાબમાં એક ગંભીર પડકાર ઊભો કરે છે. આ ચિંતાજનક પરિસ્થિતિ ગુનાહિત ગેંગના સતત મજબૂત થતા નેટવર્ક, ઘાતક શસ્ત્રોની સરળતાથી ઉપલબ્ધતા અને પોલીસ દળ પર સતત વધતા દબાણને કારણે છે. દરમિયાન, વિપક્ષી પક્ષો આરોપો અને પ્રતિ-આરોપોનો વેપાર કરવાનું ચાલુ રાખે છે અને રાજકીય હેતુઓ માટે મુખ્યમંત્રી ભગવંત માનના રાજીનામાની માંગ કરે છે. દરમિયાન, સરકાર આ કટોકટીને તેના પુરોગામીઓ દ્વારા છોડી દેવામાં આવેલા વારસાને આભારી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ નિવેદન નાગરિકોની અસુરક્ષાને દૂર કરતું નથી. પંજાબના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દલીલ કરે છે કે પંજાબમાં ગુનાખોરીનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણો ઓછો છે, પરંતુ રાજ્યના વધતા ગુનાખોરીના સંકટને અવગણી શકાય નહીં. ચોક્કસપણે, જ્યારે ભીડભાડવાળા વિસ્તારોમાં હત્યાઓ થાય છે, ત્યારે લોકો કાયદો અને વ્યવસ્થામાંથી વિશ્વાસ ગુમાવે છે. દરમિયાન, રાજ્યના પોલીસ મહાનિર્દેશક દલીલ કરે છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ISI, ડ્રોન દ્વારા શસ્ત્રો, દારૂગોળો અને ડ્રગ્સ મોકલીને સરહદી રાજ્ય પંજાબ સામે પ્રોક્સી યુદ્ધ ચલાવી રહી છે. આ નિઃશંકપણે આ સરહદી રાજ્ય માટે ગંભીર ચિંતાનો વિષય છે. ગુનેગારોને પાકિસ્તાન આશ્રય આપવા અંગે પંજાબ DGPનું નિવેદન નિઃશંકપણે ચિંતાજનક છે, ખાસ કરીને એક દાયકાથી આતંકવાદનો સામનો કરી રહેલા રાજ્ય માટે. જોકે, પંજાબના ગુનાખોરીના સંકટને ફક્ત બાહ્ય પરિબળોને આભારી ન શકાય. તે પોલીસ વિભાગની શિથિલતા અને ગુપ્તચર તંત્રની નિષ્ફળતા તેમજ સામાજિક વિકૃતિઓથી ઉદ્ભવતી કટોકટી છે. નિઃશંકપણે, રાજ્યમાં બેરોજગારી વધારે છે. બંદૂક સંસ્કૃતિનો મહિમા પણ એક ગંભીર પડકાર છે. દરમિયાન, યુવાનોમાં રાતોરાત સંપત્તિનો લોભ સ્થાનિક અને પ્રાદેશિક ગેંગના વિકાસમાં ફાળો આપતું મુખ્ય પરિબળ છે. વધુમાં, પોલીસ વિભાગના માળખામાં કેટલીક વિસંગતતાઓ સ્પષ્ટ છે. ઉદાહરણ તરીકે, પોલીસ તંત્ર ઉચ્ચ કક્ષાના અધિકારીઓથી વધુ પડતું ભારણ ધરાવે છે, છતાં ફિલ્ડ સ્ટાફ પર વધુ પડતું ભારણ છે. વધુમાં, પોલીસ કામગીરીમાં રાજકીય હસ્તક્ષેપના આરોપો લગાવવામાં આવ્યા છે. આ જ કારણ છે કે, કેટલીક સફળતાઓ છતાં, પોલીસ જાહેર વિશ્વાસ મેળવવા માટે સંઘર્ષ કરી રહી છે. રાજકીય ભાષણોથી આગળ વધીને, રાજ્ય સરકારે તેની વ્યૂહરચના બદલવી જોઈએ અને જમીન પર ગંભીર પ્રયાસો કરવા જોઈએ. વર્તમાન પરિસ્થિતિમાં, બહુપક્ષીય વ્યૂહરચનાની તાત્કાલિક જરૂર છે. હાઈ-ટેક ગુનેગારો પર કાર્યવાહી કરવા માટે પોલીસ સુધારાઓને પ્રાથમિકતા આપવી જોઈએ. વધુમાં, ગુના નિયંત્રણમાં કેન્દ્રીય એજન્સીઓ સાથે વધુ સારા સંકલનની જરૂર છે. વધુમાં, બંદૂક માલિકીને કાબુમાં લેવા માટે કાયદાનો કડક અમલ જરૂરી બનશે. રાજ્યમાં રોજગારીની તકો વધારવા, કૌશલ્ય વિકાસમાં નોંધપાત્ર રોકાણ કરવા અને ગેરમાર્ગે દોરાયેલા યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે આયોજિત પ્રયાસો કરવા જોઈએ. એક દાયકાથી ઉગ્રવાદનો ભોગ બનેલા રાજ્યમાં, ગુનેગારો પર મોટી કાર્યવાહી એ સમયની જરૂરિયાત છે. સત્તામાં બેઠેલા લોકોએ ખાતરી કરવી જોઈએ કે પંજાબની મહેનતથી મેળવેલી શાંતિ ક્યારેય ગુંડાઓ, ડ્રગ માફિયાઓ અને આતંકવાદીઓના ઘાતક સાંઠગાંઠથી નષ્ટ ન થાય.

## મનરેગા યોજનાનું નામ વિકસિત ભારત જીરામજી કેમ કરાયું ના પાઠ

# નર્મદા જીલ્લા પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલે રાજપીપળા કમલમ ખાતે પાઠ પઢાવ્યા



મનરેગા યોજના મા ગેરરીતિઓ થતી હોવાનો રાજ્ય સરકાર ના મંત્રી નો રાજપીપળા ખાતે ની પત્રકાર પરિષદ મા સ્વીકાર

ભરત શાહ | નર્મદા | તા. ૭ સંસદ ના શિયાળુ સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભા બંને ગૃહો માંથી પસાર થયેલ ગ્રામીણ રોજગાર ગેરંટી માટે નો અતિ મહત્વપૂર્ણ બિલ કે જે અગાઉ મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ એક્ટ મનરેગા તરીકે જાણીતું હતું જેનું નામકરણ કરી કેન્દ્ર સરકારે વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન એટલે કે જી રામજી કરતા તેના સમગ્ર દેશમાં ભારે પ્રત્યાઘાત પડ્યા છે, કોંગ્રેસ પાર્ટી એ 2005 થી અમલી બનાવેલ રોજગાર ગેરંટી યોજના માંથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ના નામ ને કેન્દ્ર સરકારે બદલી આ યોજના નું નવું નામ જી રામજી કરતા દેશ વ્યાપી આંદોલનો કર્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટી એ પણ આ યોજના થકી દેશવાસીઓ ને કેટલા લાભ મળશે અને ભ્રષ્ટાચાર મુક્ત યોજના થશે.

## ગીરગઢડા તાલુકા ના નવા ઉગલા ગામે

# મામાએ દે હિંમતપૂર્વક દોડી આઠ વર્ષની ભાણકી ને દીપડાને સકંજામાંથી છોડાવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | ગીરગઢડા તાલુકાના નવા ઉગલા ગામનો બનાવ ગીરગઢડા તાલુકાના નવા ઉગલા ગામે મામાએ હિંમતપૂર્વક સામનો કરી આઠ વર્ષની ભાણકીને દીપડાના સકંજામાંથી છોડાવી તેનો જીવ બચાવ્યો હતો. આ ઘટનાને પગલે વન વિભાગે પાંજરા ગોઠવી દીપડાને પકડવા કવાયત હાથ ધરી છે.ઈજાગ્રસ્ત બાળકીને ઊના હોસ્પિટલે સારવારમાં ખસેડાઈ, વન વિભાગે સીમમાં પાંજરા ગોઠવ્યા નવા ઉગલા ગામે રહેતા દિનેશભાઈ ગોવિંદભાઈ પરમારની ૮વર્ષની પુત્રી જિજ્ઞાસા મકાનની સામે આવેલા ફળીયામાં રમવામાં મશગુલ હતી. આ સમયે શિકારની શોધમાં આવી ચડેલો દીપડો તેને માથાના ભાગેથી દબોચી ભાગવા લાગ્યો હતો. આ દ્રશ્ય મામા હિંમતભાઈ જોઈ જતા પળનો પણ વિલંબ કર્યા વગર ભાણકીને બચાવવા લાકડી લઈ દીપડા પાછળ દોડી હાકલા પડકારા કર્યા હતા. જેથી દીપડો બાળકીને મોઢામાંથી છોડી સીમ તરફ નાસી ગયો હતો. દીપડાના હુમલા માં બાળકીને માથા અને કમરના ભાગે ઈજા થતાં પ્રથમ ગીરગઢડા અને વધુ સારવાર માટે ઊના હોસ્પિટલે ખસેડાઈ હતી. જ્યાં ડોક્ટરે સારવાર આપી તેને ભયમુક્ત કરી હતી. આ ઘટનાને પગલે વન વિભાગના સ્ટાફે સીમમાં પાંજરા ગોઠવી દીપડાને પકડવા તજવીજ શરૂ કરી છે.

## જુનાગઢ ટ્રેકર મોત મામલે વન વિભાગના સી.એફ. એ આપ્યું મહત્વનું નિવેદન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | અપડેટ્સ ન્યૂઝ જૂનાગઢ વન વિભાગના ટ્રેકરને બેભાન કરવાની ગનનું ઈન્જેક્શન લાગવાથી મૃત્યુ થયાનો મામલો વન વિભાગના સી.એફ. એ આપ્યું મહત્વનું નિવેદન માણસ કરતા સિંહણને વધુ માત્રામાં એનેસ્થેસિયાનો ડોઝ આપવામાં આવતો હોય છે .માણસ કરતા સિંહણનો ત્રણથી ચાર ગણો વધુ વજન હોય છે .જેથી માણસ કરતા ત્રણથી ચાર ગણો વધુ ડોઝ વન્ય પ્રાણીને આપવો પડે છે એનેસ્થેસિયાનો વધુ પડતા ડોઝના કારણે સારવાર દરમિયાન થયું છે મોત સાસણના વેટરનરી તબીબી દ્વારા સિંહણને બેભાન કરવા માટે છોડવામાં આવી હતી ગનમાંથી ઈન્જેક્શનની ગોળી સિંહણના પાછળના ભાગે ઉભા હતા ટ્રેકર અશરફભાઈ અશરફભાઈને ડાબા હાથમાં એનેસ્થેસિયાનો ડોઝ લાગી ગયો હતો.

## વાવ- થરાદ જિલ્લામાં કુદરતી આપત્તિ વ્યવસ્થાપન માટે તાલુકા કક્ષાએ લાયઝન અધિકારીશ્રીઓની નિમણૂક કરાઇ

પાલનપુર | વાવ- થરાદ જિલ્લામાં પુર, વાવાઝોડું, ભારે વરસાદ તેમજ અન્ય કુદરતી આપત્તિ સમયે અસરકારક રીતે સામનો કરી શકાય અને શક્ય તેટલું નુકશાન ઘટાડવાના આયોજનના ભાગરૂપે તેમજ તાલુકા કક્ષાએ વિવિધ કામગીરીનું સુયોગ્ય સંકલન થાય તે હેતુસર તાલુકા કક્ષાએ લાયઝન અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે.

જે અનુસંધાને નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓને તેમની સામે દર્શાવેલ તાલુકાઓમાં લાયઝન અધિકારી તરીકેની કામગીરી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી સુપ્રત કરવામાં આવે છે.

૧. પ્રાંત અધિકારીશ્રી, થરાદ - થરાદ તાલુકા તથા રાહ (થરાદ નગરપાલિકા વિસ્તાર સહિત)

૨. પ્રાંત અધિકારીશ્રી, દિયોદર - દિયોદર તથા લાખણી તાલુકા

૩. પ્રાંત અધિકારીશ્રી, સુઈગામ - ભાભર તથા સુઈગામ તાલુકા (ભાભર નગરપાલિકા વિસ્તાર સહિત)

૪. નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત), જી.પં. વાવ-થરાદ - વાવ તથા ધરણીધર તાલુકા.

## વિસાવદરના નાની મોણપરી ગામે બાળકને ફાડી ખાનાર સિંહણને પકડવામાં સફળતા પણ ટ્રેકરનું મૃત્યુ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | વિસાવદરના નાની મોણપરી ગામે બાળકને ફાડી ખાનાર સિંહણને પકડવા માટે વનવિભાગની ટીમો રવિવારે રેસ્ક્યુ ઓપરેશન કરી રહી હતી. ત્યારે સિહણને બેભાન કરવા માટે છોડાયેલું ટ્રેન્ક્યુંલાઈઝર ગનનું ડાર્ટ અકસ્માતે એક ટેકરના હાથમાં ઘુસી જતા તેને બેભાન હાલતમાં જૂનાગઢ રીફર કરવામાં આવ્યા હતા, જેનું આજે સવારે સારવાર દરમિયાન મોત નિષજતા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. રવિવારે વિસાવદરના નાની મોણપરી ગામે દાહોદના શૈલેશ સોમાભાઈ પારંગીનો પરિવાર વાડીએ ખેતીકામ કરી રહ્યા હતા. તેનો ૪ વર્ષનો દીકરો શિવમ રમતો હતી, તે સમયે અચાનક એક સિહલ દોડી આવી અને શિવમને દબોચીને ૨૦૦ મીટર દૂર ઢસડીને શરીરે ખોર ભરાવી દઈને ગંભીર ઈજા કરીને ફાડી ખાધાનો બનાવ બન્યો હતો.

## ધારીના રામપરામાં આકસ્મિક રીતે કૂવામાં પડેલા સિંહબાળનું રેસ્ક્યુ વનવિભાગનું સરાહનીય કાર્ય

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | ખેડૂતના કૂવામાં સિંહબાળ પડ્યાની જાણ થતા ટીમો દોડી વન વિભાગે જીવ બચાવીને માતા સિંહણ સાથે મિલન કરાવ્યું ધારી નજીક આવેલા રામપરા ગામે સીમમાં ખેડૂતની વાડીમાં કુવામાં આવેલા અચાનક એક ચારેક મહિનાનું સિંહ બાળ પડી ગયું હતું. વન વિભાગ દ્વારા તેનું રેસ્ક્યુ કરીને જીવ બચાવવામાં આવ્યો હતો તેમ જ તેની માતા સિંહણ સાથે મિલન પણ કરાવ્યું હતું.આ અંગેની વિગતો મુજબ ધારી ગીર પૂર્વના સરસિયા રેન્જ નીચેના રામપરા ગામે આકસ્મિક રીતે સિંહબાળ કૂવામાં પડ્યું હતું. રામપરા ગામના દિનેશભાઈ સખરેલીયા નામના ખેડૂતની વાડીના કુવામાં પડયું હોવાની ખેડૂતે વન વિભાગને જાણ કરતા ટીમો ઘટના સ્થળ પર દોડી ગઈ હતી.

## પ્રભારી મંત્રી પી.સી. બરંડાની અધ્યક્ષતામાં લુણાવાડા ખાતે VB-GRAM-G યોજના અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ...

જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા વિશ્રામગૃહ ખાતે જિલ્લા ભાજપ દ્વારા પ્રભારી મંત્રી પી.સી. બરંડાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સરકાર દ્વારા નવી અમલી બનેલી "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશનની ગેરંટી (ગ્રામીણ) VB-G RAM Gની વિસ્તૃત વિગતો રજૂ કરવામાં આવી હતી.શ્રમિકો માટે ૧૨૫ દિવસની રોજગારીની ગેરંટી યોજનાની વિશેષતાઓ જણાવતા પ્રભારી મંત્રી પી.સી. બરંડાએ જણાવ્યું હતું કે, આ નવી યોજનાથી ગ્રામીણ



રોજગારીના ક્ષેત્રમાં નવો પ્રાણ ફૂંકાશે. અત્યાર સુધી શ્રમિકોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી મળતી હતી, જે હવે વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવી છે. આ ફેરફારથી ગ્રામીણ પરિવારોના આર્થિક સ્તરમાં નોંધપાત્ર સુધારો આવશે અને 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ગ્રામીણ ક્ષેત્રોમાં નવી ઉર્જાનો સંચાર થશે.

## આગામી ઉતરાયણ પર્વ નિમિત્તે પશુ-પક્ષી સંરક્ષણ માટે બનાસકાંઠા વહીવટીતંત્રની નાગરિકોને જાહેર અપીલ

પાલનપુર | આગામી ૧૪ જાન્યુઆરીના રોજ ઉજવાતા ઉતરાયણ પર્વ નિમિતે બનાસકાંઠા જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે, પતંગોત્સવ દરમિયાન ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક (ચાઈનીઝ) દોરી અથવા વધુ કાચ પીવડાવેલી દોરી માનવજીવન તેમજ અબોલ પશુ-પક્ષીઓ માટે અત્યંત જોખમરૂપ છે. સરકારશ્રી દ્વારા આ પ્રકારની દોરીનું ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધિત કરાયેલ હોવાથી, પતંગોત્સવ દરમિયાન આવી દોરીનો ઉપયોગ ન કરવા જનતાને અપીલ કરવામાં આવે છે.આ સાથે ઉતરાયણ



દરમિયાન સવારે ૮:૦૦ વાગ્યા પહેલાં તથા સાંજે ૫:૦૦ વાગ્યા પછી પક્ષીઓની અવર-જવર વધુ હોવાના કારણે આ સમયગાળા દરમિયાન પતંગ ચઢાવવાથી પક્ષીઓને દોરીથી ઈજા થવાની શક્યતા વધે છે. તેથી આ સમયગાળા દરમિયાન પતંગ ન ચઢાવવાથી અબોલ પશુ-પક્ષીઓને ઘાયલ થવાથી બચાવી શકાય છે.

## શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવના સુચારુ આયોજન સંદર્ભે જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

પાલનપુર | શક્તિ, ભક્તિ અને આસ્થાના કેન્દ્ર અંબાજી ખાતે ગુજરાત સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'નું આયોજન કરાશે. સમગ્ર પરિક્રમા મહોત્સવના સુચારુ આયોજનને લઈને આજરોજ જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, પવિત્ર યાત્રાધામ અને આદ્ય શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૩૦ જાન્યુઆરી થી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ત્રણ દિવસીય 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'નું આયોજન કરાશે. જિલ્લા કલેકટરશ્રીએ શ્રદ્ધાળુઓને સંબોધીને જણાવ્યું કે, એક જ જન્મમાં, એક જ દિવસે અને એક જ સ્થળે આધ્યાત્મિક દર્શનનો ભક્તોને લાભ મળી રહે તે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ અંબાજી ગબ્બર પરિક્રમા પથ ખાતે ૫૧ શક્તિપીઠનું નિર્માણ કરાયું હતું. દર વર્ષે મહા સુદ બારસ, તેરસ અને ચૌદસના દિવસે ઉજવણી કરાય છે.

## લુણાવાડા એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે 'માર્ગ સલામતી માસ' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો...

જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લા આર.ટી.ઓ. અને જિલ્લા ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે લુણાવાડા એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે એસ.ટી. ડ્રાઈવરો માટે વિશેષ માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડ્રાઈવરોને માર્ગ પર સલામત ડ્રાઈવિંગ કરવા, ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૧૦૮ ઈમરજન્સી સેવાઓની ટીમ દ્વારા અકસ્માતના સમયે જીવન બચાવવા માટેની કટોકટીની સેવાઓ જેવી કે CPR અને 'ફર્સ્ટ રિસ્પોન્ડર' અંગેની પ્રાયોગિક ટ્રેનિંગ આપવામાં આવી હતી. ૧૦૮ની ટીમે ડ્રાઈવરોને સમજાવ્યું હતું કે કોઈ પણ દુર્ઘટના સમયે હોસ્પિટલ પહોંચતા પહેલાની પ્રાથમિક સારવાર કેવી રીતે જીવલેણ સાબિત થતા અટકાવી શકે છે. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા અને ડ્રાઈવરોને જવાબદાર નાગરિક તરીકે સજ્જ કરવાનો રહ્યો હતો.

આ પ્રસંગે આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી એમ. એમ. પરમાર અને જિલ્લા ટ્રાફિક પીએસઆઈ શ્રી એસ. બી. ઝાલાએ ઉપસ્થિત રહી ડ્રાઈવરોને અકસ્માત નિવારવા માટેની તકેદારીઓ વિશે સમજાવ્યું હતું.

## બારીપાડામાં સીસી રોડના કામમાં લોલમલોલ: ગુણવત્તાના નામે મીંડું અને ભ્રષ્ટાચારના મોટા ગોટા..

ડાંગ | ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયત હેઠળ આવતી બારીપાડા ગ્રુપ ગ્રામ પંચાયતના બારીપાડા ગામમાં વિકાસના કામોમાં ચાલી રહેલી લાલીયાવાડીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.ગામમાં તાજેતરમાં જ જનતાની સુવિધા માટે બનાવવામાં આવેલા સીસી રોડના નિર્માણમાં સરકારી ધારાધોરણોને નેવે મૂકીને મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. સામાન્ય રીતે સીસી રોડની મજબૂતી અને લાંબા સમય સુધીના ટકાઉપણા માટે સરકાર દ્વારા નિર્ધારિત માપદંડો મુજબ ચોક્કસ કદની કપચી (ચિપ્સ) અને સિમેન્ટનું મિશ્રણ વાપરવું ફરજિયાત હોય છે. પરંતુ બારીપાડામાં જવાબદાર કોન્ટ્રાક્ટર અને અન્ય મિલીભગત ધરાવતા લોકોએ પોતાના અંગત આર્થિક સ્વાર્થ અને વધુ નફો મેળવવાના હેતુથી ગુણવત્તા સાથે ખુલ્લેઆમ સમાધાન કર્યું છે.અહીં રસ્તાના



કામમાં નિયમ મુજબની કપચીનો ઉપયોગ કરવાને બદલે પાયામાં જ મોટા કદના પથ્થરના ગોટા નાખી દેવામાં આવ્યા છે, જેના કારણે રોડનું ઉપરનું પડ તો તૈયાર થઈ ગયું છે પણ તેનું અંદરનું માળખું સાવ નબળું રહી ગયું છે.આ પ્રકારની ગંભીર બેદરકારીને કારણે ગામના લાખો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાના આયુષ્ય સામે મોટા સવાલો ઊભા થયા છે.

## ભારતીય જ્ઞાન પ્રણાલીઓની ભુમિકા વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ ખાતે રાજ્ય કક્ષાની એક દિવસીય કાર્યશાળા સંપન્ન

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.૦૭, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કોમર્સ અને મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ અને ગુજરાતનું જ્ઞાન કન્સોર્ટિયમ (KCG), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની સંશોધન અને સુવિધાઓ યોજનાનો પ્રચાર એકમ સંયુક્ત ઉપક્રમે યુનિવર્સીટીનાં કોન્ફરન્સ હોલ માં રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) હેઠળ એક દિવસીય રાજ્ય કક્ષાની વર્કશોપ યોજાયો હતો. ગુજરાત સરકાર દ્વારા સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણને મજબૂત બનાવવા સ્થાપિત યુનિવર્સિટી શૈક્ષણિક શ્રેષ્ઠતા, સંશોધન અને સામાજિક જવાબદારી માટે પ્રતિબદ્ધ છે. વાણિજ્ય, વ્યવસ્થાપન, કલા, વિજ્ઞાન, કાયદો, શિક્ષણ અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં અંડર ગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને પીએચડી કાર્યક્રમોની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે, યુનિવર્સિટીના



વાણિજ્ય અને વ્યવસ્થાપન વિભાગની સ્થાપના વાણિજ્ય અને વ્યવસ્થાપન ક્ષેત્રોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે વાણિજ્ય અને એકાઉન્ટન્સીમાં પીએચડી કાર્યક્રમો સાથે એમ.કોમ (એકાઉન્ટન્સી અને બેંકિંગ અને ફાઈનાન્સ) જેવા અનુસ્નાતક કાર્યક્રમો પણ પ્રદાન કરે છે.

## જૂનાગઢ જિલ્લામાં તા.૨૦ જાન્યુઆરી સુધી મંજુરી વગર સભા સરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૭ જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કોઈ સભા સરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભા સરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાઈ હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસરથી તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકાશે નહીં.

## જેસીઆઈ, જૂનાગઢ 2026 ની ટીમનો ભવ્યાતીભવ્ય શપથવીધી સમારોહ ઉજવાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનીયર ચેમ્બર ઈન્ટરનેશનલ (જેસીઆઈ) ની પ્રણાલી મુજબ દર વર્ષે રોટેશન મુજબ નવી ટીમની નિમણુંક કરવાની હોય, 2026ના હોદેદારોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ જેની શપથવીધી એન.એસ.ફાર્મ, જૂનાગઢ ખાતે યોજવામાં આવેલ. કીરીટભાઈ સંઘવી ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ ત્યારે બહાઉદીન સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ ડો. આર.પી.ભટ્ટ, બહાઉદીન આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડો.જે.આર.વાજા ઈન્સ્ટોલેશન ઓફીસર જેસી અલી સાગર લક્ષ્મીધર ઝોન 8 જેસી રાજીવ મકવાણા જેસી ઉમાકાંત જોશી, બી. ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી જે.જે.પટેલ તથા જેસીઆઈ.ના અધીકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## મહીસાગર જિલ્લા કલેકટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને પ્રજાસત્તાક દિવસની ઉજવણી અંગે સમીક્ષા બેઠક યોજાઈ....

જગદીશ ત્રિવેદી |મહીસાગર જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી ૨૬મી જાન્યુઆરી, 'પ્રજાસત્તાક દિવસ'ના જિલ્લા કક્ષાના કાર્યક્રમ સંદર્ભે જિલ્લા કલેકટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો



મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય પર્વની ઉજવણી ખૂબ જ ભવ્ય અને સુયોજિત રીતે થાય તે માટેનું આગોતરું આયોજન કરવાનો હતો.બેઠક દરમિયાન જિલ્લાના તમામ વિભાગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સેન્ટર ઓફ એક્સીલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ દ્વારા પ્રકાશિત સાવજ પુસ્તકનું વિમોચન થયુ



નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.૭, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સેન્ટર ઓફ એક્સીલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ દ્વારા સંપાદિત 'સાવજ' પુસ્તકનું આજે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણ અને ગુજરાત સાહિત્ય અકાદમીનાં મહામાત્ર ડો. જયેન્દ્રસિંહજી જાદવનાં હસ્તે વિમોચન કરવામાં આવ્યુ હતુ. ઉલ્લેખનિય છે કે પુર્વ કુલપતિ પ્રો.ચેતન ત્રિવેદી, સેન્ટર ઓફ એક્સીલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝનાં નિયામક ડો. નીશિથ ધારૈયાનાં માર્ગદર્શનમાં આ પુસ્તકનું સંપાદન ધિરૂભાઈ પુરોહિત અને સહસંપાદક તરીકે યુનિ.નાં ડો. ઋષિરાજ ઉપાધ્યાયએ સંભાળ્યુ હતુ. આ પુસ્તકમાં ગિરનાં સાવજ વિશે વિષય તજજ્ઞ લેખકોનાં માહિતી સભર આર્ટિકલો વન્યજીવ સૃષ્ટી પ્રેમી અને સિંહ પ્રેમીઓને આ પુસ્તક જ્ઞાનવર્ધક બની રહેશે. યુનિ.નાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે પુસ્તક વિમોચન અંગે વાત કરતા જણાવ્યુ હતુ કે સાવજની ભુમિમાં સાવજની વાત રજુ કરતુ આ પુસ્તક પ્રકૃતિ પ્રેમીઓને ઉપયોગી બની રહેશે.

## બનાસકાંઠા જિલ્લામાં જીલ્લા કલેકટર કચેરી ને બોમ્બ થી ઉડાવી મુકવાની ધમકી ભર્યો ઈમેલ આવ્યો

બનાસકાંઠા | બનાસકાંઠા જિલ્લામાં જીલ્લા કલેકટર કચેરી ને બોમ્બ થી ઉડાવી મૂકવામાં આવશે તેઓ ધમકી ભર્યો ભર્યો ઈમેલ મળતાં સમગ્ર જીલ્લા કચેરીઓ ને પોલિસ દ્વારા ખાલી કરવામાં આવી હતી તમામ કર્મચારીઓ ને તમામ કચેરીમાં થી બહાર કાઢી પોલિસ દ્વારા સઘન તપાસ કરવા માટે સમગ્ર કંપાઉન્ડ ને પોલિસ છાવણી માં ફેરવી નાખવામાં આવ્યું હતું જો કે હજુ બોમ્બ ની ધમકી ભર્યો ઈમેલ કયાંથી આવ્યો છે કોના દ્વારા કરવામાં આવ્યો છે તે તપાસ ચાલુ છે પ્રથમ દષ્ટિ એ પોલિસ દ્વારા મોકડ્રીલ હોય તેવું લાગતું હતું બોમ્બ મૂકવામાં આવ્યો છે તેની હવા સમગ્ર શહેરમાં ફરી વળતા લોકો મા એક પ્રકારની કૂતુહલતા જોવા મળી હતી કર્મચારીઓ પણ ગભરાઈ ગયા હતા.

## ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા,જૂનાગઢ સંચાલિત ગૌશાળામાં મહાનગર સેવા સદનનાશ્રી હરસુખભાઈ રાદડિયા તથા શ્રી દીપકભાઈ રૂપારેલિયા તરફથી ગૌ દાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૭. મહાનગર પાલિકા, જૂનાગઢના કમિશ્નરશ્રી તેજસ પરમારની સુચના મુજબ નાયબ કમિશ્નરશ્રી ડી.જે. જાડેજા તથા જયેશ વાજા દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમોને પકડવા માટે સતત કાર્યવાહી કાર્યરત છે. જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ પણ ફરમાવવામાં આવેલ છે.જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા,જૂનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે. આ ગૌશાળા માં હાલ ૬૦૮ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા:૦૬/૦૧/૨૦૨૬ના રોજ મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં મહાનગર સેવા સદનના કર્મચારીશ્રી દીપકભાઈ રૂપારેલિયાના જન્મદિન નિમિતે રૂ.૫૦૦/- નું રોકડ દાન આપવામાં આવેલ છે. તથા મહાનગર સેવા સદનના બાયોલોજિસ્ટ શ્રી હરસુખભાઈ રાદડિયા તરફથી ૫ ગુણી ખોળનું દાન આપવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## કૌભાંડ:-આદિવાસી ખેડૂતોનાં હકના નાણાં ઓળવી જનાર VCE બરતરફ, તપાસનો વ્યાપ વધશે..

ડાંગ | ડાંગ જિલ્લાના છેવાડાના આદિવાસી ખેડૂતો જ્યારે અછત અને કુદરતી પ્રકોપ સામે ઝઝૂમી રહ્યા છે,ત્યારે સરકારી તંત્રમાં બેઠેલા જવાબદાર વ્યક્તિઓ દ્વારા જ ખેડૂતોના હક પર તરાપ મારવાની શરમજનક ઘટના સામે આવી છે. વર્ષ 2024-25ના પાક નુકસાની વળતર મામલે સરકારે અમલી બનાવેલી 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' (DBT) યોજનામાં મોટું ગાબડું પાડીને,દીવાનટેમ્બ્રુન ગ્રામ પંચાયતનાં VCE (વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર) દ્વારા ખેડૂતોના ખાતામાંથી રકમ ઉપાડી લેવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે.આ સમગ્ર કૌભાંડનો ભાંડાફોડ મીડિયાના અહેવાલો દ્વારા થયો હતો. જ્યારે મીડિયામાં ખેડૂતોની લૂંટના સમાચાર વહેતા થયા, ત્યારે ઊંઘતું વહીવટી તંત્ર સફાળું જાગ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી (DDO) એ આ બાબતની ગંભીરતા સમજી તુરંત તપાસના આદેશ આપ્યા હતા. તપાસ દરમિયાન આહવા તાલુકાની દીવાનટેમ્બરુન ગ્રામ પંચાયતના VCE ની સંડોવણી સ્પષ્ટપણે સામે આવી હતી.નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ.બી. પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, 'ફરિયાદ મળતા જ અમે દીવાનટેમ્બરુન ગ્રામ પંચાયતના સરપંચ, ખેડૂતો અને અસરગ્રસ્ત આદિવાસી ગ્રામજનોને રૂબરૂ બોલાવી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

## જૂનાગઢ જિલ્લામાં રીમોટ સંચાલિત ડ્રોન, એરીયલ મીસાઈલ કે પેરાગ્લાઈડર ચલાવવા પર પ્રતિબંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૭, જૂનાગઢ જિલ્લાના ક્રિટીકલ/ સ્ટ્રેટઝીકલ ઈન્સ્ટોલેશન સ્થળો ખાતે ઉપલી સત્તા તરફથી અન્ય કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ સ્થળો તથા તેની આજુબાજુના યાદીમાં જણાવ્યા અનુસારના વિસ્તારોમાં રિમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા, એરીયલ મીસાઈલ કે પેરાગ્લાઈડ રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફ્ટ ચલાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ત્યારે આ તમામ બાબતોને ધ્યાનમાં રાખતા, જૂનાગઢના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એસ.બારડ ને મળેલી સત્તાની રૂએ રેડ ઝોનમાં રીમોટથી ચાલતા એરક્રાફ્ટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે નહિ, યલો ઝોનમાં એરક્રાફ્ટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડવા માટે ડીઝીસ્કાય એપ ઉપરથી મંજુરી મળી શકશે. તે માટે ડીઝીસ્કાય એપ ઉપર અરજી કરવાની રહેશે અને ગ્રીન ઝોનમાં ડીઝીસ્કાય ઉપરથી મંજુરીની રાહ જોયા સિવાય ગ્રીન ઝોનમાં રીમોટથી ચાલતા એરક્રાફ્ટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે. તેમજ રેડ તથા યલો ઝોન સિવાયના વિસ્તારો ગ્રીન ઝોન ગણાશે. આ તમામ ઝોનની આસપાસના બફર ઝોનમાં લગત ઝોનને અનુરૂપ અમલવારી કરવાની રહેશે. ઉક્ત પ્રતિબંધાત્મક હુકમ તાત્કાલિક અસરથી આગામી તારીખ ૦૬/૦૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

## નલ સે જલ, મનરેગા, ચેકડેમ, શૌચાલય અને પુલ બનાવવાના નામે રૂપિયા ચવાઈ ગયા: સાગર રબારી AAP

# ભાજપે ગુજરાતને ભ્રષ્ટાચાર સિવાય કંઈ આપ્યું નથી: સાગર રબારી AAP

(એજન્સી) અમદાવાદ | તા.07

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મહામંત્રી સાગર રબારીએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, જળ સંપત્તિ વિભાગના એક તાજા રિપોર્ટ મુજબ ગુજરાતના 57 ટકા ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી નથી. પાણીની ગુણવત્તા અને પુરવઠાની રીતે ગુજરાત સમગ્ર દેશમાં 30મા નંબરે છે. ભાજપનું 32મા વર્ષનું શાસન ચાલી રહ્યું છે અને આટલા વર્ષો બાદ પણ ભાજપે ભ્રષ્ટાચાર સિવાય ગુજરાતને કંઈ આપ્યું નથી અને ગુજરાતનું દેવું ચાર લાખ કરોડથી વધારે થઈ ગયું છે. ભાજપે અનેક વાઈબ્રન્ટ સમિટ કર્યા પરંતુ FDIમાં ગુજરાત ત્રીજા નંબરથી ક્યારેય પણ આગળ ગયું નથી અને હાલ જે ચાલુ નાણાકીય વર્ષ ચાલી રહ્યું છે તેમાં દેશના ટોચના પાંચ રાજ્યોમાં ગુજરાત નથી. હવે સરકાર જીલ્લે જીલ્લે વાઈબ્રન્ટ સમિટ કરે છે. વાઈબ્રન્ટ સમિટના નામે મોંઘી ડિશોના જમણવારનો ભ્રષ્ટાચાર, ગુજરાતના લોકોના માથે દેવું ચડાવવું અને એની સામે ગુજરાતની જનતાને જે વળતર મળે છે, એમાં પાણીની ગુણવત્તામાં




ગુજરાતનો દેશમાં 30મો નંબર અને કુપોષણમાં 31મો નંબર છે. નીતિ આયોગના આંકડા પ્રમાણે ગુજરાત માથાદીઠ આવકમાં 10મા નંબર પર આવે છે. ખેડૂતોની આવકની દ્રષ્ટિએ ગુજરાત દેશમાં 12મા નંબરે છે, નાના નાના રાજ્યો માથાદીઠ આવક અને ખેડૂતોની આવકની દ્રષ્ટિએ ગુજરાતથી ઘણા આગળ છે. નીતિ આયોગના કહેવા પ્રમાણે ગુજરાત શિક્ષણમાં ગુણવત્તાની નજરેમાં 18મા નંબરે છે. તો આ તમામ વસ્તુ ભાજપના 32 વર્ષના શાસન દરમિયાન ગુજરાતની જનતાને મળેલી ભેટ છે. આ તમામ આંકડા ગુજરાતી જનતા સુધી આમ આદમી પાર્ટી પહોંચાડશે. વાસ્તવિક રીતે ગુજરાત આજે ક્યાં છે અને ગુજરાતનું શું ભવિષ્ય છે, એ વાત લઈને અમે જનતા સુધી જઈશું.

AAP નેતા સાગર રબારીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ એટલે ભ્રષ્ટાચાર, કોઈને ભાજપી કહો તો એનો મતલબ એ થાય છે કે એ ભ્રષ્ટાચારી છે, એટલી હદે ભ્રષ્ટાચારના તાણાવાણા ભાજપ સાથે વણાઈ ચૂક્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ચાર કલેક્ટરો ભ્રષ્ટાચારના આરોપમાં સસ્પેન્ડ થયા છે. સુરેન્દ્રનગરમાં જે તાજેતરમાં જ કલેક્ટર સસ્પેન્ડ થયા તેમની લાંચનો આંકડો છે કરોડો રૂપિયામાં છે. અમે સ્પષ્ટપણે કહી શકીએ છીએ કે કમલમના આશીર્વાદ વગર કોઈપણ કલેક્ટર આટલા મોટા ભ્રષ્ટાચાર કરવાની હિંમત કરે નહીં.

ભાજપ એવું જ કામ કરે છે જેમાં બેફામપણે ભ્રષ્ટાચાર કરી શકાય. નલ સે જલ યોજનામાં કરોડો રૂપિયા વાપર્યા પરંતુ ગુજરાતની જનતાને પાણી પહોંચાડી શક્યા નહીં. ચેક ડેમો બન્યા પરંતુ ભૂગર્ભ જળ ઊંચા આવતા નથી અને કરોડો રૂપિયા ચવાઈ ગયા, ભ્રષ્ટાચાર કરવા માટે પુલો બનાવવામાં આવે છે અને એ પુલ પડી જાય છે. ભાજપે મનરેગાના બોગસ મજૂરોના ખાતામાં પૈસા નાખીને ઉપાડી લેવાની કળા ભેટમાં આપી છે, શૌચાલય બનાવ્યા વગર બીજાના શૌચાલયના ફોટા પાડવાની કળા ભાજપે શીખવાડી છે. ભાજપ એટલું બેફામ બનીને ભ્રષ્ટાચાર કરે છે કે હવે ગુજરાતની જનતાએ જાગવાની જરૂરત છે. પાણીની ગુણવત્તામાં 30મા નંબર , કુપોષણમાં 31મા નંબરે, માથાદીઠ આવકમાં 10મા નંબરે અને શિક્ષણમાં 18માં નંબરે ગુજરાત છે, તો હું સ્પષ્ટપણે કહેવા માગું છું કે ભાજપમાં અને પ્રધાનમંત્રીમાં જો શરમનો છાંટો હોય તો તેમણે ગુજરાતના જિલ્લા જિલ્લા જઈને વાઈબ્રન્ટના તાયફા બંધ કરી દેવા જોઈએ, કારણ કે તમારા તાયફાઓથી એક રૂપિયાનું FDI ગુજરાતમાં આવતું નથી. વિદેશી કંપનીઓ અહીંયાના ભ્રષ્ટાચાર અને અશાંતિથી થાકી ગઈ છે. માટે કોઈ વેપારી ગુજરાતમાં કોઈ નવું મૂડી રોકાણ કરવા માટે આવતો નથી. જેને પરિણામે ગુજરાતમાં બેરોજગારી કુદકેને ભૂસકે વધી રહી છે , ગુનાખોરી વધી રહી છે, ભાજપે નિખાલસતાથી સ્વીકારવું જોઈએ કે તેમને સત્તા ચલાવતા નથી આવડતી અને તેમણે નિખાલસતાથી રાજીનામું આપી દેવું જોઈએ.

## કરજણ ડેમ થી જીતનગર ચોકડી નો બિસ્માર રસ્તો : અમારા અહેવાલ બાદ યુદ્ધ ના ધોરણે કામગીરી શરૂ



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં વિકાસના કામો માં વેઠ ઉતારી મોટાપાયે ભ્રષ્ટાચાર થતો હોવાની વાત ઘણા વર્ષો થી ચર્ચા માં રહેલી છે ત્યારે હાલ માં કરજણ ડેમ થી જીતનગર ચોકડી નો રસ્તો બિસ્માર હાલત માં હોવાનો અહેવાલ અમે પ્રસિદ્ધ કર્યા બાદ તંત્ર ની ઊંઘ ઉડી અને રસ્તા નું યુધ્ધ ના ધોરણે કામ શરૂ થયું છે. મળતી માહિતી અનુસાર નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકાના કરજણ ડેમ થી જીતનગર ચોકડી નો રસ્તો બિસ્માર હાલતામાં છે જેમાં અત્યારે કરજણ ડેમ થી જીતનગર રસ્તા નું કામ જીસીબી દ્વારા ચાલુ કર્યું હતું પરંતુ રસ્તાનાં ખાડા પડેલ હતા ત્યાં ખોદકામ કરી ગ્રેવેલ દ્વારા પુરાણ કર્યું, આ પુરાણ ના કારણે લોકોને ધૂળ નો સામનો કરવાનો વારો આવતો હોવાનો.અમે અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો અને આ અહેવાલ બાદ તંત્ર ની ઊંઘ ઉડી અને આજથી આ રસ્તા ની કામગીરી.શરૂ થઈ છે.

## સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ ભારતીયોની ચેતનાનો પ્રતિરોધ છે : જગદીશ વિશ્વકર્માં

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ


સુપ્રસિદ્ધ હિંદુ યાત્રાધામ સોમનાથ મંદિર પર મહમૂદ ગઝનવીએ કરેલા બર્બર હુમલાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવા પર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તા. ૮ થી ૧૧ જાન્યુઆરી ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘ નું આયોજન કરવામાં આવ્યું છે જે અન્વયે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સોમનાથ મુલાકાત પૂર્વે ભાજપા પ્રદેશ અધ્યક્ષજગદીશ વિશ્વકર્મા આજે સોમનાથ પંહોચ્યા હતાં જ્યાં તેઓએ પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથ દાદાના દિવ્ય ચરણોમાં નતમસ્તક થઈ પૂજા-અર્ચના કરી સર્વેના મંગલ, સુખ, સમૃદ્ધિ તથા કલ્યાણ માટે મહાદેવને પ્રાર્થના કરી હતી.

જગદીશભાઈ વિશ્વકર્માએ કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘ ના આયોજનની ભવ્ય પૂર્વતૈયારીઓની સમીક્ષા કરી હતી તેમજ વ્યવસ્થાઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી જરૂરી સુચન આપ્યા હતાં. આ પ્રસંગે રાજ્ય



સરકારના કેબિનેટ મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી પ્રદ્યુમનભાઈ વાઝા, રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા, પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી અનિરૂદ્ધભાઈ દવે, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી રમેશભાઈ ધડુક સહિત સ્થાનિક અગ્રણીશ્રીઓ અને આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત પ્રદેશ અધ્યક્ષશ્રીએ વિસ્તારના નવ જિલ્લાના સંગઠનના પદાધિકારીઓ અને આગેવાનો સાથે કાર્યક્રમ સંદર્ભે સમીક્ષા બેઠક યોજી હતી.

## મથલ ડેમના પુલ નીચે પક્ષીઓના માટીના 'કલાત્મક મહેલ' આકર્ષણનું કેન્દ્ર



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં કુદરતી સૌંદર્ય અને પક્ષી જગતનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે.તાલુકાના મથલ ડેમ ખાતે પક્ષીઓની અદભૂત સ્થાપત્યકળા અને જળાશયોના કિનારે વિહરતા પક્ષીઓ પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

મથલ ડેમનો અદભૂત નજારો જોવા મળી રહ્યો છે.માટીના સેંકડો માળા નખત્રાણાના મથલ ડેમના પુલની નીચે પક્ષીઓએ પોતાની આગવી કળાથી માટીના સેંકડો માળા બનાવ્યા છે.ગારા અને ઝીણી માટીનો ઉપયોગ કરીને બનાવેલા આ કલાત્મક માળા જાણે પથ્થરો પર કોતરણી કરી હોય તેવા પ્રતીત થાય છે. આ માળાઓમાં અબબિલ (Swallow) જેવા પક્ષીઓએ પોતાનો વસવાટ કર્યો છે.ડેમ પરથી પસાર થતા લોકો પક્ષીઓની આ અદભૂત કારીગરી અને કુદરતી નજારો નિહાળવા માટે ખાસ રોકાઈ રહ્યા છે. પક્ષીઓના આ ’માટીના મહેલ’ સોશિયલ મીડિયામાં પણ આકર્ષણ જમાવી રહ્યા છે.

પર્યાવરણ અને ખેતી માટે આશીર્વાદ સ્થાનિક પક્ષી પ્રેમીઓના મતે આ પક્ષીઓની હાજરી એ તંદુરસ્ત પર્યાવરણનો સંકેત છે.ખેતી પ્રધાન એવા નખત્રાણા પંથકમાં આ પક્ષીઓ ખેતીના પાકને નુકસાન કરતા જીવજંતુઓ ખાઈને ખેડૂતોના ’મિત્ર’ તરીકેની ભૂમિકા પણ ભજવે છે.એક તરફ ખેતરોમાં રાયડાના પીળા ફૂલો લહેરાઈ રહ્યા છે.તો બીજી તરફ મથલ ડેમ જેવા જળાશયો પર પક્ષીઓનો કલરવ ગૂંજી રહ્યો છે. જો કુદરતી વાતાવરણ આવું જ જળવાઈ રહેશે તો આગામી દિવસોમાં હજુ પણ વધુ સંખ્યામાં પક્ષીઓ અહીં મહેમાન બને તેવી શક્યતા છે.

## ગામડાની ડેલી 'સમય અને સંસ્કૃતિનો સાક્ષી'



જગદીશ દવે |દેશલપર (ગુંતલી)

આ તસવીર માત્ર એક દરવાજો નથી, પણ યાદોનું પ્રવેશદ્વાર છે. ગામડાનો આ જૂનો, ખખડી ગયેલો ડેલો સમયના અનેક ઉનાળા, ચોમાસા અને શિયાળા જોઈ ચૂક્યો છે. તેના લાકડા પરની તિરાડો અને ખસી ગયેલો રંગ કંઈ કેટલીયે પેઢીઓની વાર્તાઓ દબાવીને બેઠો છે.

આ ડેલો માત્ર ઈમારતનો હિસ્સો નથી, પણ ગામના હૃદયનો ધબકાર છે. સવારના પહોરમાં અહીંથી જ ગાયો-ભેંસોનું ધણ નીકળતું, અને સાંજે પાછું ફરતું ત્યારે તેના ગળે બાંધેલ ઘંટડી નો રણકાર સમગ્ર ફળિયામાં ગુંજતો. આ ડેલો શુભ-અશુભ પ્રસંગોનો સાક્ષી રહ્યો છે. જ્યારે ઘરમાં દીકરા ,દીકરીના લગ્નની શરણાઈ વાગતી, ત્યારે આ ડેલો હરખથી ખુલતો અને જ્યારે કોઈ પ્રિયજન અંતિમ વિદાય લેતું, ત્યારે તે ભારે હૃદયે બંધ થતો.

તેની મધ્યમાં દેખાતો નાનો દરવાજો ખાસ કરીને ત્યારે ખુલતો જ્યારે કોઈ અજાણી વ્યક્તિ કે મહેમાન અંદર પ્રવેશતા. આ નાનું બારણું ગામડાના લોકોના સ્વભાવ જેવું છે દેખાવમાં સાદું પણ અંદરથી વિશાળ હૃદય ધરાવતું અને દરેકને આવકારતું. સંસ્કાર અને સુરક્ષા આ ડેલો ગામડાની સંસ્કૃતિનો અરીસો છે. પહેલાના જમાનામાં, આ ડેલા ઘરની અને કુટુંબની મર્યાદા અને સુરક્ષા હતા. જેમ ઘરમાં વડીલોનું માન હોય છે, તેમ આ ડેલો પણ આખા ઘરની પ્રતિષ્ઠાનું પ્રતીક હતો.

આજે ભલે આ લાકડા પર ધૂળ જામી ગઈ હોય, લોખંડની પટ્ટીઓ કાટ ખાઈ ગઈ હોય, અને આજુબાજુ જંગલી છોડ ઊગી નીકળ્યા હોય; પણ તેની ભવ્યતા હજીય અકબંધ છે. તે હજીય ઊભો રહીને જાણે કહી રહ્યો છે કે, ‘ભલે સમય બદલાયો, પણ જૂની સ્મૃતિઓ હજીય જીવંત છે.‘


આ ડેલાને જોતા જ શહેરમાં વસી ગયેલા દરેક ગામડાના દીકરા-દીકરીને પોતાનું વતન, પોતાના દાદા-દાદીનો પ્રેમ અને માટીની સુગંધ યાદ આવી જાય છે.

## નિરોણા ગામે ત્રિકમરાયજીનું મંદિર (કાળીયો ઠાકર)જે 130 વર્ષ પુરાણુ

## 'અહીં દિવાળીના દિવસે ભરાતા અન્નકુટમાં 32 ભોજન 36 શાકનું ભોજન ભગવાનને ધરાય છે'

મહેશ એલ. સોની | નખત્રાણા

પાવર પટ્ટીનો મુખ્ય મથક નિરોણા ગામ જે પંચવટીકા તરીકે પ્રખ્યાત પામ્યો છે ત્યારે આ ગામમાં 130 વર્ષ પુરાણો કાળીયો ઠાકર એટલે કે ભગવાન ત્રિકમ રાયજી નું મંદિર આ નિરોણા ગામે આવેલું છે જેની વિસ્તૃત માહીતી આપતા ડૉ. ઉમેશભાઇ આચાર્ય જણાવેલ કે આ મંદિર શેઠ શ્રી ખીમજી પૂજા પરિવાર દ્વારા જીણોધર કરવામાં આવ્યું છે અંદાજે આ મંદિરને મંદિરને 130 થી 135 વર્ષ જૂનું આ ત્રિકમ રાય નું મંદિર આવેલું છે હાલે આ મંદિરનું સંપૂર્ણ ખર્ચ શેઠ દિલીપ અજીતભાઈ મુલાણી દ્વારા અને એમના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે આ મંદિરની નિત્ય પૂજા કરવામાં આવે છે આ મંદિરના પૂજારી



અનિલ જોશી મહારાજ અને ગોરાણી અલકાબેન જોશી દ્વારા કરવામાં આવે છે આ મંદિરે વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે શ્રાવણ મહિનામાં હિંડોળાના દર્શન કૃષ્ણ જન્મ જયંતી અને દર દિવાળીના દિવસે અહીં એક મોટો અન્નકૂટ ભરાય છે જેમાં 32 ભોજન 36 શાક નું ભોજન ભગવાનને ધરાય છે અને મોટી સંખ્યામાં ગામના લોકો ભાગ લે છે આ ગામના શિક્ષણ ક્ષેત્રે શેઠ શ્રી દિલીપભાઈ દ્વારા અમૂલ્ય દાન મળી રહે છે વર્ષમાં માં બે વાર અચૂક આવે છે નિરોણા ગામના જરૂર એકવાર આ ઐતિહાસિક મંદિરના દર્શનનો લાભ આપણા માટે અનુભૂતિનું અહેસાસ થશે.

## નાનીબેડવાણ ગામની સીમમાં જુગાર પર પોલીસ ત્રાટકી : રૂ. 2.4 લાખ નો મુદામાલ ઝડપી ગુનો દાખલ કર્યો

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના નાનીબેડવાણ ગામની સીમ માંથી પોલીસે જુગાર રમતા નબીરાઓ ને ઝડપી મુદામાલ કબ્જે કર્યો છે. મળતી માહિતી અનુસાર દેડિયાપાડ પોલીસે બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર વાય. એસ.શીરસાઠ ના માર્ગદર્શન હેઠળ જુગારધામ પર રેડ કરતા ગામની સીમમાં આવેલ મારગીયાભાઈ ખાપટીયાભાઈ વસાવાનાઓના ખેતરના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમી રમાડતા દાવ પરના રોકડા રૂ.૨૫૦૦/- તથા અંગ ઝડતી ના રોકડા રૂ.૧૧,૦૨૦/- તથા મોબાઈલ નંગ-૦૬ કિ.રૂ. ૨૧,૦૦૦/- તથા વેગેનાર VXI ફોર વ્હીલર ગાડી કિ.રૂ. ૧,૫૦,૦૦૦/- તથા મોટર સાઈકલ ની કિ. રૂ.૨૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૨,૦૪,૫૨૦/- સાથે મળી આવી પકડાઇ જઇ ગુનો કરતા દેડિયાપાડા પોલીસે ગુનો દાખલ કર્યો છે.તપાસ પીએસઆઈ પી.આર.ચૌધરી કરી રહ્યા છે.

## તરોપા ગામમાં પ્રેમ સંબંધ નહી રાખનાર મહિલા પર જીવલેણ હુમલો કરનારને કોર્ટે 10 વર્ષની સજા ફટકારી

ભરત શાહ, નર્મદા | નર્મદા જિલ્લાના તરોપા ગામમાં મહિલા પર કોયતા વડે હુમલો કરી મારી નાખવાની કોશિસ કરનાર શખ્સ ને કોર્ટે દસ વર્ષની સજા અને દંડ નો હુકમ કર્યો છે. જાણવા મળ્યા મુજબ તા. ૧૩/૦૨/૨૦૨૨ ના રોજ સાંજના ૪:૩૦ વાગ્યાના અરસામાં ગામ તરોપા, વેરાઈ ફળીયા માં રહેતા કૈલાશબેન પ્રદીપભાઈ વસાવા પોતાના ઘરના આંગણામાં બાંધેલ ભેંસોને ઘાસ-ચારો નાખતી હતી તે વખતે ગામનો પ્રવિણભાઈ રમેશભાઈ વસાવા કૈલાશબેન ના ઘરે આવી કહેતો હતો કે, તુ કેમ મારી સાથે પ્રેમ સંબંધ રાખતી નથી, તને આજે મારી નાખીશ, તેમ કહી કૈલાશબેનને મારી નાખવાના ઈરાદે પ્રવિણભાઈ રમેશભાઈ વસાવાએ પોતાના હાથમાના લોખંડના કોઈતા વડે પરણીત સ્ત્રી કૈલાશબેનના ડાબા હાથે, ખભાના નિચેના ભાગે તથા માથા, ગળાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી મારી નાખવાની કોશિશ કરી ગુનો કર્યો હતો.

## પ્રતાપનગર ચોકડી પાસે સરકારી એસટી બસે બાઇક ને અથાડતા બાઇક ચાલકને ગંભીર ઇજા

ભરત શાહ, નર્મદા | નાંદોદના પ્રતાપનગર ચોકડી પાસે એસટી બસે બાઈક ને અથાડતા બાઈક ચાલક ને ગંભીર ઈજા થતા એસટી બસ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે જયુબેન વા/ઓફ કલ્પેશભાઈ ગોરધનભાઈ પટેલ, મુળ રહે.વેલુગામનાઓ એ આપેલ ફરિયાદ મુજબ ગઇ તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ ST બસના ચાલક તેમના પતિ કલ્પેશભાઈ ધારીખેડા સુગર ફેકટરીના પેટ્રોલ પંપ ઉપર નોકરી પૂરી કરી પોતાની મોટરસાઈકલ ઉપર ઘરે પરત જતી વખતે રાજપીપલા અંકલેશ્વર હાઈવે રોડ ઉપર પ્રતાપનગર ચોકડી પાસે પહોંચતા ઈજા પામનારની ડાબી બાજુમાં ચાલતી સરકારી બસના ડ્રાઈવરે ચોકડી ઉપર સાઈડ લાઈટ આપ્યા વગર બેદરકારીથી બસ હંકારી અચાનક ઈજા પામનારની સાઇડમાં બસ વાળી દઈ એક્સીડન્ટ કરતા કલ્પેશભાઈ ને જમણા ખભાના ભાગે તથા મોઢાના ભાગે તેમજ ડાબા પગમાં ઘુંટણથી નીચે નળાના ભાગે ફેકચરની ઈજાઓ પહોંચાડી ગુનો કરતા આમલેથા પોલીસે તપાસ હાથ ધરી છે.

## રાજપીપળાના શ્રી અન્નપૂર્ણા ફાઉન્ડેશન દ્વારા 50 HIV પીડિતો ને ઉત્તરાયણ પર્વ ને લગતી કીટ અપાઈ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં ઘણા એચઆઈવી પીડિતો છે અને તે પૈકી ઘણા ની આર્થિક સ્થિતિ નબળી હોવાથી દિવાળી, ઉતરાયણ, હોળી જેવા મોટા તહેવારો ઉજવી શકતા નથી ત્યારે રાજપીપળા સિવિલ માં કાર્યરત એ.આર. ટી સેન્ટર



પર આવતા પીડિતો ને મોટા તહેવારો પૂર્વે તહેવારો ને અનુરૂપ વસ્તુઓ નું વિતરણ કરવામાં આવે છે, તેમાં કેટલીક સેવાભાવી સંસ્થાઓ અને હોસ્પિટલના અધિકારી, ડોકટરો દ્વારા પણ તહેવારો મુજબ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. હાલમાં ટુંક સમયમાં ઉત્તરાયણ નો તહેવાર આવતો હોય અને આ પર્વ દરેક વ્યક્તિઓ મનાવતા હોય છે, પરંતુ તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તહેવારો ખાસ ઉજવી શકતા નથી તેવા સંજોગો માં રાજપીપળા સિવિલ માં અપાતી આવી વસ્તુઓ મેળવી એચઆઈવી પીડિતો ખુશી વ્યક્ત કરતા જોવા મળે છે.આવનારા ઉત્તરાયણ ના તહેવાર માટે આજરોજ સિવિલ હોસ્પિટલ ના એઆરટી સેન્ટર પર શ્રી અન્નપૂર્ણા ફાઉન્ડેશન ના સંચાલક કલ્પેશભાઈ મહાજન દ્વારા 50 જેટલા એચઆઈવી પીડિતો ને ચીકી નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટ વિતરણ કાર્યક્રમ માં રાજપીપળા સિવિલ હોસ્પિટલ ના એઆરટી સેન્ટર ના જીગ્નેશભાઈ પરમાર, નીલમબેન વસાવા, ખૂબીબેન દેસાઈ, વિહાન પ્રોજેક્ટ ના હેલ્થ પ્રમોટર ગીતાબેન પટેલ અને ફિલ્ડ કોડીનેટર હેતલબેન ખત્રી એ ઉપસ્થિત રહી તમામ એચઆઈવી પીડિતો ને કીટ આપી હતી.

# સરોગેટ મધર અને ટેસ્ટ ટ્યુબ બેબી એ આજના સમયની વિજ્ઞાનની મોટી સિદ્ધિ મનાય

**મેં સમય હું મેં હિ જીવન કા રહસ્ય હું,**
**મેં હિ મનુષ્ય કે શિર પર બેઠા કાળ હું..**

મહાભારત ગ્રંથ ને “દ્રૌપદી ના આંધળા ના આંધળા” વાક્ય પર થી સમજવાનો પ્રયત્ન કરશો તો સમજાશે કે આ ગ્રંથ ગૂઢ રહસ્યો થી સંપન્ન છે.ઘણીવાર ધૃતરાષ્ટ્ર અને સંજય ના સંવાદો માં “સંજય ની આંખ નું દૂરદર્શન” વિશે વિચારતા થાય છે કે ટેક્નોલોજી યુગ તો મહાભારત ના વખત થી છે નાહક ના હાથમાં સ્માર્ટ ફોન પકડી ને ખુદ ને આધુનિક બોલ્યા કરીએ છીએ. મહાભારત ના યુદ્ધ નો આંખો દેખો અહેવાલ ક્રિકેટ ની મેચ ના કોમેન્ટ્રેટર ની માફક અંધ ધૃતરાષ્ટ્ર ને સંજય એ આપ્યો હતો.દેવક રાજા ની પુત્રી દેવકી ના લગ્ન વસુદેવજી સાથે ધામધૂમ થી થયા ત્યારે કંસે પોતાની લાડલી બહેન ની ખુશી માં બેન ની ડોલી ખુદ ના ખંભે ઉપાડી ને વિદાઈ આપનું નક્કી કર્યું હતું. જ્યારે કંસ એની વિવાહિત બહેન દેવકી ની ડોલી પોતાને ખંભે ઉઠાવી ને જતો હતો ત્યારે આકાશવાણી થઈ “આ સ્ત્રી થી જન્મનાર પુત્ર તારા મૃત્યુ નું કારણ બનશે” સાંભળતાજ પાપી કંસ એ બહેન ના વાળ ખેંચી ને મારવાનો પ્રયત્ન કર્યો હતો. “આકાશ વાણી” એટલે શું? આ શબ્દ થોડો વિચાર તો માંગી લે છે પરંતુ વર્તમાન સમયમાં નાસા અને ઈસરો દ્વારા આકાશ માં છોડવા માં આવતા સેટેલાઈટ પણ આકાશવાણી જેવું જ કાર્ય કરે છે. પૃથ્વી પર આવનાર કુદરતી આફતો જ્વાળામુખી, ભૂકંપ, મૌસમ માં ફેરફાર,ભૂસ્ખલન, માનવસર્જિત બદલાવ વગેરે વગેરે જેવી પૃથ્વી પર આકાર પામી રહેલ ભવિષ્ય ના સંકટ નો અભ્યાસ સેટેલાઈટ દ્વારા થતો હોવાના લીધે સંકટ સર્જાય એ પહેલા જ આગોતરી તૈયારીઓ થઈ જતી હોય છે.

સરોગેટ મધર અને ટેસ્ટ ટ્યુબ બેબી એ વર્તમાન સમય ની વિજ્ઞાન ની મોટા માં મોટી સિદ્ધિ માનવામાં આવે છે. સ્ત્રીઓમાં ગર્ભાશયની અંદર ની સમસ્યાઓ અને પુરૂષો માં નબળા વીર્ય ને કારણે બાળકો થવા શક્ય બનતા નથી હોતા.આ પરિસ્થતિ માં માતા ગર્ભ ધારણ કરી શકતી ન હોવાના ના લીધે “વાંઝણી” શબ્દ નું ઉચ્ચાર સમાજ માં એના માટે થતું હતું. ટેક્નોલોજી એ સરોગેટ મધર અને ટેસ્ટ ટ્યુબ બેબી શોધ કર્યા બાદ “વાંઝણી” શબ્દ સમાજ માંથી નામશેષ થવા લાગ્યો છે. “ગાંધારી એ એકીસાથે સો પુત્ર ને જન્મ આપ્યો” આ વાત ને દેખતી રીતે સમર્થન આપવું અશક્ય છે પરંતુ મહાભારત માં સો કૌરવો હતા એટલે ખોટું પણ માની શકાય નહીં. મહાભારત માં ઉલ્લેખ છે કે સો માટલાની અંદર ગાંધારી ના સો ગર્ભ નું પાલન પોષણ થતું હતું.આ સો માટલા એ બીજું કંઈ નહી “ટેસ્ટ ટ્યુબ બેબી” નું જ ઉદાહરણ છે. પાપી અધમ કંસ એ મૃત્યુ ના ભય થી એક પછી એક એમ વસુદેવજી ના છ બાળકો ને પથ્થર પર પછાડી ને મારી નાખ્યા હતા. જ્યારે દેવકીજી ના મુખ પર સાતમાં ગર્ભ નું તેજ દેખાયું ત્યારે દેવકી વસુદેવ “સાતમું બાળક કંસ ના હાથે મરાશે” વાત વિચારવા મનોમન સંતાપ કરવા લાગ્યા.



મહાભારતના રહસ્યો

- રુપાલી દવે

કહેવામાં આવે છે કે માયા એ દેવકી ના ગર્ભ ને વસુદેવજી ની અન્ય પત્ની રોહિણી ના ગર્ભ માં સ્થાપિત કર્યો હતો. આ પધ્ધતિ અત્યાર ની “સરોગેટ મધર” સાથે સામ્યતા ધરાવે છે.

મહાભારત ની અંદર છુપાયેલ ગૂઢ રહસ્યો કરતા વિજ્ઞાન એકવીશ મી સદી માં પણ ઘણું પાછળ છે. વિજ્ઞાન એ ટેક્નોલોજી મારફતે ૨૫% જ સંશોધન કર્યા છે. મહાભારત નો ગ્રંથ એ કાલ્પનિક કથા ને આધારિત નથી આ સૃષ્ટી પરનો જીવંત ગ્રંથ છે જેની સાબિતી વર્તમાન માં પણ અઢાર દિવસ માં થયેલ વિશ્વ ના સૌથી લોહિયાળ યુદ્ધ “ના ભૂતો ના ભવિષ્યતિ” કુરુક્ષેત્ર નું મેદાન આપે છે. મહાભારત ની અંદર વર્ણવેલ ગૂઢ રહસ્યો વ્યર્થ નથી ૧૦૦ ટકા સત્ય છે.


સૂર્ય ગ્રહણ ના લીધે કુરુક્ષેત્ર માં એકત્રિત થયેલ લોકો ની લાગણીઓ પર કૃષ્ણ બલરામ નો પ્રભાવ જોતા વસુદેવજી ને આશ્ચર્ય થયું હતું છતાંય એણે બન્ને ને ભગવાન ને બદલે સામન્ય માણસ સમજ્યા હતા. આ કારણોસર કુરુક્ષેત્ર માં પોતાની સમૃદ્ધિ સાબિત કરવા માટે યજ્ઞ નું આયોજન કર્યું હતું. જ્યારે એની આંખ ખુલી ત્યારે “કૃષ્ણ બલરામ” સામન્ય નથી ભગવાન છે. વસુદેવજી અને દેવકી ને ભુલ નો અહેસાસ થયો ત્યારે બન્ને એ માફી માગી હતી. દેવકીજી ને ખબર પડી કે પુત્ર રૂપ માં ભગવાન સ્વયં પધાર્યા છે ત્યારે દેવકીજી ને સાંદિપની આશ્રમ માં વિદ્યા અભ્યાસ કરવા ગયેલ કૃષ્ણ બલરામ ની ગુરુ દક્ષિણા વાળી વાત યાદ આવતા જ મૃત પુત્રો યાદ આવતા જ મૃત પુત્રો ને પુનઃ જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

**પુનરપિ જનનં પુનરપિ મરણં...’**

પુનર્જન્મ થતા મનુષ્યને નવા દેહની પ્રાપ્તિ થતી હોય છે એટલે તો મૃત્યુ બાદ બીજા જન્મ માં આગલા જન્મ ના દેહે સાથે પ્રવેશ મળતો નથી.મહાભારત ગ્રંથ માં ભગવાન શ્રી કૃષ્ણ એ ગુરુ સાંદિપની ઋષિ ની મૃત્યુ પામેલ ગુરુ પુત્રની પ્રાપ્તિ ની ઈચ્છા ને પૂરી કરી હતી. પ્રથમ મનવંતર માં બ્રહ્માજીના પુત્ર મનુ અને એની પત્ની ઉર્ણા ને છ પુત્રો હતા.એકવાર બ્રહ્મા ને એની પુત્રી સરસ્વતીજી ની અમાપ સુંદરતાથી આકર્ષાય ને મોહિત થયેલ જોતાજ મનુ ના છ એ પુત્રો ખડખડાટ હસવા લાગ્યા.ત્યારે ક્રોધિત થઈ ને બ્રહ્માજી એ બધાને શ્રાપ આપ્યો કે દરેક જન્મ માં “જન્મતાવેંત મૃત્યુ થશે” પ્રથમ હિરણ્યકશિપુ ની પત્ની ક્યાંધુના ગર્ભ માં મનુપુત્રો સ્થાપિત થતા જ મૃત્યુ પામ્યા હતા. દેવકીજી ના બાળકોના રડવા નો અવાજ સાંભળતા જ એકપછી એક એમ બધાનો વધ કર્યો હતો.એકવાર માતા દેવકી જી એ પુત્રો ની આગળ એના મૃત પુત્રોને જોવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામજી એ મૃત છ ભાઈઓને જીવિત કરીને માતા દેવકીજી ને પાતાળ લોક માંથી લાવી ને આપ્યા હતા. ભગવાન શ્રી કૃષ્ણ એ છ મૃત ભાઈઓને સૂર્ય સંક્રાતિ ના દિવસે બ્રહ્માજી ના શ્રાપ માંથી મુક્ત કરાવી ને દેવલોક ની પુનઃ પ્રાપ્તિ કરાવી હતી. ભગવાન શ્રી કૃષ્ણ ના છ એ મૃત ભાઈઓ નામ ધરા પર“પતંગ” એટલે જેનું જીવન ક્ષણિક આનંદ જેવું નામે ઓળખાય છે. આ કારણોસર જ મકર સંક્રાંતિ ના દિવસ ને પતંગ ઉડાડવા નો શુભ અવસર માનવામાં આવે છે.

વિજ્ઞાન એ ગૂઢ રિસર્ચ અને ટેક્નોલોજી થી “જન્મવું” તો શક્ય બનાવ્યું પરંતુ મૃત્યુ પામેલ ને પુનઃ ધરતી પર લાવવામાં “મહાભારત ના ગૂઢ રહસ્યો” કરતા ઘણું પાછળ છે. સાયન્સ રોબર્ટ કે વિવિધ પ્રકાર ના યુદ્ધો ની ચાલબાઝી કે રોગો ના ઉપદ્રવ વગેરે વગેરે વિનાશકારી સાધનો તો વિકસાવી શકે છે પરંતુ રાજા વેન ના બાહુ નું મંથન કરીને પુત્ર જન્મવા કે આકાશ ગંગા ને ધરતી પર લાવવું વગેરે વગેરે સાયન્સ માટે તો રહસ્ય જ રહેશે ને રહેવાનું..

# ફેમસ હંગેરિયન ફિલ્મમેકર બેલા ટારનું નિધન...



70 વર્ષની ઉંમરે લીધા અંતિમ શ્વાસ, ડાર્ક કોમેડી ફિલ્મો બનાવવા માટે જાણીતા હતા

સૈટેન ટેંગો', 'ડેમનેશન' અને 'વર્કમાઈસ્ટર હાર્મની' જેવી ફિલ્મો બનાવનાર પ્રખ્યાત હંગેરિયન ફિલ્મ નિર્માતા બેલા ટારનું 70 વર્ષની વયે અવસાન થયું છે. યુરોપિયન ફિલ્મ એકેડમીએ આ સમાચારની જાહેરાત કરતા જણાવ્યું કે ટારનું 6 જાન્યુઆરીએ લાંબી અને ગંભીર બીમારી બાદ અવસાન થયું.

એકેડમી દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે- 'યુરોપિયન ફિલ્મ એકેડમી એક ઉત્કૃષ્ટ દિગ્દર્શક અને મજબૂત રાજકીય અવાજ ધરાવતા વ્યક્તિત્વના નિધન પર શોક વ્યક્ત કરે છે. તેમનું માત્ર તેમના સહકર્મીઓ દ્વારા જ નહીં, પરંતુ વિશ્વભરના પ્રેક્ષકો દ્વારા પણ ખૂબ સન્માન કરવામાં આવતું હતું. શોકગ્રસ્ત પરિવાર મીડિયા અને લોકો પાસેથી સહાનુભૂતિની અપીલ કરે છે અને વિનંતી કરે છે કે આ મુશ્કેલ દિવસોમાં તેમની પાસેથી કોઈ નિવેદન માંગવામાં ન આવે.'

એક્ટર તેમની પ્રાયોગિક, ડાર્ક અને બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મો માટે જાણીતા હતા. તેઓ સામાન્ય લોકોના જીવનને નવી રીતે રજૂ કરતા હતા. તેમની ફિલ્મોમાં ગ્રામીણ હંગેરિયન જીવન દર્શાવતા હતા. બેલા ટારનો જન્મ 1955માં થયો હતો અને તેમણે હંગેરીના સૌથી મોટા સ્ટુડિયોમાંના એક બાલાઝ બેલા સ્ટુડિયોમાંથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.


તેમણે વર્ષ 1977માં તેમની પ્રથમ ફીચર ફિલ્મ 'ફેમિલી નેસ્ટ' રિલીઝ કરી હતી, જે સામ્યવાદી આવાસમાં રહેતા યુવા પરિવાર વિશેનું એક ડાર્ક સોશિયલ ડ્રામા હતું. વર્ષ 1982માં તેમણે બુડાપેસ્ટમાં થિયેટર અને ફિલ્મ એકેડમીમાંથી ગ્રેજ્યુએટની ડિગ્રી મેળવી અને ટાર્સુલસ ફિલ્મ સ્ટુડિયોની સ્થાપના કરી, જ્યાં તેમણે 1985માં સ્ટુડિયો બંધ ન થાય ત્યાં સુધી કામ કર્યું.

બેલા ટારે સૌપ્રથમ 1988માં તેમની ફીચર ફિલ્મ 'ડેમનેશન' દ્વારા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી, જે હંગેરીના એક ખાણકામ શહેરની ઈરોટિક ઓબ્સેશન પર આધારિત હતી. આ ફિલ્મ નોબેલ પુરસ્કાર વિજેતા હંગેરિયન લેખક લાસ્ઝલો ક્રાસ્ઝનાહોરકાઈની નવલકથાનું રૂપાંતરણ હતી.

### ફિલ્મ 'ડેમનેશન' માટે ટારે યુરોપિયન ફિલ્મ એવોર્ડ્સમાં શ્રેષ્ઠ યુવા ફિલ્મમેકરનો પુરસ્કાર પણ જીત્યો હતો

ટારે 1979 થી 2011 ની વચ્ચે કુલ નવ ફિલ્મો બનાવી હતી. આ ઉપરાંત, તેમણે 'મેકબેથ' નામની એક ટેલિફિલ્મ બનાવી હતી અને કેટલીક ડોક્યુમેન્ટરી અને શોર્ટ ફિલ્મોનું પણ નિર્માણ કર્યું હતું. ટારે 2011 માં ફિલ્મ મેકિંગમાંથી નિવૃત્તિ લીધી અને સારાજેવોમાં ફિલ્મ ફેક્ટરી નામની પોતાની ફિલ્મ સ્કૂલ ચલાવતા હતા. પોતાની ફિલ્મો ઉપરાંત ટાર રાજકીય રીતે ખૂબ જ સ્પષ્ટવક્તા હતા. ટાર રાષ્ટ્રવાદના ટીકાકાર રહ્યા. તેમણે વર્ષ 2016ના એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા માટે શરમજનક ગણાવ્યા હતા.

# કાર્તિક સગીર તરુણીને ડેટ કરતો હોવાનું પકડાયું...!



35 વર્ષનો કાર્તિક આર્યન ૧૭ વર્ષની એક તરુણીને ડેટ કરતો હોવાની કેટલીક તસવીરો વાયરલ થતાં તે ભારે ટ્રોલ થયો હતો.

હજુ પુખ્ત વયે નહિ પહોચેલી તરુણી સાથે ડેટિંગ માટે સોશિયલ મીડિયા યૂઝર્સ દ્વારા કાર્તિકની ઝાટકણી કાઢવામાં આવી હતી. બાદમાં કાર્તિક અને આ વિદેશી યુવતી બંનેએ સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કરી દીધાં હતાં. નવાં વર્ષની ઉજવણી માટે કાર્તિક કરીના કુબિલિઉતે નામની મૂળ યુકેની તસવીરો સાથે ગોવામાં હોવાનું કેટલીક તસવીરો પરથી સ્પષ્ટ થયું હતું.

બંનેએ એક જ લોકેશન પરથી એકસમાન તસવીરો શેર કરી હતી તે પરથી તેઓ ડેટિંગ કરી રહ્યાં હોવાનું તારણ વ્યક્ત કરાયું હતું. જોકે, આ અંગે વિવાદ વધ્યા બાદ કાર્તિકે અને કરીનાએ એકબીજાને અનફોલો કરી દીધાં હતાં. તેના પરથી કાર્તિક કશુંક છૂપાવી રહ્યો હોવાની શંકા મજબૂત બની હતી. એક સગીર તરુણી સાથે રોમાન્સની વાત કાર્તિકની ઈમેજને ફટકો પહોંચાડી શકે તેમ હોવાથી તેને આ ડેટિંગની વાત છૂપાવવાની સલાહ અપાઈ હોય તેવી અટકળો વ્યક્ત થઈ હતી.

આઉટ સાઈડર તરીકે ઈન્ડસ્ટ્રી પોતાને અન્યાય કરતી હોવાનું વિક્ટિમ કાર્ડ રમતા રહેતા કાર્તિકનું નામ અગાઉ સારા અલી ખાન, જાહ્નવી કપૂર તથા અનન્યા પાંડે સહિતની અભિનેત્રીઓ સાથે સંકળાઈ ચૂક્યું છે. કાર્તિકે હાલમાં તેની વધુ એક સહકલાકાર શ્રીલીલા સાથે પણ તેના રોમાન્સની વાત ચગાવી હતી.



# ક્રિશ ફોરમાં રજત બેદી વિલન હોવાનું રાકેશ રોશને નકાર્યું

ક્રિશ ફોર'માં રજત બેદી વિલન તરીકે ભૂમિકા ભજવશે તેવી ચર્ચા રાકેશ રોશને નકારી છે.

રજત બેદી અગાઉ 'કોઈ મિલ ગયા'માં વિલન તરીકે જોવા મળ્યો હતો. તાજેતરમાં તે 'ધી બેડ્સ ઓફ બોલિવુડ' સીરિઝથી ફરી ચર્ચામાં છે. જોકે, ઈન્ડસ્ટ્રી વર્તુળોમાં ચર્ચા અનુસાર 'કોઈ મિલ ગયા' વખતે જ રજત બેદી અને રાકેશ રોશન વચ્ચે અણબનાવ સર્જાયો હતો. આ ફિલ્મમાં રજત બેદીનાં એક ગીત સહિત કેટલાય સીન પર કાતર ફરી ગઈ હતી.

ફિલ્મનાં પ્રચાર પ્રમોશનમાંથી પણ તેની બાદબાકી કરી દેવાઈ હતી. તે પછી તે રાકેશ રોશનની ફિલ્મમાં ફરી કામ કરે તે અંગે શંકાકુશંકા વ્યક્ત કરાતી હતી.

ઉલ્લેખનીય છે કે હૃતિક રોશન ખુદ 'ક્રિશ ફોર'નું દિગ્દર્શન કરવાનો છે. આ ફિલ્મનું શૂટિંગ આગામી ત્રણ-ચાર મહિનામાં રીલિઝ થવાની ધારણા છે.



# રણબીર સાથે ફરી રોમેન્ટિક ફિલ્મ કરશે દીપિકા...!

## એક્ટ્રેસે વાતવાતમાં હિન્ટ આપી, ચાહકોએ રણવીર સિંહ સાથે ફિલ્મ કરવા માંગ કરી...

તાજેતરમાં દીપિકા પાદુકોણે મુંબઈમાં પોતાના ચાહકો માટે એક ખાસ ફેન મીટ સેશન રાખ્યું હતું. આ દરમિયાન એક્ટ્રેસ દેશભરના 50 ચાહકોને મળી હતી. આ સેશનમાં ચાહકોએ દીપિકાને ઘણા પ્રશ્નો પૂછ્યા અને તેણે બધાંના જવાબ પણ આપ્યા.

સેશન દરમિયાન એક્ટ્રેસને પૂછવામાં આવ્યું કે, તે ક્યારે કોઈ રોમેન્ટિક કોમેડી ફિલ્મમાં જોવા મળશે? આના પર તેણે જવાબ આપ્યો- 'મને પૂરી આશા છે કે ખૂબ જ જલ્દી. જેમ કે તમે બધાં જાણો છો, આ મારી મનપસંદ શૈલી છે. એક દર્શક તરીકે પણ અને એક એક્ટ્રેસ તરીકે પણ.'

'મને લાગે છે કે અત્યારનું વાતાવરણ... દર્શકો કંઈક અલગ જોવા માંગે છે. પરંતુ જો તમારામાંથી આટલા બધાં લોકો રોમેન્ટિક કોમેડી જોવા માંગે છે, તો મને ખાતરી છે કે મોટાભાગના લોકો પણ આ જ ઈચ્છે છે.'

જેવું દીપિકાએ આ કહ્યું, એક ફેને હૃતિક રોશનનું નામ લીધું. સેશનના હોસ્ટે આ વાત પર ત્યાં હાજર ફેન્સ પાસેથી એક પોલ કરાવ્યો કે, રોમેન્ટિક કોમેડીમાં દીપિકાએ કોની સાથે કામ કરવું જોઈએ... હૃતિક રોશન, શાહરુખ ખાન કે તેના પતિ રણવીર સિંહ? ફેન્સે શાહરુખ અને હૃતિકના નામ પર ચીયર કર્યું પરંતુ સૌથી વધુ રણવીર સિંહના નામને સમર્થન મળ્યું.

રણબીર કપૂર સાથે ફરી રોમેન્ટિક ફિલ્મમાં દેખાશે દીપિકા!

વાતચીત દરમિયાન, દીપિકાએ શાહરુખ ખાન, રણવીર સિંહ કે રણબીર કપૂર સાથે એક રોમેન્ટિક કોમેડી ફિલ્મમાં સ્ક્રીન શેર કરવાની સંભાવના વિશે વાત કરી અને સ્વીકાર્યું કે તે આ જોનરમાં સારી વાર્તાઓ શોધી રહી છે.

એવી અફવા ચાલી રહી છે કે દીપિકા અયાન મુખર્જીની આગામી રોમેન્ટિક ફિલ્મ માટે રણબીર કપૂર સાથે કામ કરી શકે છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.

તેણે કહ્યું- 'આ એવી વસ્તુ છે, જેની શોધમાં હું અને મારી ટીમ લાગેલા રહીએ છીએ. અમે સતત ડ્રામા, લવ સ્ટોરી, રોમેન્ટિક કોમેડી જેવા જોનરની ફિલ્મો શોધતા રહીએ છીએ. પરંતુ મને લાગે છે કે આ પ્રકારના કન્ટેન્ટને સપોર્ટ કરનારા અથવા આ સમયે આ પ્રકારની ફિલ્મો અને ટીવી શો લખનારા બહુ ઓછા મેકર્સ છે.' દીપિકાએ પોતાના ફેન્સને એ પણ પૂછ્યું કે, શું તેઓ રોમેન્ટિક કોમેડી ફિલ્મને OTT પર જોવાનું પસંદ કરશે કે થિયેટરમાં? ફેન્સે જવાબમાં થિયેટર કહ્યું.

પછી દીપિકાએ પૂછ્યું- 'જો હું OTT પર કામ કરું, તો શું તમે નારાજ થશો?' એક ફેને જવાબ આપ્યો- 'તમે મોટા પડદા માટે જ બન્યા છો.'

અન્ય એક ફેને રમુજી અંદાજમાં કહ્યું- 'જ્યાં સુધી તમારું પાત્ર મરતું નથી, ત્યાં સુધી બધું બરાબર છે.' દીપિકા હસતાં હસતાં કહે છે- 'મારી મમ્મી પણ આ જ કહેતી રહે છે.'

નોંધનીય છે કે, દીપિકાની ઘણી ફિલ્મોમાં તેના પાત્રો મૃત્યુ પામે છે, જેમાં તેની પહેલી ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ', 'ગોલિયોં કી રાસલીલા રામલીલા', 'પદ્માવત' અને 'જવાન'નો સમાવેશ થાય છે.

દીપિકા ટૂંક સમયમાં શાહરુખ ખાનની ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે. આ ઉપરાંત, તે અલ્લુ અર્જુન સાથે એટલીની ફિલ્મ AA22xA6 માં કામ કરી રહી છે.

# સલમાન ખાનને રાજ અને ડીકેની એક્શન ફિલ્મ ઓફર



સલમાન ખાનને 'ફેમિલી મેન' સહિતની વેબ સીરિઝોના સર્જકો રાજ એન્ડ ડીકે તરફથી એક એક્શન કોમેડી ઓફર કરવામાં આવી છે. જોકે, સલમાને હજુ સુધી આખરી સંમતિ આપી નથી.

જો સલમાન સંમતિ આપશે તો આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતથી શરુ થઈ જશે. હાલ સ્ક્રિપ્ટને અંતિમ સ્વરુપ અપાઈ રહ્યું છે. રાજ અને ડીકે પહેલીવાર કોઈ મોટા સ્ટાર સાથે બિગ બજેટ એક્શન ફિલ્મ પ્લાન કરી રહ્યા છે. જોકે, ફિલ્મની તૈયારી હજુ ઘણા પ્રારંભિક સ્ટેજમાં છે. ઉલ્લેખનીય છે કે રાજ અને ડીકેની જોડીમાંથી રાજ હાલ એક્ટ્રેસ સામંથા રુથ પ્રભુ સાથે લગ્નનાં કારણે ચર્ચામાં છે.

# શ્રદ્ધા કપૂરના ઘરે વાગશે શરણાઈ? રાહુલ મોદી સાથેના લગ્ન પર એક્ટ્રેસે આપ્યું મોટું નિવેદન!

બોલીવુડની સ્ત્રી શ્રદ્ધા કપૂર ફરી એકવાર તેના અંગત જીવનને લઈને સમાચારમાં છે. અભિનેત્રીએ તેના લગ્ન અંગે પોતાનું મૌન તોડ્યું. અભિનેત્રીએ એક ફેન્સના પ્રશ્નનો રમુજી જવાબ આપ્યો, જે વાયરલ થઈ રહ્યો છે.

બોલીવુડ સ્ટાર શ્રદ્ધા કપૂર તેના વ્યાવસાયિક અને અંગત જીવનને કારણે હેડલાઈન્સમાં રહે છે. સ્ત્રી ફિલ્મની અભિનેત્રી વારંવાર તેના કથિત બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કરે છે. બંનેને ઘણી વખત જાહેર કાર્યક્રમોમાં પણ સાથે જોવા મળ્યા છે. હવે, ફેન્સ રાહુલ અને શ્રદ્ધાના લગ્નની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અભિનેત્રીએ લગ્ન વિશે એક ફેનને જવાબ આપીને લગ્નની ખબરો પર પોતાનું મૌન તોડ્યું. શ્રદ્ધા કપૂરનો રમુજી જવાબ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યો છે.

શ્રદ્ધા કપૂર તેના રમુજી રમૂજ માટે જાણીતી છે. અભિનેત્રી ઘણીવાર સોશિયલ મીડિયા પર મનમોહક કેપ્શન સાથે પોસ્ટ્સ શેર કરે છે જે લોકોને મનોરંજન આપે છે. તેણે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે.

## પ્રભાસની ફિલ્મ પર સેન્સર બોર્ડની કાતર...

# 'રાજા સાબ'ના બે સીન બદલવામાં આવ્યાં...

સાઉથના મેગાસ્ટાર પ્રભાસની આગામી હોરર કોમેડી ફિલ્મ 'રાજા સાબ'ના બે સીનમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. સેન્સર બોર્ડે ફિલ્મને સર્ટિફિકેટ આપતા પહેલા તેના બે સીન પર કાતર મારી છે, જેના કારણે ફિલ્મની લંબાઈ પર પણ અસર પડી છે. આ ફિલ્મ વિજયની ફિલ્મ 'જન નાયગન' સાથે ક્લેશ થવાને કારણે પણ નુકસાન સહન કરી શકે છે.


પ્રભાસની ફિલ્મ 'રાજા સાબ' 9 જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. ફિલ્મને સેન્સર બોર્ડમાં સર્ટિફિકેશન માટે મોકલવામાં આવી હતી, જોકે બોર્ડે તેના 2 સીન પર વાંધો ઉઠાવ્યો હતો. પહેલો ફેરફાર તે સીન પર થયો છે, જેમાં ફ્લોર પર લોહી વહેતું બતાવવામાં આવવાનું હતું.

આ સીનમાં બતાવેલા લોહીને બ્લેક એન્ડ વ્હાઈટ કરવામાં આવશે. જ્યારે બીજો ફેરફાર માથું કાપવાના સીનમાં થયો છે. સેન્સર બોર્ડે તેની 4 સેકન્ડની લંબાઈ ઘટાડવાનું સૂચન કર્યું છે, જેના પછી હવે ફિલ્મનો રન ટાઈમ 189 મિનિટ એટલે કે 3 કલાક 9 મિનિટનો રહેશે.

## 500 કરોડના બજેટમાં બનેલી ફિલ્મને નુકસાન થઈ શકે છે

ફિલ્મ 'રાજા સાબ' ભારતીય ફિલ્મ ઈતિહાસની સૌથી મોંઘી ફિલ્મ છે, જેને 500 કરોડના મેગા બજેટમાં તૈયાર કરવામાં આવી છે. ટ્રેલર રિલીઝ થયા પછી પણ ફિલ્મ દર્શકોમાં કોઈ ખાસ ચર્ચા જગાવી શકી નથી. ફિલ્મ માટે 500 કરોડનું બજેટ મેળવવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે. પહેલું કારણ એ છે કે પ્રભાસની છેલ્લી કેટલીક એવરેજ ફિલ્મોને કારણે હિન્દી પ્રેક્ષકોમાં તેમનો ખાસ પ્રભાવ નથી.

જ્યારે બીજું કારણ એ છે કે ફિલ્મ 'રાજા સાબ'નો ક્લેશ વિજયની ફિલ્મ 'જન નાયગન' સાથે થવાનો છે. 'જન નાયગન'ની રિલીઝ પહેલા જ વિજયે ફિલ્મોમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે, 'જન નાયગન' તેની છેલ્લી ફિલ્મ બનવાની છે. સોશિયલ મીડિયા પર પહેલાથી જ વિજયના ચાહકો તેની છેલ્લી ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે અને સતત એડવાન્સ બુકિંગ કરી રહ્યા છે. વિજયની ફિલ્મ જન નાયગન પણ 9 જાન્યુઆરીએ બરાબર તે જ દિવસે રિલીઝ થઈ રહી છે, જેના કારણે 'રાજા સાબ'ને સાઉથમાં ઓછી અને 'જન નાયગન'ને વધુ સ્ક્રીન મળવાનો પણ ખતરો છે. આવી સ્થિતિમાં 'રાજા સાબ' હિન્દી બેલ્ટ અને સાઉથ બેલ્ટ બંનેમાં હાઈપ ક્રિએટ કરવામાં નિષ્ફળ થતી જોવા મળી રહી છે. રાજા સાબના ટ્રેલરને 19 મિલિયન લોકોએ જોયું છે, જ્યારે જન નાયગનના ટ્રેલરને યુટ્યુબ પર 41 મિલિયન લોકો જોઈ ચૂક્યા છે.



# કંગના ફરી ફિલ્મ શૂટિંગ માટે સેટ પર હાજર થઈ ગઈ...!

કંગના રણૌતે વધુ એક ફિલ્મનું શૂટિંગ શરુ કરી દીધું છે. 'ભારત ભાગ્ય વિધાતા' નામની નવી ફિલ્મના સેટ પરથી તેણે કેટલીક તસવીરો પોસ્ટ કરી છે. આ તસવીરોમાં કંગના દિગ્દર્શક મનોજ તપડિયા સાથે ચર્ચામાં વ્યસ્ત હોવાનું જોવા મળે છે. કંગનાએ ૨૦૨૪માં જ આ ફિલ્મની ઘોષણા કરી હતી.

જોકે, તેની વધુ વિગતો અપાઈ નથી. કંગના છેલ્લે 'ઈમરજન્સી' ફિલ્મમાં જોવા મળી હતી. તેણે જ પ્રોડયૂસ અને ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં તેણે પોતે મુખ્ય ભૂમિકા ભજવી હતી. જોકે, આ ફિલ્મ લાંબા સમય સુધી રીલિઝ વિના અટવાઈ રહ્યા બાદ મોડે મોડે રીલિઝ થઈ હતી અને ફલોપ ગઈ હતી.





### ભારત-બાંગ્લાદેશ વચ્ચે ક્રિકેટના મેદાનમાં ટક્કર નક્કી

# ICC એ બાંગ્લાદેશની વિનંતી ફગાવી

## ભારત આવીને જ રમવો પડશે T20 વર્લ્ડ કપ

(એજન્સી) ઢાકા । તા. 07

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) ને મોટો આંચકો આપતા તેની આગામી T20 વર્લ્ડ કપ 2026 ની મેચો ભારતથી શ્રીલંકા શિફ્ટ કરવાની વિનંતીને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. બાંગ્લાદેશ સરકારે સુરક્ષાના કારણોસર પોતાના ખેલાડીઓને ભારત મોકલવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ ICC એ કડક વલણ અપનાવતા જણાવ્યું છે કે જો બાંગ્લાદેશની ટીમ ભારત નહીં આવે તો તેણે પોતાના પોઈન્ટ્સ ગુમાવવા (forfeit points) પડશે.

### વર્ચ્યુઅલ મીટિંગમાં લેવાયો નિર્ણય

મંગળવારે ICC અને BCB ના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે મળેલી વર્ચ્યુઅલ



બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ICC એ સ્પષ્ટ કર્યું છે કે ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે આ વર્લ્ડ કપની યજમાની કરી રહ્યા છે અને બાંગ્લાદેશની નિર્ધારિત મેચો ભારતમાં જ રમાશે. બાંગ્લાદેશે રવિવારે પત્ર લખીને તેમની મેચો શ્રીલંકા ખસેડવા માંગ કરી હતી, જેને ICC એ નામંજૂર કરી છે.

બાંગ્લાદેશની ટીમ ૭ ફેબ્રુઆરીએ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાના અભિયાનની શરૂઆત કરવાની છે. ત્યારબાદ:

૯ ફેબ્રુઆરી: ઈટાલી સામે કોલકાતામાં મેચ.

આગામી મેચ: ઈંગ્લેન્ડ સામે કોલકાતામાં.

### મુંબઈ પ્રવાસ: નેપાળ સામે વાનખેડે સ્ટેડિયમમાં મેચ

બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારના વિરોધમાં ભારતમાં ઉઠેલા રોષ અને ત્યારબાદ KKR માંથી મુસ્તફિઝુર રહેમાનને બાકાત કરવાના BCCI ના આદેશથી આ વિવાદ વકર્યો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે દાવો કર્યો હતો કે ભારતમાં વર્તમાન પરિસ્થિતિ તેમના ખેલાડીઓ માટે સુરક્ષિત નથી.

### મુસ્તફિઝુર રહેમાન અને રાજકીય તણાવ

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે BCCI એ KKR ને મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી મુક્ત કરવા જણાવ્યું. રહેમાનને KKR એ ૯.૨૦ કરોડમાં ખરીદ્યો હતો, પરંતુ બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના વિરોધમાં ભારતમાં ઉગ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. આ રાજકીય અને સામાજિક તણાવને કારણે બાંગ્લાદેશ સરકારે ટીમને ભારત મોકલવા પર પ્રતિબંધ મૂકવાની વિચારણા કરી હતી, જેને હવે ICC એ મોટો પડકાર આપ્યો છે.

ICC ના આ નિર્ણય બાદ હવે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ મુશ્કેલીમાં મુકાયું છે. જો તેઓ ભારત પ્રવાસ રદ કરે છે, તો ટીમને વર્લ્ડ કપમાંથી બહાર થવું પડી શકે છે અથવા મોટા પાયે પોઈન્ટ્સનું નુકસાન વેઠવું પડશે. હાલમાં BCB તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ આગામી ૨૪ કલાકમાં બાંગ્લાદેશ સરકાર આ મુદ્દે અંતિમ નિર્ણય લઈ શકે છે.



# રિદ્ધિમા પાઠક દ્વારા બીપીએલનો અસ્વીકાર મારા માટે મારો દેશ પ્રથમ

### દેશની ગરિમા માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો

(એજન્સી) મુંબઈ । તા. 07

ભારતીય રમતગમત જગતના જાણીતા પ્રેઝન્ટર રિદ્ધિમા પાઠકે બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (BPL) માંથી ખસી જઈને સમગ્ર વિશ્વમાં ભારતની અસ્મિતાનો પરિચય આપ્યો છે. સોશિયલ મીડિયા પર ફેલાયેલી અફવાઓનો અંત લાવતા રિદ્ધિમાએ સ્પષ્ટ કર્યું છે કે તેને કોઈએ હટાવી નથી, પરંતુ તેણે પોતે જ આ ટુર્નામેન્ટના પ્રસારણ પેનલમાંથી હટી જવાનો નિર્ણય લીધો છે. “મારા માટે મારો દેશ હંમેશા સર્વોપરી છે,” તેવા તેના નિવેદને લાખો ભારતીયોના દિલ જીતી લીધા છે.

બાંગ્લાદેશની દલીલોને આઈસીસીનો લપડાક ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ક્રિકેટ સંબંધો અત્યારે સૌથી નીચલા સ્તરે છે. મીડિયા અહેવાલ મુજબ, બાંગ્લાદેશે સુરક્ષાના બહાના હેઠળ ટી-૨૦ વર્લ્ડ કપના પોતાના મુકાબલા ભારતની બહાર યોજવા આઈસીસી (ICC) સમક્ષ માંગણી કરી હતી. જોકે, વૈશ્વિક સંસ્થાએ બાંગ્લાદેશની આ અપીલને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું છે કે તમામ મેચો નિર્ધારિત કાર્યક્રમ મુજબ ભારતમાં જ રમાશે. આ નિર્ણયને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ માટે એક આંતરરાષ્ટ્રીય ફિયાસ્કો માનવામાં આવી રહ્યો છે. આઈપીએલ પર પ્રતિબંધ અને વળતો પ્રહાર સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતા અત્યાચારના વિરોધમાં ભારતમાં ઉગ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. બીસીસીઆઈ (BCCI) દ્વારા મુસ્તાફિઝુર રહેમાનને આઈપીએલ (IPL) માંથી રિલીઝ કરવાના આદેશ બાદ બાંગ્લાદેશે વળતા પ્રહાર તરીકે આઈપીએલના પ્રસારણ પર પોતાના દેશમાં પ્રતિબંધ લાદી દીધો છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### વિમેન્સ હોકી ઈન્ડિયા લીગ:

## બનાસરી સોલંકીની ‘દીવાલ’ જેવી રક્ષણશક્તિથી પાઈપર્સે પોઈન્ટ મેળવ્યો



રાંચી | વિમેન્સ હોકી ઈન્ડિયા લીગ (HIL) 2025-26 માં મંગળવારે રાત્રે રમાયેલો મુકાબલો શ્વાસ અધ્ધર કરી દે તેવો રહ્યો હતો. એસજી પાઈપર્સ (SG Pipers) અને શ્રાચી બંગાળ ટાઈગર્સ વચ્ચેનો આ મેચ નિર્ધારિત સમયમાં 0-0 થી ડ્રો રહ્યો હતો, પરંતુ ત્યારબાદ રમાયેલા ‘સડન ડેથ’ શૂટઆઉટમાં બંગાળ ટાઈગર્સે 7-6 થી રોમાંચક વિજય મેળવ્યો હતો. આ પરિણામ સાથે જ બંને ટીમોએ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પોતાની જગ્યા નિશ્ચિત કરી લીધી છે. બનાસરી સોલંકીનું અદભૂત ગોલકીપિંગ મેચમાં એસજી પાઈપર્સની ગોલકીપર બનાસરી સોલંકી સાચા અર્થમાં હીરો સાબિત થઈ હતી. તેણે ટાઈગર્સના કેપ્ટન લાલરેમસિયામી અને સ્ટાર ખેલાડી વંદના કટારિયાના પ્રચંડ ગોલ એટેકને અત્યંત સ્ફૂર્તિથી રોક્યા હતા. રમત દરમિયાન અનેક પેનલ્ટી કોર્નર પર બનાસરીએ કરેલા ડાઈવિંગ સેવ્સે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ભારતીય દિગ્ગજ ઉદિતા અને સુમન દેવીની મજબૂત ડિફેન્સ લાઈને ટાઈગર્સની એક પણ ચાલ સફળ થવા દીધી નહોતી. ફાઈનલનો ફાઈનલ જંગ: ૧૦ ફેબ્રુઆરી એસજી પાઈપર્સે આ મેચમાં લીગના નિયમો મુજબ વધુમાં વધુ ૯ ભારતીય ખેલાડીઓને મેદાનમાં ઉતારીને પોતાની બેન્ચ સ્ટ્રેન્થનો પરિચય આપ્યો હતો. જોકે શૂટઆઉટમાં ટાઈગર્સના ખેલાડીઓએ ધૈર્ય જાળવી રાખ્યું અને જીત મેળવી બોનસ પોઈન્ટ હાંસલ કર્યો હતો. હવે આ બંને કટ્ટર હરીફો ૧૦ ફેબ્રુઆરીએ રાંચીના મારંગ ગોમકે જયપાલ સિંહ એસ્ટ્રોટર્ફ હોકી સ્ટેડિયમ ખાતે ગ્રાન્ડ ફિનાલેમાં આમને-સામને ટકરાશે. હોકી ચાહકોમાં આ ફાઈનલ મેચને લઈને અત્યારથી જ ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

## નિકોલસ પૂરનનું પાવર-હિટિંગ પ્રદર્શન જોવા મળ્યું

કેપ ટાઉન | દક્ષિણ આફ્રિકાની લોકપ્રિય લીગ SA20 ની ચોથી સીઝનમાં એમઆઈ કેપ ટાઉને આખરે પોતાની પ્રથમ જીતનો



સ્વાદ ચાખ્યો છે. બુધવારે ન્યુલેન્ડ્સ ખાતે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં એમઆઈ કેપ ટાઉને જોબર્ગ સુપર કિંગ્સને (JSK) ૪ વિકેટે પરાજય આપીને ટૂર્નામેન્ટમાં શાનદાર વાપસી કરી છે. વરસાદને કારણે મેચ પ્રભાવિત થઈ હતી, પરંતુ નિકોલસ પૂરન અને જેસન સ્મિથની તોફાની બેટિંગે યજમાન ટીમને વિજયના ઉંબરે લાવી દીધી હતી. પૂરન અને સ્મિથની આક્રમક બેટિંગ વરસાદના કારણે મેચ ૧૨-૧૨ ઓવરની કરવામાં આવી હતી, જેમાં જોબર્ગ સુપર કિંગ્સે ૧૨૩ રન બનાવ્યા હતા. ડકવર્થ-લુઈસ પદ્ધતિ (DLS) મુજબ એમઆઈ કેપ ટાઉનને ૧૨૮ રનનો ટાર્ગેટ મળ્યો હતો.

### નેશનલ જુનિયર ફેન્સિંગ ચેમ્પિયનશિપ:

## ઓડિશાના મેદાનથી ઓલિમ્પિક સુધીનો માર્ગ ખુલશે



કટક | ઓડિશાના કટક ખાતે ૩૩મી નેશનલ જુનિયર ફેન્સિંગ ચેમ્પિયનશિપનો ભવ્ય પ્રારંભ થયો છે. આ પ્રસંગે ફેન્સિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા (FAI) ના જનરલ સેક્રેટરી રાજીવ મહેતાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતીય ફેન્સિંગ હવે વૈશ્વિક સ્તરે ચમકવા માટે તૈયાર છે. તેમણે જણાવ્યું કે એસોસિએશન પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા અને તેમને ઓલિમ્પિક ક્વોલિફિકેશન સુધી લઈ જવા માટે મક્કમ છે. ફેન્સિંગ જેવી મોંઘી રમત માટે ૨૦૧૭ પછી ભારતમાં અત્યાધુનિક સાધનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધામાં મોટો વધારો થયો છે. ઐતિહાસિક એશિયન ચેમ્પિયનશિપની યજમાની ભારત માટે ગૌરવની વાત એ છે કે વર્ષ ૨૦૨૬ માં ભારત પ્રથમવાર ‘સિનિયર એશિયન ફેન્સિંગ ચેમ્પિયનશિપ’ ની યજમાની કરવા જઈ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ ૧૮ થી ૨૬ જૂન દરમિયાન નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં રમાશે.

**શ્રેયસ અય્યરની મેદાન પર વાપસી થઈ** | **શુભમન ગિલના ફ્લોપ શોથી નિરાશા વ્યાપી**

# વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈનો શ્રેયસ અય્યરની તોફાની ઈનિંગ

(એજન્સી) જયપુર । તા. 07

સ્થાનિક વન-ડે ટૂર્નામેન્ટ વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈની ટીમે ફરી એકવાર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. ઈજાના લાંબા અંતરાલ બાદ મેદાન પર પરત ફરેલા ભારતીય વન-ડે ટીમના વાઈસ કેપ્ટન શ્રેયસ અય્યરે જયપુરના મેદાન પર હિમાચલ પ્રદેશ સામે રનનો વરસાદ કર્યો હતો. અય્યરે માત્ર ૫૩ બોલમાં ૮૨ રનની ધાક જમાવતી ઈનિંગ રમીને પોતાની ફિટનેસ અને ફોર્મનો મજબૂત પુરાવો આપ્યો છે. મુંબઈની ટીમે નિર્ધારિત ૩૩ ઓવરમાં ૨૯૯ રનનો જંગી સ્કોર ખડકી દીધો હતો.

અય્યર અને મુશીરની આક્રમક જુગલબંધી મુંબઈની શરૂઆત નબળી રહી હતી અને જયસ્વાલ તથા સરફરાજ સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જોકે, ત્યારબાદ શ્રેયસ અય્યર અને યુવા બેટર મુશીર ખાને મોરચો સંભાળ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, મુશીર ખાને પણ ૫૧ બોલમાં વિસ્ફોટક ૭૩ રન ફટકાર્યા હતા. બંને વચ્ચે થયેલી ૮૨ રનની ભાગીદારીએ મુંબઈને મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. ત્યારબાદ સૂર્યકુમાર યાદવે પણ ૨૪ રનનું ટૂંકું પણ મહત્વનું યોગદાન આપ્યું હતું. ભારે ધુમ્મસના કારણે ઓવરોમાં ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં મુંબઈએ રન રેટ જાળવી રાખ્યો હતો.



સ્ટાર ખેલાડીઓના પ્રદર્શન પર નજર બીજી તરફ, પંજાબ તરફથી રમી રહેલા ભારતીય કેપ્ટન શુભમન ગિલના પ્રદર્શને ચાહકોને નિરાશ કર્યા છે. ગોવા સામેની મેચમાં ગિલ માત્ર ૧૧ રન બનાવી પેવેલિયન ભેગો થયો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ન્યૂઝીલેન્ડ સામે ૧૧ જાન્યુઆરીથી શરૂ થનારી વન-ડે શ્રેણી પહેલા અય્યરનું આ ફોર્મ ભારતીય ટીમ માટે સારા સમાચાર છે. અય્યરને ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન પાંસળીમાં ગંભીર ઈજા થઈ હતી, જેમાંથી સાજા થયા બાદ તેણે આજે મેદાન પર શાનદાર વાપસી કરી છે. હવે તેની નજર આગામી આંતરરાષ્ટ્રીય શ્રેણી પર ટકેલી છે.

**ઈન્ડિયા ઓપન 2026**

## લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી વચ્ચે પ્રથમ રાઉન્ડમાં જ ‘મહાજંગ’

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતમાં આયોજિત પ્રતિષ્ઠિત યોનેક્સ-સનરાઇઝ ઈન્ડિયા ઓપન 2026 (Super 750) માટેના ડ્રો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં ભારતના સિંગલ્સ સ્ટાર્સ માટે મિશ્ર નસીબ જોવા મળ્યું છે. ૧૩ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાનારી આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ આકર્ષણ મેન્સ સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં જોવા મળશે,



જ્યાં ૨૦૨૨ના ચેમ્પિયન લક્ષ્ય સેનનો સામનો ઉભરતા ભારતીય ખેલાડી આયુષ શેટ્ટી સામે થશે. આ ઓલ-ઈન્ડિયન મુકાબલાને કારણે ભારતનો એક મજબૂત ખેલાડી પ્રથમ રાઉન્ડમાં જ બહાર થઈ જશે.


પીવી સિંધુ અને સિંગલ્સ ખેલાડીઓનો પડકાર મહિલા સિંગલ્સમાં પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન પીવી સિંધુનો સામનો વિયેતનામની થુય લિન્હ ન્ગુયેન સામે થશે. સિંધુ માટે આ મેચ કપરી સાબિત થઈ શકે છે કારણ કે તે ન્ગુયેન સામેની છેલ્લી બંને મેચ હારી ચૂકી છે. મીડિયા અહેવાલ મુજબ, જો સિંધુ પ્રથમ રાઉન્ડ જીતે છે, તો તેનો સામનો બીજી સીડેડ ચીનની વાંગ ઝી યી સામે થઈ શકે છે. બીજી તરફ, માલવિકા બંસોડ લાંબી ઈજા બાદ પુનરાગમન કરી રહી છે અને તેનો સામનો ચાઈનીઝ તાઈપેઈની પાઈ યુ પો સામે થશે.

ડબલ્સમાં સાત્વિક-ચિરાગની આશા સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, મેન્સ ડબલ્સમાં પૂર્વ ચેમ્પિયન સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીને પ્રમાણમાં સરળ શરૂઆત મળી છે.

**પ્રેરિત ડિઝાઇન**

## યુપી વોરિયર્સની નવી રમતગમત જર્સી બનારસી સંસ્કૃતિના રંગે રંગાઈ

યુપી વોરિયર્સની નવી રમતગમત જર્સી બનારસી સંસ્કૃતિના રંગે રંગાઈ



(એજન્સી) મુંબઈ । તા. 07

વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ની આગામી સીઝન માટે યુપી વોરિયર્સે તેની નવી અને અનોખી જર્સીનું અનાવરણ કર્યું છે. આ જર્સીની ખાસિયત એ છે કે તે ઉત્તર પ્રદેશના સુપ્રસિદ્ધ બનારસી વારસા અને કાપડ કળાથી પ્રેરિત છે. ‘એકાયા બનારસ’ સાથેના સહયોગમાં તૈયાર કરવામાં આવેલી આ જર્સી રમતગમતના મેદાન પર ભારતીય સંસ્કૃતિ અને આધુનિક ફેશનનું અદભૂત મિશ્રણ રજૂ કરશે. “એ બ્લૂમિંગ રિબેલિયન” થીમ પર આધારિત આ જર્સી મહિલા ખેલાડીઓના સાહસ અને ઓળખને નવી ઊંચાઈ આપશે.

પરંપરાગત કળા અને આધુનિક રમતનો સંગમ નવી જર્સીમાં બનારસી સિલ્ક પર જોવા મળતી ફૂલોની નકશીકામ અને પરંપરાગત ભાતને આધુનિક સ્પોર્ટ્સવેરના ફોર્મેટમાં ઢાળવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, આ ડિઝાઈન ખેલાડીઓને મેદાન પર આત્મવિશ્વાસ અને ગૌરવની અનુભૂતિ કરાવશે. બનારસી સંસ્કૃતિમાં ફૂલોને શક્તિ અને નવીનીકરણના પ્રતીક માનવામાં આવે છે, જે આ ટીમના લોગો અને વિચારધારા સાથે સંપૂર્ણ રીતે મેળ ખાય છે. આ જર્સી માત્ર એક ગણવેશ નથી, પરંતુ તે ઉત્તર પ્રદેશની ભવ્ય કળાનું પ્રતિનિધિત્વ કરે છે.

સીઝનનો પ્રારંભ અને ટીમની વ્યૂહરચના સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, યુપી વોરિયર્સ ૧૦ જાન્યુઆરીએ ડી.વાય. પાટીલ સ્ટેડિયમ ખાતે ગુજરાત જાયન્ટ્સ સામે પોતાની પ્રથમ મેચ રમશે. ગત સીઝનમાં આઠમાંથી માત્ર ત્રણ મેચ જીતનાર યુપીની ટીમ આ વખતે મેગ લેનિંગ અને દીપ્તિ શર્મા જેવા દિગ્ગજ ખેલાડીઓ સાથે મેદાનમાં ઉતરશે. શિખા પાંડે અને હરલીન દેઓલ જેવી અનુભવી ખેલાડીઓના જોડાવાથી ટીમ વધુ મજબૂત બની છે.

**ઈતિહાસ**

### ડેવિડ ગોવર અને માઈકલ વોને બેથલની ટેકનિકની પ્રશંસા કરી



# એશેઝ: જેકોબ બેથલે સિડની ટેસ્ટમાં સદી ફટકારી ઈતિહાસ રચ્યો

(એજન્સી) સિડની । તા. 07

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પ્રતિષ્ઠિત એશેઝ શ્રેણીની પાંચમી ટેસ્ટ માં ૨૨ વર્ષીય યુવા બેટર જેકોબ બેથલે શાનદાર પ્રદર્શન કરીને ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું છે. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG) ખાતે રમાઈ રહેલી આ મેચના ચોથા દિવસે બેથલે પોતાની કારકિર્દીની પ્રથમ ટેસ્ટ સદી ફટકારી હતી. આ સિદ્ધિ બદલ ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ ડેવિડ ગોવર અને માઈકલ વોને તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

ડેવિડ ગોવર અને માઈકલ વોનનું રિએક્શન ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન ડેવિડ ગોવરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર પોસ્ટ કરી જેકોબ બેથલની પ્રશંસા કરતા લખ્યું, “બેથલ. તેજસ્વી. આનંદદાયક. આટલું પૂરતું છે!” બીજી તરફ, માઈકલ વોને પણ બેથલની બેટિંગની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, “SCGમાં એક સ્ટારનો જન્મ થયો છે. જેકોબ બેથલનો ટેમ્પો અને ટેકનિક ભવિષ્યના ઈંગ્લેન્ડના બેટર્સ માટે બ્લુપ્રિન્ટ સમાન છે.”

જેકોબ બેથલે આ સદી સાથે અનેક રેકોર્ડ પોતાના નામે કર્યા છે. તે ૨૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરમાં ઓસ્ટ્રેલિયા સામે એશેઝ સદી ફટકારનાર ૯મો ઈંગ્લિશ બેટર બન્યો છે.

**રમતનો સારાંશ...** ઓસ્ટ્રેલિયાએ પોતાની પ્રથમ ઈનિંગમાં ૫૬૭ રન બનાવીને ૧૮૩ રનની મોટી લીડ મેળવી હતી, જેમાં ટ્રેવિસ હેડ (૧૬૩) અને સ્ટીવ સ્મિથ (૧૩૮) ની સદીઓ સામેલ હતી. ઈંગ્લેન્ડે બીજી ઈનિંગમાં વહેલી વિકેટો ગુમાવી દીધી હતી, પરંતુ બેથલે એકલા હાથે લડત આપીને ટીમને ૧૧૯ રનની લીડ અપાવી છે. હવે પાંચમા દિવસે જોવાનું એ રહેશે કે બેથલ આ લીડને કેટલી આગળ લઈ જઈ શકે છે અને શું ઈંગ્લેન્ડ આ મેચ બચાવી શકશે.



**₹3 કરોડમાં અમેલિયા કેરની મુંબઈ ઈન્ડિયન્સમાં વાપસી**

# મુંબઈ ઈન્ડિયન્સે અમેલિયા કેરને ફરી ટીમમાં સામેલ કરી, સબા કરીમે જણાવ્યું કારણ

(એજન્સી) મુંબઈ । તા. 07

બે વખતની વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ચેમ્પિયન અને હાલની ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે (MI) આગામી WPL 2026 સીઝન માટે પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. મેગા ઓક્શનમાં ટીમે ન્યૂઝીલેન્ડની સ્ટાર ઓલરાઉન્ડર અમેલિયા કેરને 3 કરોડની મોટી રકમમાં ફરીથી ટીમમાં સામેલ કરી છે. પૂર્વ ભારતીય ક્રિકેટરો સબા કરીમ, મિતાલી રાજ અને અંજુમ ચોપરાએ મુંબઈ ઈન્ડિયન્સના આ આક્રમક નિર્ણયનું ઊંડું વિશ્લેષણ કર્યું છે.

સબા કરીમે જિયોસ્ટારના શો ‘TATA WPL: Know Your Team’ પર વાત કરતા જણાવ્યું હતું કે, મુંબઈ ઈન્ડિયન્સનો મુખ્ય ઉદ્દેશ્ય તેમની ખિતાબ જીતનારી જૂની ટીમને ફરીથી સંગઠિત કરવાનો હતો. તેમણે કહ્યું, “MI જાણતી હતી કે વિનિંગ કોમ્બિનેશન જાળવી રાખવા માટે રિલીઝ કરેલા એક-બે મુખ્ય ખેલાડીઓને પાછા લાવવા જ પડશે. તેમનું મુખ્ય લક્ષ્ય અમેલિયા કેર હતી. તે અદ્ભુત ફોર્મમાં છે અને ટીમ માટે મેચ વિનર સાબિત થઈ છે. એટલે જ વધુ કિંમત ચૂકવીને પણ તેને લેવી MI માટે ફાયદાકારક છે.” ભારતીય મહિલા ટીમની પૂર્વ કેપ્ટન મિતાલી રાજે આ ખરીદીને ‘ઈમોશનલ બાય’ ગણાવી છે. મિતાલીએ ઉમેર્યું કે, “મુંબઈ ઈન્ડિયન્સ માટે અમેલિયા કેર સાથે એક ખાસ લગાવ છે. તેઓ આ કોર સાથે ત્રણ સીઝનમાં બે વાર ચેમ્પિયન બન્યા છે, તેથી તે જૂનું સંતુલન જાળવી રાખવું તેમના માટે મહત્વનું હતું.” અંજુમ ચોપરાએ પણ ટીમના સંતુલનની પ્રશંસા કરતા કહ્યું કે મુંબઈ પાસે અનુભવ અને યુવા પ્રતિભાનું શાનદાર મિશ્રણ છે, જે તેમને ફરીથી ટાઈટલના દાવેદાર બનાવે છે. મેગા ઓક્શન પહેલા MI એ હરમનપ્રીત કૌર, નેટ સાયવર-બ્રન્ટ, હેલી મેથ્યુઝ, અમનજોત કૌર અને જી. કમલિનીને રિટેન કર્યા હતા. હવે અમેલિયા કેર અને શબનિમ ઈસ્માઈલની વાપસી સાથે ટીમ ફરી એકવાર અત્યંત મજબૂત દેખાઈ રહી છે.

ફ્લાઈટ્સ સેવા 10 વર્ષના લાંબાગાળા બાદ ફરી શરૂ : 29 જાન્યુઆરીથી શરૂ થશે

# બાંગ્લાદેશ-પાકિસ્તાન વચ્ચે સીધી ફ્લાઈટ્સ શરૂ

(એજન્સી) ઢાકા-ઈસ્લામાબાદ । તા. 07

બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે સીધી ફ્લાઈટ્સ સેવા 10 વર્ષ પછી ફરી શરૂ થવાની તૈયારીમાં છે. સરકારી ઉડ્ડયન કંપની બિમાન બાંગ્લાદેશ એરલાઈન્સ 29 જાન્યુઆરીથી ઢાકા અને કરાચી વચ્ચે સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરશે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ધીમે ધીમે સુધરી રહ્યા છે. બાંગ્લાદેશી અખબાર પ્રથમ આલો અનુસાર, આ ફ્લાઈટ્સ શરૂઆતમાં અઠવાડિયામાં બે વાર કાર્યરત થશે, જે ગુરુવાર અને શનિવારે કાર્યરત થશે. ફ્લાઈટ ઢાકાથી રાત્રે 8 વાગ્યે ઉપડશે અને સ્થાનિક સમય મુજબ રાત્રે 11 વાગ્યે કરાચી પહોંચશે. પરત ફરતી ફ્લાઈટ કરાચીથી રાત્રે 12 વાગ્યે ઉપડશે અને સવારે 4:20 વાગ્યે ઢાકા પહોંચશે.



**ગયા વર્ષે સીધી ફ્લાઈટ્સની જાહેરાત કરવામાં આવી હતી :** પાકિસ્તાનના નાગરિક ઉડ્ડયન સત્તામંડળે આ રૂટને મંજૂરી આપી હતી, અને વિમાનને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં નિયુક્ત હવાઈ કોરિડોરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી છે. બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરવાની યોજના ઓગસ્ટ 2025 માં જાહેર કરવામાં આવી હતી. તે સમયે પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઈશાક ડારે ઢાકાની મુલાકાત લીધી હતી. 13 વર્ષમાં આ પહેલી વાર હતું જ્યારે કોઈ પાકિસ્તાની વિદેશ પ્રધાન ઢાકાની મુલાકાતે આવ્યા હતા.

### ભારત-બાંગ્લાદેશ સંબંધો સુધરી રહ્યા છે

2024 માં બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની સરકારના પતન પછી, બંને દેશોએ તેમના સંબંધો સુધારવા માટે પ્રયાસો વધુ તીવ્ર બનાવ્યા છે. તાજેતરના મહિનાઓમાં, રાજદ્વારી, વેપાર અને લોકો-થી-લોકોના સંપર્કોને વધારવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે, જે લાંબા સમયથી તંગ સંબંધોને સુધારવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઢાકા અને કરાચી વચ્ચેનો સૌથી ટૂંકો હવાઈ માર્ગ ભારતીય હવાઈ ક્ષેત્રમાંથી પસાર થાય છે, પરંતુ હાલમાં તે સ્પષ્ટ નથી કે બાંગ્લાદેશને ભારતની ઉપર ઉડાન ભરવાની પરવાનગી મળી છે કે નહીં. વિમાન બાંગ્લાદેશના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ માર્ગ ફરી શરૂ કરવા અંગે પાકિસ્તાની ઉડ્ડયન અધિકારીઓ સાથે ઘણા મહિનાઓથી ચર્ચા ચાલી રહી છે.

તાઈવાન એર ડિફેન્સમાં ઘૂસણખોરી વધી

## તાઈવાનમાં ગમે ત્યારે ચીની સૈન્ય દ્વારા યુદ્ધની શક્યતા

(એજન્સી) તાઈપેઈ । તા. 07

તાઈવાનની આસપાસ ચીની સૈન્યની ગતિવિધિઓએ ફરી એકવાર વિશ્વને ચિંતામાં મૂકી દીધું છે. બુધવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે ૧૧ ચીની સૈન્ય વિમાનો, ૬ નૌકાદળના જહાજો અને એક સરકારી જહાજની હાજરી નોંધી છે. આ પૈકીના ૯ વિમાનોએ તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખા ઓળંગીને ઉત્તરી અને દક્ષિણ-પશ્ચિમી એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં ઘૂસણખોરી કરી છે, જેના જવાબમાં તાઈવાને પણ પોતાની મિસાઈલ સિસ્ટમ અને સૈન્ય દળોને સજ્જ કર્યા છે.

યુદ્ધના સંજોગોમાં ભારે જાનહાનિનો અંદાજ તાજેતરમાં અમેરિકા સ્થિત થિંક ટેન્ક 'જર્મન માર્શલ ફંડ' દ્વારા જાહેર કરવામાં આવેલા એક રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. "જો ચીન તાઈવાન પર હુમલો કરે છે" શીર્ષક હેઠળના આ અભ્યાસ મુજબ, જો ચીન જમીન અને સમુદ્ર માર્ગે આક્રમણ કરવાનો પ્રયાસ કરશે, તો તેને ૧,૦૦,૦૦૦ થી વધુ સૈનિકો ગુમાવવા પડી શકે છે. ઝેક કૂપર જેવા સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે તાઈવાન અને અમેરિકી દળોના વળતા પ્રહારથી ચીનની લોજિસ્ટિક્સ વ્યવસ્થા પડી ભાંગશે અને અંતે તેણે પીછેહઠ કરવી પડશે. આર્થિક અને સામાજિક પતનનો ભય સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, આ યુદ્ધ માત્ર સૈન્ય પૂરતું સીમિત નહીં રહે, પરંતુ ચીનને ૨ થી ૧૦ ટ્રિલિયન ડોલરનું આર્થિક નુકસાન પહોંચાડી શકે છે.

મીડિયા અહેવાલ પ્રમાણે, યુદ્ધના કારણે ચીન પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાદવામાં આવશે, જેનાથી તેની નિકાસ આધારિત અર્થવ્યવસ્થા પડી ભાંગશે. આટલી મોટી જાનહાનિ અને આર્થિક પતન ચીનમાં આંતરિક અસંતોષ અને સત્તાપલટા માટે પણ કારણભૂત બની શકે છે. હાલમાં તાઈવાન સ્ટ્રેટમાં વધતો જતો સૈન્ય જમાવડો એશિયા-પેસિફિક ક્ષેત્રમાં મોટી અશાંતિના સંકેત આપી રહ્યો છે.

## ન્યૂઝ બ્રીફ

### નેપાળના બીરગંજમાં હિંસક અથડામણ બાદ ભારત સરહદે સૈન્ય એલર્ટ



કાઠમાંડુ | ભારતની પડોશમાં આવેલા હિન્દુ બહુમતી ધરાવતા દેશ નેપાળમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળતા સનસનાટી મચી ગઈ છે. નેપાળના બીરગંજ વિસ્તારમાં સોશિયલ મીડિયા પર હિન્દુ ધર્મનું અપમાન કરતો વીડિયો વાયરલ થયા બાદ ઉશ્કેરાયેલા ટોળાએ એક મસ્જિદમાં તોડફોડ કરતા સ્થિતિ કાબુ બહાર ગઈ હતી. આ હિંસાને પગલે ભારતને સ્પર્શતી સરહદો પર સુરક્ષા દળોને અત્યંત સાવધ રહેવા આદેશ આપવામાં આવ્યા છે અને દક્ષિણ નેપાળની સરહદને કામચલાઉ ધોરણે સીલ કરી દેવામાં આવી છે. ધાર્મિક લાગણી દુભાતા વિરોધ પ્રદર્શન ઘટનાની વિગતો મુજબ, બે યુવકોએ ટિક-ટોક પર વાંધાજનક વીડિયો શેર કર્યો હતો.

### યુરોપમાં બરફના તોફાનનું તાંડવ જનજીવન અસ્તવ્યસ્ત બન્યું

હેગ | સમગ્ર યુરોપ ખંડ અત્યારે કુદરતી પ્રકોપનો સામનો કરી રહ્યો છે. ભારે હિમવર્ષા અને હાડ થીજવતી ઠંડીને કારણે ફ્રાન્સ, બ્રિટન અને નેધરલેન્ડ્સ સહિતના દેશોમાં જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. ફ્રાન્સમાં મોસમના મિજાજને કારણે સર્જાયેલા માર્ગ અકસ્માતોમાં અત્યાર સુધીમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા હોવાના અહેવાલ છે. પેરિસ સહિતના મોટા શહેરોમાં બરફની જાડી ચાદર છવાઈ જતા શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. હવાઈ અને રેલ વ્યવહાર ખોરવાયો બરફના તોફાનની સૌથી ગંભીર અસર પરિવહન ક્ષેત્રે જોવા મળી છે. મીડિયા અહેવાલ અનુસાર, ઈટાલી, બ્રિટન અને નેધરલેન્ડ્સમાં ૪૦૦થી વધુ ફ્લાઈટો રદ કરવી પડી છે. એમ્સ્ટર્ડમના શિફોલ એરપોર્ટ પર રનવે પરથી બરફ હટાવવાની કામગીરી ચાલતી હોવાથી હજારો મુસાફરો એરપોર્ટ પર જ ફસાયા છે.

### વેનેઝુએલામાં સત્તા માટે આંતરિક ગજગ્રાહ વિદેશી હસ્તક્ષેપનો સખત વિરોધ



કારાકાસ | વેનેઝુએલામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. દેશના કાર્યકારી પ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝે અમેરિકાના હસ્તક્ષેપને ફગાવતા સ્પષ્ટ કર્યું છે કે વેનેઝુએલા પર કોઈ વિદેશી શક્તિનું શાસન નથી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વેનેઝુએલામાં 'સત્તા પરિવર્તન' અને તેલના ભંડાર પરના દાવાઓ વચ્ચે રોડ્રિગ્ઝે આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે દેશમાં સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, જનતા ચૂંટાયેલી સરકારની સાથે છે. માદુરોની ધરપકડ અને અમેરિકી દબાણ તાજેતરમાં જ અમેરિકી સૈન્ય કાર્યવાહીમાં પૂર્વ શાસક નિકોલસ માદુરો અને તેમની પત્નીની ધરપકડ કરવામાં આવી છે.

ખામેનેઈ શાસનનો જનવિદ્રોહને કચડવાનો પ્રયાસ, ઈરાનમાં ૨૦૨૨ બાદ સૌથી ઉગ્ર અને વ્યાપક વિરોધ પ્રદર્શનો

# ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ઉકળતો ચરુ: હિંસામાં 35નાં મોત, 1200ની ધરપકડ

(એજન્સી) તેહરાન । તા. 07

ઈરાનમાં સામાજિક નિયંત્રણો, આકાશે આંબતી મોંઘવારી અને ડામાડોળ અર્થતંત્રના પગલે સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના નેતૃત્વ હેઠળના ઈસ્લામિક શાસન વિરુદ્ધ જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ઈરાનના ખૂણેખૂણે જનવિદ્રોહ જોવા મળી રહ્યો છે. પ્રદર્શનકારીઓએ તેહરાન, ઈસ્ફહાન અને શિરાજ જેવા મુખ્ય શહેરોમાં 'ડેથ ટુ ખામેનેઈ' અને 'મુલ્લાઓ દેશ છોડો' જેવા ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા છે. આ આંદોલનને ડામવા માટે સુરક્ષા દળોએ કરેલા બળપ્રયોગમાં અત્યાર સુધીમાં ૩૫ લોકોના મોત થયા છે અને ૧૨૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે.

### ૨૭ પ્રાંતોમાં ફેલાયેલી ક્રાંતિની જ્વાળા

માનવાધિકાર સંગઠનોના અહેવાલ મુજબ, ઈરાનના ૩૧ પ્રાંતોમાંથી ૨૭ પ્રાંતોમાં ૨૫૦થી વધુ સ્થળોએ વિરોધ પ્રદર્શનો ફેલાઈ ચૂક્યા છે. તેહરાનના પ્રખ્યાત 'ગ્રાન્ડ બજાર' માં વેપારીઓએ દુકાનો બંધ રાખી ધરણાં કર્યા હતા, જ્યાં પોલીસે ટીયર ગેસના શેલ છોડીને ભીડને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. આ વિરોધ પ્રદર્શન ૨૦૨૨ માં મહસા અમિનીના મોત બાદ થયેલા આંદોલન પછીનું સૌથી મોટું અને વ્યાપક આંદોલન માનવામાં આવી રહ્યું છે.

### હિંસામાં નિર્દોષ બાળકો અને સુરક્ષાકર્મીઓના મોત

વર્તમાન પરિસ્થિતિમાં હિંસાનો ભોગ બનેલા ૩૫ લોકોમાં ૨૯ પ્રદર્શનકારીઓ, ૪ માસૂમ બાળકો અને ૨ સુરક્ષાકર્મીઓનો સમાવેશ થાય છે. સરકારે આ વિરોધ પ્રદર્શનોને 'વિદેશી ષડયંત્ર' ગણાવીને તેને બળપૂર્વક દબાવવાની રણનીતિ અપનાવી છે. અયાતુલ્લા ખામેનેઈએ દેખાવકારોને ચેતવણી આપતા જણાવ્યું છે કે તેઓ પ્રદર્શનકારીઓને તેમની 'જગ્યા' બતાવી દેશે. જોકે, દિન-પ્રતિદિન પ્રદર્શનકારીઓની સંખ્યા અને આક્રોશ વધી રહ્યો છે.

### આર્થિક કટોકટી અને રાજાશાહીનું સમર્થન



ઈરાનમાં ડિસેમ્બર ૨૦૨૫ માં ફુગાવાનો દર ૪૨.૫% એ પહોંચી ગયો હતો, જ્યારે ખાદ્યચીજોના ભાવમાં ૭૦% નો વધારો થયો છે. રિયાલની કિંમત ડોલર સામે રેકોર્ડ સ્તરે ઘટીને ૧.૪ મિલિયન થઈ ગઈ છે. આ આર્થિક પાયમાલી માટે જનતા વર્તમાન શાસનને જવાબદાર ઠેરવી રહી છે. આશ્ચર્યજનક રીતે, ઘણા સ્થળોએ પ્રદર્શનકારીઓ 'શાહ અમર રહો' ના નારા લગાવીને ૧૯૭૯ ની ક્રાંતિ પહેલાની રાજાશાહીને પરત લાવવાનું સમર્થન કરી રહ્યા છે.

### ટ્રમ્પની ચેતવણી અને વૈશ્વિક દબાણ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ઈરાનની આ સ્થિતિ પર નજર રાખતા ચેતવણી આપી છે કે જો શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર હિંસા ચાલુ રહેશે, તો અમેરિકા હસ્તક્ષેપ કરી શકે છે. ઈઝરાયેલ અને અમેરિકા સાથેના વધતા તણાવ અને જૂન ૨૦૨૫ ના ૧૨ દિવસીય યુદ્ધ પછી ઈરાનનું માળખાગત અર્થતંત્ર સંપૂર્ણપણે પડી ભાંગ્યું છે. નિષ્ણાતોના મતે, આ જનવિદ્રોહ ખામેનેઈ શાસન માટે અત્યાર સુધીનો સૌથી કઠિન પડકાર સાબિત થઈ શકે છે.

### ઈરાનમાં સત્તા વિરોધી ઉગ્ર પ્રદર્શનોથી આખું શાસન ધ્રૂજી ઉઠ્યું



વોશિંગ્ટન | ઈરાનમાં અત્યારે જ્વાળામુખી ફાટ્યો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અમેરિકાની વિદેશ બાબતોની સમિતિના જણાવ્યા અનુસાર, દેશભરમાં ફાટી નીકળેલા વિદ્રોહને કારણે ઈરાની શાસન પરની પકડ ઝડપથી ઢીલી પડી રહી છે. 100 થી વધુ શહેરોમાં લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે અને "સરમુખત્યારનો અંત લાવો" તેવા ગગનભેદી નારા લગાવી રહ્યા છે. વર્ષોથી જુલમ સહન કરી રહેલી જનતા હવે આયાતુલ્લાહના શાસનને ઉખેડી ફેંકવા મક્કમ દેખાઈ રહી છે. ચલણનું પતન અને આર્થિક કટોકટી બળતામાં ઘી હોમવાનું કામ ઈરાનની કથળતી આર્થિક સ્થિતિએ કર્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ઈરાની ચલણ 'રિયાલ' અમેરિકી ડોલર સામે 1.47 મિલિયનના ઐતિહાસિક લઘુત્તમ સ્તરે પહોંચી ગયું છે. આર્થિક મોરચે નિષ્ફળતા અને આકાશે આંબતી મોંઘવારીએ સામાન્ય નાગરિકોની કમર તોડી નાખી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, સરકાર દેખાવકારોને શાંત કરવા બજેટમાં સુધારા કરી રહી છે, પરંતુ જનતા હવે કોઈ પણ સમજૂતી માટે તૈયાર નથી. હિંસક અથડામણો અને માનવાધિકારનું હનન ઈલામ અને અબદાનાન જેવા શહેરોમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ છે.

ભારતીય સેનાનું ઓપરેશન

## સાગર બંધુ શ્રીલંકા માટે સંકટ સમયની સાંકળ



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

કુદરતી આફતના સમયે પડોશી ધર્મ નિભાવવામાં ભારત હંમેશા અગ્રેસર રહ્યું છે. 'દિત્વાહ' વાવાઝોડાના કારણે શ્રીલંકામાં સર્જાયેલી ભારે તબાહી બાદ, ભારતીય સેનાની એન્જિનિયર ટાસ્ક ફોર્સ 'ઓપરેશન સાગર બંધુ' હેઠળ યુદ્ધના ધોરણે રાહત કામગીરી કરી રહી છે. સેનાના જવાનોએ સેન્ટ્રલ પ્રોવિન્સના કેન્ડી અને ઉવા પ્રોવિન્સના બદુલ્લાને જોડતા વ્યૂહાત્મક હાઈવે B-492 પર પરિવહન પુનઃસ્થાપિત કરવા માટે દિવસ-રાત એક કર્યા છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પુનઃનિર્માણ વાવાઝોડાને કારણે ધોવાઈ ગયેલા રસ્તાઓને કારણે અનેક સમુદાયો સંપર્કવિહોણા બન્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, ભારતીય સેનાના એન્જિનિયરોએ હાઈવે પર 15 અને 21 કિલોમીટરના અંતરે મજબૂત 'બેઈલી બ્રિજ' તૈયાર કર્યા છે. આ કામગીરીને કારણે મુસાફરીનો સમય ઘટશે અને અસરગ્રસ્તો સુધી જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવી સરળ બનશે. શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશનના જણાવ્યા અનુસાર, કેન્ડીમાં 100 ફૂટ લાંબો પુલ બનાવવાની કામગીરી પણ પૂર્ણતાના આરે છે.

રક્ષામંત્રી અને સેનાધ્યક્ષનો પ્રવાસ આ કામગીરીની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત કરવા માટે ભારતીય સેનાધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી હાલ શ્રીલંકાના સત્તાવાર પ્રવાસે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, તેઓ શ્રીલંકાના સૈન્ય અને નાગરિક નેતૃત્વ સાથે તાલીમ અને પ્રાદેશિક સુરક્ષા અંગે ચર્ચા કરશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના અતૂટ જોડાણ અને પરસ્પર સહયોગની પ્રતીતિ કરાવે છે. આ અગાઉ તેમણે ભારતીય શાંતિ રક્ષક દળના સ્મારકે શહીદોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી.

## ભારત-EU સંબંધોમાં લક્ઝમબર્ગ મહત્વની કડી: વિદેશ મંત્રી એસ. જયશંકર

(એજન્સી) લક્ઝમબર્ગ સિટી । તા. 07

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે બુધવારે લક્ઝમબર્ગના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર અને વિદેશ મંત્રી ઝેવિયર બેટલ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં જયશંકરે લક્ઝમબર્ગને ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવામાં એક મજબૂત હિમાયતી તરીકે ઓળખાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારત લક્ઝમબર્ગને માત્ર એક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય ભાગીદાર તરીકે જ નહીં, પરંતુ EU સાથેના ભારતના વ્યૂહાત્મક સંબંધોને આકાર આપનાર એક મહત્વની કડી તરીકે જુએ છે.

બેઠક દરમિયાન જયશંકરે નોંધ્યું હતું કે બંને દેશો વચ્ચેના સંબંધો હવે ૭૮માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. તેમણે લક્ઝમબર્ગનો આભાર માનતા કહ્યું કે, "તમે ભારત અને યુરોપિયન યુનિયન



વચ્ચેના સંબંધોને મજબૂત કરવામાં હંમેશા આગળ રહ્યા છો. યુરોપિયન યુનિયન સાથેના અમારા સંબંધોના વિકાસમાં તમારો ટેકો અને પ્રભાવ અમારા માટે ખૂબ જ મૂલ્યવાન છે." આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત અને EU મુક્ત વેપાર કરાર (FTA) અને અન્ય સુરક્ષા મુદ્દે ગાઢ ચર્ચા કરી રહ્યા છે.

વિદેશ મંત્રીએ પરંપરાગત વેપાર ઉપરાંત ભવિષ્યના ટેકનોલોજીકલ ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો. તેમણે ખાસ કરીને નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

## યુરોપમાં બરફના તોફાનનું તાંડવ જનજીવન અસ્તવ્યસ્ત બન્યું

હેગ | સમગ્ર યુરોપ ખંડ અત્યારે કુદરતના રૌદ્ર સ્વરૂપનો સામનો કરી રહ્યો છે. મંગળવારથી શરૂ થયેલી ભારે હિમવર્ષા અને હિમપ્રપાતે જનજીવનને બાનમાં લીધું છે. ફ્રાન્સ, બ્રિટન અને નેધરલેન્ડ્સ જેવા દેશોમાં સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે, જ્યાં કાતિલ ઠંડી અને બરફના કારણે માર્ગ અકસ્માતોમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા પાંચ લોકોએ જીવ ગુમાવ્યા હોવાના અહેવાલ છે. ફ્રાન્સમાં તો બરફના કારણે છ જેટલા એરપોર્ટ બંધ કરવાની ફરજ પડી છે અને શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. હવાઈ અને રેલ વ્યવહાર ખોરવાયો બરફના તોફાનની સૌથી ગંભીર અસર આંતરરાષ્ટ્રીય પરિવહન પર જોવા મળી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, નેધરલેન્ડ્સના એમ્સ્ટર્ડમ સ્થિત શિફોલ એરપોર્ટ પર રનવે પર બરફ જામી જવાને કારણે અંદાજે ૪૦૦ જેટલી ફ્લાઈટો રદ કરવામાં આવી છે.

## ટ્રમ્પ કોઇ ના સગા નહીં! શાંતિ નોબેલ વિજેતા મારિયા મચાડો સાથે પણ 'દગો'

### મારિયા કોરિના મચાડોના નેતૃત્વ પર ટ્રમ્પનો અવિશ્વાસ

(એજન્સી) વોશિંગ્ટન/કારાકાસ । તા. 07

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાની અણધારી અને આક્રમક વ્યૂહનીતિથી વિશ્વને ચોંકાવી દીધું છે. વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની અમેરિકી દળો દ્વારા ધરપકડ કરાયા બાદ એવી પ્રબળ શક્યતા હતી કે વિપક્ષી નેતા અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડો દેશની બાગડોર સંભાળશે. જોકે, ટ્રમ્પે મચાડોની ક્ષમતા પર જાહેરમાં સવાલો ઉઠાવી તેમને મોટો રાજકીય ઝટકો આપ્યો છે.

અમેરિકાની સ્પેશિયલ ફોર્સે વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં મધ્યરાત્રિએ ઓપરેશન પાર પાડી નિકોલસ માદુરોની ધરપકડ કરી હતી. આ ઘટના બાદ વેનેઝુએલામાં સર્જાયેલા સત્તાના શૂન્યાવકાશને ભરવા માટે મારિયા મચાડોનું નામ સૌથી મોખરે હતું. પરંતુ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે તેઓ મચાડોને નેતૃત્વ સોંપવાના પક્ષમાં નથી. ટ્રમ્પે કહ્યું કે, "મારું માનવું છે કે વેનેઝુએલાની વર્તમાન પરિસ્થિતિને સંભાળવી મચાડો માટે ખૂબ મુશ્કેલ હશે. તેઓ એક સારા મહિલા છે, પરંતુ દેશમાં તેમને જોઈએ તેટલું સમર્થન મળતું નથી."

આ વિવાદ વધુ રસપ્રદ એટલા માટે છે કારણ કે મારિયા મચાડોએ થોડા સમય પહેલા જ પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર ડોનાલ્ડ ટ્રમ્પને સમર્પિત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ટ્રમ્પ ખરેખર આ સન્માનને લાયક છે. મચાડોને આશા હતી કે ટ્રમ્પ વહીવટીતંત્ર તેમને માદુરો શાસન સામે પૂર્ણ ટેકો આપીને સત્તા પર બેસાડશે, પરંતુ ટ્રમ્પના તાજેતરના નિવેદને તેમની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું છે.

રેકોર્ડ | વેનેઝુએલા શેરબજારમાં ઉછાળો: કરાકસ સ્ટોક એક્સચેન્જમાં ઐતિહાસિક રેકોર્ડ

# માદુરોની ધરપકડ બાદ માર્કેટમાં 50%ની ઐતિહાસિક તેજી

(એજન્સી) કારાકાસ । તા. 07

વિશ્વના નકશા પર અત્યારે વેનેઝુએલા સૌથી ચર્ચિત દેશ બની ગયો છે. એક તરફ અમેરિકાએ મોટી સૈન્ય કાર્યવાહી કરીને દેશના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરી લીધી છે, તો બીજી તરફ ત્યાંની આર્થિક સ્થિતિમાં અણધાર્યો ઉલટફેર જોવા મળ્યો છે. આ ભૌગોલિક-રાજકીય યુદ્ધ અને તેલના ભંડાર પર અમેરિકાના વધતા અંકુશ વચ્ચે વેનેઝુએલા શેરબજારમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે અસ્થિરતામાં તૂટી પડતું બજાર અહીં રોકેટની ગતિએ ભાગી રહ્યું છે.

### સૈન્ય કાર્યવાહી છતાં બજારમાં તેજી

સામાન્ય રીતે કોઈ દેશમાં સૈન્ય કાર્યવાહી કે પ્રમુખની ધરપકડ જેવી ઘટના બને ત્યારે ત્યાંનું શેરબજાર તૂટી પડતું હોય છે, પરંતુ વેનેઝુએલામાં સ્થિતિ સાવ ઉલટી છે. વેનેઝુએલાનું મુખ્ય શેરબજાર 'કરાકસ સ્ટોક એક્સચેન્જ' અત્યારે રોકેટની ગતિએ વધી રહ્યું છે.

એક દિવસની તેજી: કરાકસ જનરલ ઈન્ડેક્સમાં માત્ર



એક જ દિવસમાં 50% થી વધુનો ઉછાળો આવ્યો છે.

વીકલી ગ્રોથ: 2 જાન્યુઆરીથી અત્યાર સુધીની સરખામણી કરીએ તો માદુરોની ધરપકડ બાદ બજારમાં 74% થી વધુની તેજી જોવા મળી છે.

ઈન્ડેક્સ વેલ્યુ: 6 જાન્યુઆરીના રોજ આ ઈન્ડેક્સ 3896.8 પોઈન્ટ પર બંધ થયો હતો.

આ તેજીનું સૌથી મોટું કારણ રોકાણકારોનો આશાવાદ છે. વર્ષોથી આર્થિક સંકટ અને અમેરિકન પ્રતિબંધોનો સામનો કરી રહેલા વેનેઝુએલાના લોકોને હવે લાગે છે કે અમેરિકાની એન્ટ્રીથી દેશમાં રાજકીય સ્થિરતા આવશે.

માદુરો શાસનનો અંત: રોકાણકારો માને છે કે હવે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હટશે.

વિદેશી રોકાણ: પ્રતિબંધો હટતા જ વિદેશી રોકાણના દ્વાર ખૂલવાની અપેક્ષા છે.

ઓઈલ સેક્ટરમાં તેજી: અમેરિકન કંપનીઓના આગમનથી તેલના ભંડારનો યોગ્ય ઉપયોગ થશે અને અર્થતંત્ર સુધરશે.

### વિશ્વભરના વિશ્લેષકો માટે કુતૂહલ

1947માં સ્થપાયેલું આ દક્ષિણ અમેરિકાનું સૌથી નાનું શેરબજાર અત્યારે વિશ્વભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. રાજકીય વિશ્લેષકો સ્તબ્ધ છે કે કેવી રીતે સત્તા પલટાની ઘટના આર્થિક તેજીનું કારણ બની શકે. તેલ પર ટ્રમ્પના કબજાની જાહેરાત છતાં માર્કેટ જે રીતે પોઝિટિવ રિએક્ટ કરી રહ્યું છે, તે દર્શાવે છે કે બજાર હવે જૂના તંત્રથી મુક્તિ ઈચ્છી રહ્યું હતું.

## ફિલિપાઈન્સમાં શક્તિશાળી ભૂકંપના આંચકા ૬.૭ ની તીવ્રતાથી ધરા ધ્રૂજી

(એજન્સી) મનિલા । તા. 07

ફિલિપાઈન્સના પૂર્વીય કિનારે બુધવારે સવારે કુદરતનો પ્રકોપ જોવા મળ્યો હતો. ૬.૭ ની પ્રચંડ તીવ્રતાના ભૂકંપના આંચકાએ સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો છે. અમેરિકન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ (USGS) મુજબ, ભૂકંપનું કેન્દ્ર બકુલીન શહેરથી ૬૮ કિલોમીટર દૂર દરિયામાં માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. જમીનથી ઓછી ઊંડાઈએ આવેલા આ 'ઓફશોર ટેમ્બલર'ને કારણે આંચકાની અસર અત્યંત તીવ્ર રહી હતી, જેના પરિણામે લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

ગભરાટના માર્યા લોકો રસ્તા પર ઉતરી આવ્યા ભૂકંપના તેજ આંચકા અનુભવાતા જ મિંદાનાઓ ટાપુ અને સુરિગાઓ ડેલ સુર પ્રાંતના રસ્તાઓ લોકોથી ભરાઈ ગયા હતા. સ્થાનિક પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગગનચુંબી ઈમારતો અને રહેણાંક મકાનો ધ્રૂજવા લાગતા જ લોકો જીવન બચાવવા માટે ખુલ્લા મેદાનોમાં દોડી ગયા હતા. સદનસીબે, હજુ સુધી કોઈ મોટી જાનહાનિ કે ગંભીર નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ સ્થાનિક વહીવટીતંત્ર અત્યારે હાઈ એલર્ટ પર છે. આફ્ટરશોક્સની ભીતિ અને વૈજ્ઞાનિક કારણો ફિલિપાઈન્સની ભૂકંપ મોનિટરિંગ એજન્સી 'ફિવોલ્ક્સ' દ્વારા નાગરિકોને સાવચેત રહેવાની સૂચના આપવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી ૨૪ કલાકમાં વધુ આફ્ટરશોક્સ આવવાની પૂરેપૂરી શક્યતા છે. પ્રશાંત મહાસાગરનો આ વિસ્તાર 'રિંગ ઓફ ફાયર' તરીકે ઓળખાય છે, જ્યાં ટેક્ટોનિક પ્લેટ્સની સતત હિલચાલને કારણે ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટ જેવી ઘટનાઓ અવારનવાર બનતી રહે છે.

# મહારાષ્ટ્ર કોંગ્રેસ નેતાની હત્યા: મસ્જિદ બહાર હિદાયતુલ્લાહ પટેલ પર જીવલેણ હુમલો



મુંબઈ | મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઊભા કરતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ ઉપાધ્યક્ષ અને અકોલા લોકસભા બેઠકના પૂર્વ ઉમેદવાર હિદાયતુલ્લાહ પટેલની મંગળવારે (૬ જાન્યુઆરી) બપોરે અકોલા જિલ્લામાં ઘાતકી હત્યા કરવામાં આવી છે. ૬૬ વર્ષીય પટેલ જ્યારે મસ્જિદમાં નમાઝ પઢીને બહાર નીકળી રહ્યા હતા, ત્યારે હુમલાખોરે તેમના પર ચપ્પાના અનેક ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત પટેલનું બુધવારે સવારે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મળતી વિગતો અનુસાર, હિદાયતુલ્લાહ પટેલ અકોલા જિલ્લાના અકોટ તાલુકાના મોહલા ગામ સ્થિત મસ્જિદમાં બપોરની નમાઝ પઢવા ગયા હતા. નમાઝ પૂર્ણ કર્યા બાદ તેઓ જેવો મસ્જિદના દરવાજા બહાર આવ્યા, ત્યારે ત્યાં પહેલેથી ટાપીને બેઠેલા હુમલાખોરે તેમના પર ઓચિંતા હુમલો કર્યો હતો. હુમલાખોરે અત્યંત ક્રૂરતાપૂર્વક તેમની છાતી અને ગરદનના ભાગે ચપ્પાના ઘા ઝીંક્યા હતા. લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક સ્થાનિક ખાનગી હોસ્પિટલના આઈસીયુ (ICU) માં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ વધુ પડતું લોહી વહી જવાને કારણે તબીબો તેમને બચાવી શક્યા ન હતા. પોલીસે આ કેસમાં ત્વરિત કાર્યવાહી હાથ ધરી ૨૨ વર્ષીય ઉબેદ ખાન કાલુ ખાન નામના યુવકની ધરપકડ કરી છે. પ્રાથમિક પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક હિદાયતુલ્લાહ પટેલ અને આરોપીના પરિવાર વચ્ચે લાંબા સમયથી જૂની દુશ્મનાવટ અને અદાવત ચાલી રહી હતી. આ અદાવતનો બદલો લેવા માટે હુમલાખોરે નમાઝ બાદનો સમય પસંદ કરી ઓચિંતો હુમલો કર્યો હોવાનું મનાય છે.


**જના સ્મોલ ફાઈનાન્સ બેંક** (એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક) | **રજિસ્ટર્ડ ઓફિસ:** ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં. 10/1, 11/2 અને 12/28, ઓફ ડોમલુર, કોરમંગલા ઇનર રિંગ રોડ, EGL બિઝનેસ પાર્ક પાસે, ચલ્લાઘટ્ટા, બેંગલોર-560071. **રીજનલ બ્રાન્ચ ઓફિસ:** 208 થી 213, 2જો માળ, શાંગ્રીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, 100 ફીટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ.

## ઈ-હરાજી નોટિસ

**સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 8 અને 9 ની જોગવાઈઓ સાથે વંચાતા, સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (SARFAESI ACT) 2002 હેઠળ ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ.**

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ SARFAESI એક્ટની કલમ 13(4) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે દર્શાવેલ મિલકતોનો **કબજો લીધો** છે. ઉધાર લેનારા (Borrower) અને ખાસ કરીને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે બેંકના લેણાંની વસૂલાત માટે નીચે દર્શાવેલ ખાતાઓમાં ગીરો રાખેલ મિલકતોની **ઓનલાઈન હરાજી (ઈ-હરાજી) "જે છે જ્યાં છે" અને "જે છે જે સ્થિતિમાં છે"**ના ધોરણે નીચે મુજબની તારીખ અને સમયે યોજવામાં આવશે:

| ક્ર. નં. | લોન એકાઉન્ટ નંબર | મુળ ઉધાર લેનાર/ સહ-ઉધાર લેનાર/જામીન આપનારનું નામ | તારીખ 13-2 નોટિસ | કબજાની તારીખ | 06.01.2026ના રોજ વર્તમાન બાકી રકમ | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | INRમાં રિઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) INRમાં | ઈ-હરાજીની તારીખ અને સમય | બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 31489610000105 & 31489410000038 | 1) બોરાણા રાકેશકુમાર મનોજભાઈ, 2) બોરાણા મનોજભાઈ રામજીભાઈ, 3) બોરાણા નીતાબેન મનોજભાઈ | 16/04/2025 | 07/07/2025 | રૂ.8,29,528.63 (આઠ લાખ ઓગણત્રીસ હજાર પાંચસો અઠ્ઠાવીસ અને ત્રેસઠ પૈસા પૂરા) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.7,41,000/- (રૂપિયા સાત લાખ એકતાલીસ હજાર માત્ર) | રૂ.74,100/- (રૂપિયા ચુમ્મોતેર હજાર એકસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 05:00 સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** 147.61 ચો.મી.ની જમીનની મિલકત, રાજસીતાપુર ગ્રામ પંચાયત અકર્ણી પત્રક મિલ્કત નં.501 ધરાવતું મકાન ધરાવતું મકાન, વિલાંગ રાજસીતાપુર, તા. ધ્રાંગધ્રા, જિ. રાજસીતાપુર ગ્રામ પંચાયતની પંચાયત હદમાં આવેલ સુરેન્દ્રનગર. **સીમાઓ: ઉત્તર:** આ બાજુ લલિતભાઈ મગનભાઈ મિસ્ત્રીનું મકાન, **દક્ષિણ:** આ બાજુનું મકાન અને હરપાલસિંહ પથુભા રાઠોડનું મકાન, **પૂર્વ:** આ બાજુ મનુભાઈ શામજીભાઈ માણેકનું મકાન, **પશ્ચિમ:** આ બાજુનું મકાન પ્રેમજીભાઈ ઓધવજીભાઈ મિસ્ત્રીનું. | | | | | | | | | |
| 2 | 31489420003445 | 1) દલવાડી મેરુભાઈ નાનજીભાઈ, 2) દલવાડી લક્ષ્મીબેન મેરૂભાઈ | 10/07/2025 | 04/01/2026 | રૂ.10,26,443.43 (દસ લાખ છવ્વીસ હજાર ચારસો તેતાલીસ અને તેતાલીસ પૈસા પૂરા) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.6,19,000/- (રૂપિયા છ લાખ ઓગણીસ હજાર માત્ર) | રૂ.61,900/- (રૂપિયા એકસઠ હજાર નવસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** 147.61 ચો.મી.ની જમીનની મિલકત, રાજસીતાપુર ગ્રામ પંચાયત અકર્ણી પત્રક મિલ્કત નં.501 ધરાવતું મકાન ધરાવતું મકાન, વિલાંગ રાજસીતાપુર, તા. ધ્રાંગધ્રા, જિ. રાજસીતાપુર ગ્રામ પંચાયતની પંચાયત હદમાં આવેલ સુરેન્દ્રનગર. **સીમાઓ: ઉત્તર:** આ બાજુ લલિતભાઈ મગનભાઈ મિસ્ત્રીનું મકાન, **દક્ષિણ:** આ બાજુનું મકાન અને હરપાલસિંહ પથુભા રાઠોડનું મકાન, **પૂર્વ:** આ બાજુ મનુભાઈ શામજીભાઈ માણેકનું મકાન, **પશ્ચિમ:** આ બાજુનું મકાન પ્રેમજીભાઈ ઓધવજીભાઈ મિસ્ત્રીનું. | | | | | | | | | |
| 3 | 45179420002801 | 1) ધનારામ લાલારામ, 2) શર્વનકુમાર ચૌધરી | 12/09/2025 | 19/11/2025 | રૂ.21,25,873.69 (એકવીસ લાખ પચ્ચીસ હજાર આઠસો તોતેર અને અગણોસિત્તેર પૈસા પૂરા) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.14,34,000/- (રૂપિયા ચૌદ લાખ ચોત્રીસ ચૌદ હજાર માત્ર) | રૂ.1,43,400/- (રૂપિયા એક લાખ તેતાળીસ હજાર ચારસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે ફ્લેટ નં. એ/૫૦૫, પાંચમા માળે, ૯૮.૯૬ ચોરસ મીટર (સુપરબિલ્ટઅપ) વિસ્તાર ધરાવે છે અને ૨૧.૯૮ ચોરસ મીટર જમીનમાં અવિભાજિત હિસ્સો ધરાવે છે. "જૈનમ રેસિડેન્સી" તરીકે ઓળખાતી યોજનામાં, આ યોજના ગુજરાત રાજ્યમાં અમદાવાદના નોંધણી જિલ્લામાં મૌજે નારોલ તાલુકા મણિનગર અને અમદાવાદ-૫ (નારોલ) ના પેટા જિલ્લાના ટાઉન પ્લાનિંગ યોજના નં. ૫૭ ના અંતિમ પ્લોટ નં. ૧૧૧, સર્વે નં. ૭૨ ધરાવતી ફ્રીહોલ્ડ બિન-ખેતી જમીન પર બાંધવામાં આવી છે. ઉપરોક્ત મિલકત નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ: સોસાયટી કોમન રોડ, પશ્ચિમ: ફ્લેટ નં. એ/૫૦૬, ઉત્તર: ફ્લેટ નં. એ/૫૦૪, દક્ષિણ: ખુલ્લી જગ્યા. | | | | | | | | | |
| 4 | 45259610001478 | 1) ગોલુ કુમાર બંધુ પ્રસાદ, 2) યાદવ ઉજાલા શ્યામધારી | 17/09/2025 | 21/11/2025 | રૂ.20,82,070.00 (રૂપિયા વીસ લાખ બાંયસી હજાર સિત્તેર માત્ર) | 15.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.13,56,000/- (રૂપિયા તેર લાખ છપ્પન હજાર માત્ર) | રૂ.1,35,600/- (રૂપિયા એક લાખ પાંત્રીસ હજાર છસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** સ્થળ મુજબ (પાસ થયેલા પ્લાન મુજબ આશરે40.15 ચોરસ મીટર) પ્લોટ નં. 96 ધરાવતા જમીનના તેબધા ટુકડા અનેભાગો, જેમાં રોડ અનેસીઓપીમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો લગભગ 16.49 ચોરસ મીટર છે, જેકુલ 56.64 ચોરસ મીટર સોમનાથ રેસીડેન્સીનો હિસ્સો છેજેમહેસૂલ સર્વેનં. 465 પર રચાયેલ છેઅનેતેના બ્લોક નં. 426 ગામ ફોર્મ નં. 7 અને12 અનુસાર 15985 ચોરસ મીટર છેઅનેતેનો પુનર્ગઠિત વિસ્તાર 9591 ચોરસ મીટર છે, જેમાં શહેર સર્વેનં. NA426, શીટ નં. NA99 બોનંદના વોર્ડ બોનંદ (બિનખેતી) ના સુરત જિલ્લામાં છે. ગોપીન પ્રોપર્ટીઝ એક ભાગીદારી પેઢીની માલિકીની છે. ઉપરોક્ત મિલકતની **સીમાઓ: પૂર્વ:** સોસાયટી રોડનેઅડીને, **પશ્ચિમ :** પ્લોટ નં. ૧૫૦ને અડીને, **ઉત્તર:** પ્લોટ નં. ૯૭ને અડીને, **દક્ષિણ :** પ્લોટ નં. ૯૫ને અડીને. ઉપરોક્ત જમીનની સીમાઓ. પૂર્વ. પ્રાધિકરણ માટેમાળખાગત વિકાસ માટેઅનામત જમીન પશ્ચિમ: ૧૮ મીટર પ્રસ્તાવિત રોડ, ઉત્તર: ૨૪ મીટર પ્રસ્તાવિત રોડ, દક્ષિમ: બ્લોક નં. ૪૨૪ અને ૪૨૮ને અડીને. | | | | | | | | | |
| 5 | 31529420004005 | 1) હરણ મહેશભાઈ અરજણભાઈ, 2) હરન લાભુબેન અરજણભાઈ | 07/08/2025 | 28/10/2025 | રૂ. 8,76,865.73 (રૂપિયા આઠ લાખ છોત્તેર હજાર આઠસો પાંચોઠ અને તોત્તેર પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.7,23,000/- (રૂપિયા સાત લાખ ત્રેવીસ હજાર માત્ર) | રૂ.72,300/- (રૂપિયા બાત્તેર હજાર ત્રણસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** ઉપલેટા નગરપાલિકા, તા. ઉપલેટા, જિલ્લો - રાજકોટની હદમાં આવેલા ઉપલેઠાના પ્લોટ નં. ૧૪/પાઈકે ૪૫-૮૯૫ ચોરસ મીટર જમીન/પાઈકે-૩ ની ૧૦૭૭૯-૦૦ ચોરસ મીટર જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક મકાનની સ્થાવર મિલકત. **સીમાઓ: પૂર્વ:** પ્લોટ નં. ૧૩/પાઈકે ની મિલકત, **પશ્ચિમ:** પ્લોટ નં. ૧૪/પાઈકે ની મિલકત, **ઉત્તર:** ૯-૦૦ મીટર પહોળો રોડ, **દક્ષિણ:** પ્લોટ નં. ૧૦ અને ૧૧ ની મિલકત રૂ. ૫૩૨/પાઈકની મિલકત. | | | | | | | | | |
| 6 | 31489630000302 | 1) હરેશભાઈ માવજીભાઈ શિયાળ, 2) ભરતભાઈ હરેશભાઈ શિયાળ, 3) માવજીભાઈ મોતીભાઈ શિયાળ, 4) આશિષ માવજીભાઈ શિયાળ | 17/09/2024 | 21/09/2024 | રૂ.7,18,016.98 (રૂપિયા સાત લાખ અઢાર હજાર અને સોળ અને અઠ્ઠાણુ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.9,86,000/- (રૂપિયા નવ લાખ છેંયાસી છ હજાર માત્ર | રૂ.98,600/- (રૂપિયા અઠ્ઠાણુ હજાર છસો માત્ર | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** 261.58 ચોરસ મીટર જમીન સાથે મકાનની મિલકત. Mts. ગઢડીયા ગ્રામ પંચાયત અકર્ણી પત્રક મિલ્કત નં. 383, ગામ ગધડીયા, તાલુકા બોટાદ, જીલ્લા બોટાદની ગામતળ જમીન પર આવેલ ગઢડીયા ગ્રામ પંચાયત હદની પંચાયત હદમાં આવેલ છે: **ઉત્તર:** આ બાજુ શિવાભાઈ શ્યામજીભાઈની મિલકત, આ બાજુ **પશ્ચિમ બાજુ:** ગઢડીયા, **પશ્ચિમ બાજુ:** નાગરભાઈ પ્રોપર્ટી, **દક્ષિણ બાજુ:** નાગરભાઈ પ્રોપર્ટી. આ બાજુની મિલકત હરજીવનભાઈ મિસ્ત્રીની છે | | | | | | | | | |
| 7 | 32109420000669 | 1) જુબેર અનવરભાઈ કુરેશી, 2) નજમા જુબેર કુરેશી | 18/08/2024 | 20/12/2025 | રૂ.11,51,633.40 (રૂપિયા અગિયાર લાખ એકાવન હજાર છસો તેત્રીસ અને ચાલીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.7,09,00/- (સાત લાખ નવ હજાર માત્ર) | રૂ.70,900/- (રૂપિયા સિત્તેર હજાર નવસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** એન.એ. સ્થાવર રહેણાંક મિલકતનો તમામ ભાગ પ્લોટ નં.4, સર્વે નં. 664/બી, પાયકી, સિટી સર્વે નં. 2366 પાયકી, શીટ નં. 70, લગભગ 389 ચોરસ ફૂટ (36.14.87 ચોરસ મીટર) હરિજીસીમ, તા - હરિજ - જિલ્લો - પાટણ ખાતે સ્થિત છે. **સીમાઓ: ઉત્તર:** ઠક્કર વર્ધીલાલ હંસરાજની મિલકત. **દક્ષિણ:** ઠક્કર વિનોદ વસરામભાઈની મિલકત, **પૂર્વ:** 20.00 ફૂટ રોડ અને પ્રવેશદ્વાર, **પશ્ચિમ:** ઘરના ઘરનો પ્રવેશદ્વાર અને 20.00 ફૂટ રોડ. | | | | | | | | | |
| 8 | 31809610000870 | 1) કુરેશી સરફરાજ અબ્દુલરહીમ, 2) કસાઈ જાયદાબીબી સરફરાજ | 16/07/2025 | 14/12/2025 | રૂ.13,25,951.19 (રૂપિયા તેર લાખ પચ્ચીસ હજાર નવસો એકાવન અને ઓગણીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.9,13,000/- (નવ લાખ તેર હજાર માત્ર) | રૂ.91,300/- (રૂપિયા એકાવન હજાર ત્રણસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** મુજે - નડિયાદ ચકલાસી પાર્ટી ખાતે આવેલી સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ, જમીન પર જે R.S. નં. 1916/1+2, માપ 12950 ચોરસ મીટર પક્કી 10360.00 ચોરસ મીટર, C.S. નં. NA 1961/1+2, પક્કી પ્લોટ નં. B/19 પક્કી પૂર્વ બાજુ, માપ 44.03 ચોરસ મીટર, નોંધણી સબ-ડિસ્ટ્રિક્ટ નડિયાદ, જિલ્લો ખેડા ખાતે સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** સર્વે નં. 1916 પક્કી જમીન, **પશ્ચિમ:** સામાન્ય દિવાલ, **ઉત્તર:** પ્લોટ નં. 15 સામાન્ય દિવાલ, **દક્ષિણ:** સોસાયટી આંતરિક માર્ગ. | | | | | | | | | |
| 9 | 48379420000027 | 1) લુહાર અતુલભાઈ, 2) લુહાર હેતલબેન | 16/07/2025 | 07/12/2025 | રૂ.20,09,233.79 (રૂપિયા વીસ લાખ નવ હજાર બસો તેત્રીસ અને અગણોસિત્તેર પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.13,49,000/- (રૂપિયા તેર લાખ ઓગણપચાસ હજાર માત્ર) | રૂ.1,34,900/- (રૂપિયા એક લાખ ચોત્રીસ હજાર નવસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** મિલકત બેરિંગ નં.671/A/1 પાયકી પ્લોટ નં.88 પાયકી પૂર્વ બાજુ 22.00 ચોરસ મીટર. જમીન બંને જમીનનો કુલ વિસ્તાર 44.00 ચોરસ મીટર. જમીન હરિ ઓમ નગર-2 તરીકે ઓળખાય છે, દેવગઢ બારિયા ખાતે સ્થિત છે. તા. દેવગઢ બારિયા, જિ. દાહોદ, ગુજરાત. **સીમાઓ: પૂર્વ:** પ્લોટ નં.89, **પશ્ચિમ:** પ્લોટ નં.87, **ઉત્તર:** 6.00, **દક્ષિણ:** 77. | | | | | | | | | |
| 10 | 31799610000642 | 1) મલેક ફરાજમીયા અનવરમીયા, 2) મલેક સાયમાબાનુ ફરાજમીયા | 16/07/2025 | 04/01/2026 | રૂ.13,60,986.39 (રૂપિયા તેર લાખ સાઠ હજાર નવસો છેયાસી અને ઓગણ ચાલીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.9,93,000/- (રૂપિયા નવ લાખ ત્રાણું હજાર માત્ર) | રૂ.૯૯,300/- (નવ્વાણું રૂપિયા હજાર ત્રણસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** N.A. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે બિન-ખેતી જમીન ધરાવતી બ્લોક/સર્વે નં. 170/1, પ્લોટ નં. 11 પાયકી (ઉત્તર બાજુ) પર બાંધવામાં આવ્યો છે, જે 50.531 ચો.મી. માપે છે, ગામ - સવગઢ તા: હિંમતનગર, જિલ્લો: સાબરકાંઠા ખાતે સ્થિત છે. **સીમાઓ દ્વારા: ઉત્તર:** પ્લોટ નં. 10 મુજબ, **દક્ષિણ:** યોજના મુજબ બાકી રહેલી જમીન પછી પ્લોટ નં. 12, **પૂર્વ:** યોજના મુજબ પ્લોટ નં. 16, **પશ્ચિમ:** યોજના મુજબ 6.00 મીટર રોડ. | | | | | | | | | |
| 11 | 31529420004531 | 1) માતરી હબીબમીયા ઈસ્માલમીયા, 2) માતરી રેશમાબાનુ હબીબમીયા | 13/06/2025 | 05/11/2025 | રૂ. 9,54,930.44 (રૂપિયા નવ લાખ ચોપ્પન હજાર નવસો ત્રીસ અને ચુમાલીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.6,55,000/- (રૂપિયા છ લાખ પંચાવન હજાર માત્ર) | રૂ.65,500/- (રૂપિયા પાંસઠ હજાર પાંચસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** ઉપલેટા સબ ડિસ્ટ્રિક્ટ ઉપલેટા અને રેગ. જિલ્લો રાજકોટ ખાતે સ્થિત, શિફ્ટ નં. 77 ના સી.એસ. નં. 6439/1/5/4 ના પ્લોટ નં. 2.3 ના પ્લોટ નં. 26.40 ચોરસ મીટર વિસ્તારની જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક મકાનની સ્થાવર મિલકત. **સીમાઓ: પૂર્વ:** એડજ. 9-00 મીટર પહોળો રોડ, **પશ્ચિમ:** સબ પ્લોટ નં. 2+3/2 (સી.એસ. નં. 6439/1/5/2ની એડજ. મિલકત, **ઉત્તર:** સબ પ્લોટ નં. 2+3/3 (સી.એસ. નં. 6439/1/5/3) ની એડજ. મિલકત, **દક્ષિણ:** સબ પ્લોટ નં. 2+3/5 (સી.એસ. નં. 6439/1/5/5)ની એડજ. મિલકત. | | | | | | | | | |
| 12 | 31799420001118 | 1) મેમન હિદાયતમહમદ ઇસ્માઈલભાઈ, 2) મેમણ હસીનાબેન | 17/07/2025 | 17/09/2025 | રૂ.18,88,504.24 (રૂપિયા અઢાર લાખ અઠ્ઠાસી હજાર પાંચસો ચાર અને ચોવીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.12,69,000/- (રૂપિયા બાર લાખ ઓગણ સાંઈઠ હજાર માત્ર) | રૂ.1,26,900/- (રૂપિયા એક લાખ છવ્વીસ હજાર નવસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** મિલકત પર બાંધવામાં આવેલી એન.એ. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ બિન-ખેતી જમીન ધરાવતો બ્લોક/સર્વે નં. 296, પ્લોટ નં. 70, 90.00 ચોરસ મીટર માપવા, ગામ - સવગઢ તા- હિંમતનગર, જિલ્લો - સાબરકાંઠા ખાતે સ્થિત છે. **સીમાઓ દ્વારા:** પૂર્વ: પ્લોટ નં. 69, **પશ્ચિમ:** 7.50 મીટરથી વધુ રોડથી સીમાવાળી જમીન, **ઉત્તર:** 6.00 મીટરથી વધુ રોડથી સીમાવાળી જમીન, **દક્ષિણ:** પ્લોટ નં. 82. | | | | | | | | | |
| 13 | 51819630000295 | 1) મોઢિયા તપનકુમાર, 2) મોઢિયા મીનાબેન દિલીપકુમાર | 23/09/2025 | 19/11/2025 | રૂ.18,84,828.40 (રૂપિયા અઢાર લાખ ચોર્યાસી હજાર આઠસો અઠ્ઠાવીસ અને ચાલીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.14,79,000/- (રૂપિયા ચૌદ લાખ ઓગણાસીત્તેર હજાર માત્ર) | રૂ.1,47,900/- (રૂપિયા એક લાખ સુડતાલીસ હજાર નવસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ ફ્લેટ નં. ૨ છે, જેમાં જમીનનો વિસ્તાર ૫૭.૫૧ ચોરસ મીટર છે, જેમાં જમીનમાં અવિભાજિત હિસ્સો અને ૧૧૫.૦૨ ચોરસ મીટર બિલ્ટઅપ વિસ્તાર છે. દાહોદ જિલ્લામાં જમીન ધરાવતા સર્વે નં. ૨૫૩/૪ પાયકી ૧૦ પર સ્થિત છે, જેનો વિસ્તાર ૫૭.૫૧ ચોરસ મીટર છે. લીમડી, દાહોદ જિલ્લામાં અને ગુજરાત રાજ્યના ઝાલોદના નોંધણી ઉપ-જિલ્લામાં, ઉપરોક્ત મિલકત નીચે મુજબ **સીમા ધરાવે છે: પૂર્વ:** નગીન પંચાલની મિલકત, **પશ્ચિમ:** ફ્લેટ નં. ૪, **ઉત્તર:** કમાન્ડ પેસેજ, **દક્ષિણ:** આર.એસ. નં. ૨૪૯/૧. | | | | | | | | | |
| 14 | 31809430000346 & 31809410000314 | 1) પરમાર રવિકુમાર રમેશચંદ્ર, 2) પરમાર રમેશચંદ્ર કાંતિલાલ, 3) પરમાર રીટાબેન રમેશચંદ્ર | 21/07/2025 | 06/10/2025 | રૂ. 8,51,507.40 (રૂપિયા આઠ લાખ એકાવન હજાર પાંચ સો સાત ચાલીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.12,26,000/ (રૂપિયા બાર લાખ છવ્વીસ હજાર માત્ર) | રૂ.1,22,600/- (રૂપિયા એક લાખ બાવીસ હજાર છસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** મોજે નડિયાદ, 9/153, પાયકી સર્વે નં. 2406,2408,2410/A, પાયકી કોલોની 396 FWS, પાયકી શહેર સર્વે નં. 502, V.V. નં. 2, પાયકી કુલ વિસ્તાર G.F. 30.00 + F.F. 10.38 પાયકી 40.38 ચો. મીટર, તા - નડિયાદ - જિલ્લો - ખેડા. **સીમાઓ: પૂર્વ:** સંલગ્ન ફ્લેટ ટેનામેન્ટ નં. 154, **પશ્ચિમ:** ખુલ્લી જમીન, **ઉત્તર:** માર્જિન સ્પેસ અને રોડ, **દક્ષિણ:** સંલગ્ન ફ્લેટ ટેનામેન્ટ નં. 180. | | | | | | | | | |
| 15 | 32109420000502 | 1) પરમાર વિશાલકુમાર વશરામભાઈ, 2) પરમાર હંસાબેન વશરામભાઈ, 3) પરમાર વશરામભાઈ | 19/05/2025 | 18/08/2025 | રૂ. 13,30,668.30 (રૂપિયા તેર લાખ ત્રીસ હજાર છ એકસો આઠસઠ અને ત્રીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ..11,12,000/- (રૂપિયા અગિયાર લાખ બાર હજાર માત્ર) | રૂ.1,11,200/- (રૂપિયા એક લાખ અગિયાર હજાર બસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** સ્થાવર રહેણાંક મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, સર્વે નં. ૯૧, આર.એસ. નં. ૧૫૦ ના "બુદ્ધ વિહાર સિઓસિટી" ના પ્લોટ નં. ૧૬, જે લગભગ ૫૦૮.૯૧ ચોરસ ફૂટ (૪૭.૨૮ ચોરસ મીટર) માપે છે, જે મંડોત્રી સિમ, તાલ અને જિલ્લો પાટણ ખાતે સ્થિત છે, **સીમાઓ: ઉત્તર:** પ્લોટ નં. ૧૭ ની ખુલ્લી જમીન, **દક્ષિણ:** પ્લોટ નં. ૧૫ની ખુલ્લી જમીન, **દક્ષિણ:** કોમન પ્લોટની 3 મીટર જમીન પછી, **પશ્ચિમ:** ૧૨ મીટર, પહોળો આંતરિક રસ્તો. | | | | | | | | | |
| 16 | 48369430000488 | 1) પટેલ યતીનકુમાર પ્રવિણભાઈ, 2) પટેલ સોનમબેન યતીનકુમાર | 18/08/2025 | 29/10/2025 | રૂ.11,85,300.98 (રૂપિયા અગિયાર લાખ પંચ્યાસી હજાર ત્રણસો અને અઠ્ઠાણુ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.10,27,000/- (રૂપિયા દસ લાખ સત્તાવીસ હજાર માત્ર) | રૂ.1,02,700/- (રૂપિયા એક લાખ બે હજાર સાતસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** ગામ - ઉમેદગઢ, તા- ઇડાર, જિલ્લો - સાબરકાંઠા ખાતે સ્થિત ૮૯.૧૫ ચોરસ મીટર માપની ગ્રામ પંચાયત મિલકત નં. ૨૨૦ ધરાવતી જૂની ગામતાલ જમીન પર બાંધવામાં આવેલી એન.એ. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો. **સીમાઓ: ઉત્તર:** સુથાર ભીખાભાઈ રેવાભાઈનું ઘર, **દક્ષિણ:** પટેલ જીગ્નેશ કૃણાલાલનું ઘર, **પૂર્વ:** ફળી રોડ, **પશ્ચિમ:** વાંધુ થાન ઠાકોર કાર્તિભાઈનો પ્લોટ. | | | | | | | | | |
| 17 | 31800430000131 & 31809410000981 | 1) સૈયદ વજીદલી અસિકાલી, 2) સૈયદ સાહિસ્તાબાનુ અસિકાલી | 18/08/2025 | 24/10/2025 | રૂ.6,96,579.53 (છ લાખ છનવું હજાર પાંચસો અગણએંસી અને અને ત્રેપ્પન પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.5,63,000/- (રૂપિયા પાંચ લાખ ત્રેસઠ હજાર માત્ર) | રૂ.56,300/- (રૂપિયા છપ્પન હજાર ત્રણસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** જિલ્લો - ખેડા.પેટા જિલ્લો - કથલ, મોજે - પીઠાઈ, ગ્રામ પંચાયત મિલકત નં. ૨૦૭૭. મકાન નં. ૨૨૮૮, ૧૦૦૦.૦૦ ચોરસ ફૂટ (૫૦*૨૦). **સીમાઓ: પૂર્વ:** સાજીદાલી મજુરાલી સૈયદની મિલકત આવેલી છે, **પશ્ચિમ:** મયુદ્દીનની મિલકત આવેલી છે, **ઉત્તર:** બસ સ્ટેશન આવેલી છે, **દક્ષિણ:** ફારુકલી બદરુઅલી સૈયદની મિલકત આવેલી છે. | | | | | | | | | |
| 18 | 31480430000642 | 1) સાથળીયા મનોજભાઈ ધુળાભાઈ, 2) સાથળીયા વિજીબેન ધુળાભાઈ | 05/06/2025 | 14/12/2025 | રૂ.5,17,648.11 (રૂપિયા પાંચ લાખ સત્તર હજાર છસો અડતાલીસ અને અગિયાર પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.6,51,000/- (રૂપિયા છ લાખ એકાવન હજાર માત્ર) | રૂ.65,100/- (રૂપિયા પાંસઠ હજાર એકસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** 445.21 ચો.મી.ની જમીન સાથે મકાનની મિલકત. બગડ ગ્રામ પંચાયત અકર્ણી પત્રક અનુ-ક્રમ નં.1156 અને મિલ્કત નં. 1155, ગામ બગડ, તા: રાણપુર, જિલ્લો - બોટાદની ગામતળ જમીન પર બગડ ગ્રામ પંચાયતની પંચાયત હદમાં આવેલ અને મનોજભાઈ ધીરુભાઈને ભીખ માંગવા. **સીમાઓ: ઉત્તર:** આ બાજુનો રસ્તો, **દક્ષિણ:** આ બાજુ મગનભાઈ નારાયણભાઈ સાથળીયાનું ઘર, **પૂર્વ:** આ બાજુનો રસ્તો અને દશામાનો માધ, **પશ્ચિમ:** આ બાજુ વોકલા નો કાંથો. | | | | | | | | | |
| 19 | 31809610000930 | 1) સોનેન અજયકુમાર ગોવિન્દ્રય, 2) સોનેન વિશાખા અજયકુમાર | 13/08/2025 | 24/10/2025 | રૂ.17,75,751.51 (રૂપિયા સત્તર લાખ પંચોતેર હજાર સાતસો એકાવન પૈસા અને એકાવન પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.12,70,000/- (રૂપિયા બાર લાખ સિત્તેર હજાર માત્ર) | રૂ.1,27,000/- (રૂપિયા એક લાખ સત્તાવીસ હજાર માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** જિલ્લો-ખેડા, પેટા જિલ્લો - મહેમદાવાદ મોજેગામ- મહેમદાવાદ, સર્વે નં.33-૧, માપન વિસ્તાર ૧૪૭૭૦ ચોરસ મીટર, પ્લોટ નં.૭૮ (બી) માપન વિસ્તાર ૭૨.૬૭ ચોરસ મીટર, બલ્ટ અપ વિસ્તાર માપન વિસ્તાર ૪૩.૮૬ ચોરસ મીટર. કુલ માપન વિસ્તાર ૮૧.૧૭ ચોરસ મીટર, નગરપાલિકા મિલકત નં.૫૩૯/ઘર/૨/૭૮-બી. **સીમાઓ: પૂર્વ:** મકાન નં.૭૮-એની મિલકત સ્થિત છે, **પશ્ચિમ:** મકાન નં.૭૭-એની મિલકત સ્થિત છે, **ઉત્તર:** રસ્તો સ્થિત છે, **દક્ષિણ:** મકાન નં. બી-૭ની મિલકત સ્થિત છે. | | | | | | | | | |
| 20 | 48369430000321 | 1) તનવીરકુમાર શંકાભાઈ દાતણીયા, 2) હંસાબેન સાંકાભાઈ દાતણીયા | 16/07/2025 | 04/01/2026 | રૂ.15,82,969.27 (પંદર લાખ રૂપિયા એંસી હજાર નવસો ઓગણપચાસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.13,78,000/- (રૂપિયા તેર લાખ ઈઠ્ઠોતેર હજાર માત્ર) | રૂ.1,37,800/- (રૂપિયા એક લાખ સાડત્રીસ હજાર આઠસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** N.A. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે બિન-ખેતી જમીન ધરાવતો બ્લોક/સર્વે નં.63, પ્લોટ નં.190, 109.68.75 ચો.મી., ગામ - પાણપુર (સાવગઢ) તા. હિંમતનગર, જિલ્લો - સાબરકાંઠા ખાતે સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** 6.00 મીટર રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં.178થી હાંસિયા, **ઉત્તર:** પ્લોટ નં.189, **દક્ષિણ:** 7.50 મીટર રોડથી હાંસિયા. | | | | | | | | | |
| 21 | 33029630000015 & 33029410000031 | 1) ઠાકોર ચિરાગ પ્રકાશભાઈ, 2) ઠાકોર દમયંતીબેન પ્રકાશભાઈ, 3) મકવાણા સીમા લાલજીભાઈ | 21/07/2025 | 30/09/2025 | રૂ.7,12,713.01 (રૂપિયા સાત લાખ બાર હજાર સાતસો તેર અને એક પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.6,53,000/- (રૂપિયા છ લાખ ત્રેપ્પન હજાર માત્ર) | રૂ.65,300/- (રૂપિયા પંચોઠ હજાર ત્રણસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** સ્થાવર ગામતાલ મિલકતનો તમામ ટુકડો અને ભાગ, જે મિકત નં. 432 છે અને તેના પર બાંધકામ ચાલી રહ્યું છે, મૌજે/ગામ: વસઈ, પેટા જિલ્લો અને જિલ્લો - અમદાવાદની જમીન પર સ્થિત છે. **સીમાઓ દ્વારા: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** ઘનશ્યામભાઈ આર. પટેલની મિલકત, **ઉત્તર:** રતિલાલ ગોતાજી ઠાકોરની મિલકત, **દક્ષિણ:** બાબુજી જી. ઠાકોરની મિલકત. | | | | | | | | | |
| 22 | 31809610000305 & 31809630000570 | 1) વાધવાણી હરીશકુમાર વિશનદાસ, 2) વાધવાણી પુષ્પાબેન હરીશભાઈ, 3) વાધવાણી અનિલકુમાર વિસંદાસ | 18/08/2025 | 24/10/2025 | રૂ.૧૩,૬૧,૧૦૫.30 (રૂપિયા તેર લાખ એકસઠ હજાર એક એકસો પાંત્રીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.11,29,000/- (રૂપિયા અગિયાર લાખ ઓગણતીસ હજાર માત્ર) | રૂ.1,12,900/- (રૂપિયા એક લાખ બાર હજાર નવસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** મૌજે ગામ મંજીપુરા ખાટા નં. 781, પાઈકી સર્વે નંબર 80 પાઈકી 5, પાઈકી એડમેઝરિંગ 0-09-14, પાઈકી પાંચમો માળ, ફ્લેટ નં. 505, પાઈકી એડમેઝરિંગ 65.000 મીટર, તાલુકો- નડિયાદ, જિલ્લો- ખેડા. **સીમાઓ: પૂર્વ:** સર્વે નં. 80 પાળકી એકતા નગર સોસાયટી, **પશ્ચિમ:** ફ્લેટ નં. 504, **ઉત્તર:** સર્વે નં. 80 પાળકી એકતાનગર સોસાયટી અન્ય પ્લોટ, **દક્ષિણ:** ફ્લેટ નં. 506. | | | | | | | | | |
| 23 | 48379430000056 | 1) વણઝારા ગિરીશકુમાર, 2) ફતેસિંહ કોદરસિંહ નાઈ | 13/08/2025 | 04/01/2026 | રૂ. 9,17,061.93 (રૂપિયા નવ લાખ સત્તર હજાર એકસઠ અને ત્રાણું પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.7,12,000/- (રૂપિયા સાત લાખ બાર હજાર માત્ર) | રૂ.71,200/- (રૂપિયા ઈકોતેર હજાર બસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** મિલકત ધરાવતું ખાતા - નં. 13, રેવન્યુ સર્વે નંબર 973/2 પાઈકી 5059 ચો. મીટર જમીન પાઈકી સબ-પ્લોટ નં. 35 પાઈકી, એડમી 52.00 ચોરસ મીટર જમીન, 1/291/DF/35, લક્ષ્મી નગર ભુરાવાવ, દોલપા ફળિયા મુ. ગોધરા પંચમહાલ - 389001, ગુજરાત, ગોધરા નગરપાલિકા ગોધરા, જિલ્લો - પંચમહાલ 389001 ગુજરાત. | | | | | | | | | |
| 24 | 31790440000212 | 1) વિશાલ રમેશભાઈ રાવલ, 2) રાવલ કેશરબેન વિશાલકુમાર | 05/06/2025 | 27/12/2025 | રૂ.6,64,415.19 (રૂપિયા છ લાખ ચોસઠ હજાર ચાર સો પંદર અને ઓગણીસ પૈસા માત્ર) | 16.01.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.5,71,000/- (રૂપિયા પાંચ લાખ એકોત્તેર હજાર માત્ર) | રૂ.57,100/- (રૂપિયા સત્તાવન હજાર એકસો માત્ર) | 17.02.2026, બપોરે 02:00 વાગ્યે | 16.02.2026, સાંજે 5.00 વાગ્યા સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગરીલા આર્કેડ, શ્યામ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** ગામતાલ મિલ્કત નં. ૫૯૧ ધરાવતી ગામતાલ જમીન પર બાંધવામાં આવેલી એન.એ. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ, જે લગભગ ૮૪૦.૦૦ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવે છે, વ્રજપુર, તા- ઇડર, જિલ્લો - સાબરકાંઠા ખાતે સ્થિત છે. **સીમાઓ: ઉત્તર:** ખુલ્લો રોડ, **દક્ષિણ:** રાવલ ભગાભાઈ શંકરભાઈનું ઘર, **પૂર્વ:** ખુલ્લો રસ્તો, **પશ્ચિમ:** ખુલ્લી જમીન. | | | | | | | | | |

આ મિલકતો **"જેમ છે જ્યાં છે"** અને **"જેમ છે જે છે તેના આધારે"** રાખવામાં આવી રહી છે અને ઈ-હરાજી **'ઓનલાઈન'** કરવામાં આવશે. હરાજી બેંકના માન્ય સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝર** દ્વારા વેબ પોર્ટલ **https://bankauctions.in** અને **www.foreclosureindia.com** પર કરવામાં આવશે. વધુ માહિતી માટે અને ઈ-હરાજી અંગે વિગતો, મદદ, પ્રક્રિયા અને ઓનલાઈન તાલીમ માટે, સંભવિત બોલી લગાવનારાઓ **મેસર્સ 4 ક્લોઝર**નો સંપર્ક કરી શકે છે; **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો - સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / nitesh@bankauctions.in.**
ઈ-હરાજીની કાર્યવાહીમાં ભાગ લેવા માટેની શરતો અને નિયમો અંગે વધુ વિગતો માટે અને મિલકત સંબંધિત કોઈપણ પ્રશ્ન માટે કૃપા કરીને **જના સ્મોલ ફાઈનાન્સ બેંકના અધિકૃત અધિકારીઓ શ્રી રંજન નાઈક (મોબાઈલ નં. 6362951653)નો સંપર્ક કરો.** અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ, મિલકતો પર કોઈ બોજો નથી. જોકે, ઇચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા મૂકેલા બોજો, મિલકતના ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ. કોઈ શરતી બોલી સ્વીકારવામાં આવશે નહીં. ઉપરોક્ત નામના દેવાદારો/ગેરંટરો/ગીરો આપનારાઓને ગીરો મૂકેલી મિલકતો માટે નિર્ધારિત ઈ-હરાજી અંગેની સૂચના પણ છે. ઋણ લેનાર/ગેરંટરો/ગીરો આપનારાઓને ઉપરોક્ત રકમ અપ ટુ ડેટ વ્યાજ અને આનુષંગિક ખર્ચ સાથે હરાજીની તારીખ પહેલાં ચૂકવવા માટે સૂચિત કરવામાં આવે છે, જો તેમાં નિષ્ફળ જાય તો મિલકત વેચવામાં આવશે અને બાકી રહેલ બાકી રકમ વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે.

**તારીખ: 08.11.2026, સ્થળ: ગુજરાત**
**Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી**

સિટી એક્સપ્રેસ

THURSDAY 08 JANUARY-2026

AHMEDABAD


### અમદાવાદીઓએ વ્યાજ માફીને વધાવી

અમદાવાદ | મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાકી મિલકત વેરાની વસૂલાત ઝડપી બનાવવા અને કરદાતાઓને વ્યાજમાં મોટી રાહત આપવા માટે 1 જાન્યુઆરીથી 31 માર્ચ 2026 સુધી જાહેર કરાયેલી 'વ્યાજ માફી યોજના'ને શહેરના નાગરિકોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. યોજના શરૂ થયાના માત્ર 7 જ દિવસમાં એટલે કે 1 થી 7 જાન્યુઆરી 2026 દરમિયાન કુલ 24,887 કરદાતાઓએ લાભ લઈ રૂ.24.01 કરોડનો મિલકત વેરો ભર્યો છે. AMCના તમામ સાત ઝોનમાંથી નોંધપાત્ર વસૂલાત આવેલ છે.

### અમદાવાદ ગ્રામ્યમાં 19 PI અને 41 PSIની બદલી

અમદાવાદ | અમદાવાદ ગ્રામ્ય પોલીસના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા 19 પોલીસ ઈન્સપેક્ટર અને 41 પોલીસ સબ ઈન્સપેક્ટરની કરાયેલી બદલી પોલીસ વિભાગમાં ચર્ચાનો વિષય બની છે. મોટાભાગના અધિકારીઓ એક જ સ્થળ પર લાંબા સમયથી ફરજ બજાવી રહ્યા હોય બદલી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામ્ય પોલીસ સ્ટેશનો અને સર્કલ ઓફિસોમાં હવે નવા અધિકારીઓ ચાર્જ સંભાળશે. લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા હોય ફેરબદલ કરવામાં આવી છે.



## વ્હેલ માછલીની ઉલટીની હેરાફેરી કરનારની ધરપકડ, રૂ. 3 કરોડનો મુદ્દામાલ જપ્ત

# અમદાવાદમાંથી કરોડોનું 'તરતું સોનું' ઝડપાયું!

### બાતમી બાદ કાર્યવાહી હાથ ધરાઇ

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદ ગ્રામીણ જિલ્લાની વિવેકાનંદનગર પોલીસે વ્હેલ ઉલટીની હેરાફેરી કરતાં 42 વર્ષીય એક વ્યક્તિની ધરપકડ કરી છે અને 3.01 કરોડની કિંમતની સંરક્ષિત વ્હેલ ઉલટી (એમ્બરગ્રીસ) જપ્ત કરી છે.

નિયમિત પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે હાથીજણ-મહેમદાબાદ રોડ પર શ્રીજી હોસ્પિટલ નજીક એક શંકાસ્પદ વ્યક્તિને અટકાવ્યો હતો. આરોપીની ઓળખ રાજેશ બાબુભાઈ બલાર (પટેલ) તરીકે થઈ હતી, જે વ્યવસાયે વેપારી હતો, હાલમાં સુરત શહેરમાં રહે છે અને મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના શોભાવડ ગામના વતની છે.

પોલીસના જણાવ્યા મુજબ જપ્ત કરાયેલ સામગ્રીની તપાસ રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) અધિકારીઓ સાથે સંકલનમાં કરવામાં આવી હતી, જેમણે તે એમ્બરગ્રીસ હોવાની પુષ્ટિ કરી હતી. પ્રતિબંધિત વ્હેલ ઉલટી 3.18 કિગ્રા ઉપરાંત પોલીસે 5,000 ની કિંમતનો મોબાઈલ ફોન અને 5 લાખની કિંમતનું ફોર વ્હીલર જપ્ત કર્યું હતું, જેનાથી જપ્ત કરાયેલી મિલકતની કુલ કિંમત 3.06 કરોડની આંકવામાં આવી છે.

### વન્યજીવન તસ્કરી સિન્ડિકેટ સામેલ?

હાલમાં દરિયાકાંઠા સાથે જોડાણો ધરાવતા જિલ્લાઓમાં સંરક્ષિત પ્રાણીઓના અવશેષોની હેરાફેરીમાં સામેલ સંગઠિત નેટવર્ક્સ સામે કડક કાર્યવાહી કરવાની ઝુંબેશ ચાલી રહી છે. આરોપી રાજેશ બલાર સામે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે, અને મોટા વન્યજીવન તસ્કરી સિન્ડિકેટ સાથે સંભવિત તાર શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

### 3થી 7 વર્ષ સુધીની જેલ થઈ શકે

વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ વ્હેલ પણ સંરક્ષિત પ્રાણી હોય તેનો શિકાર કરી શકાય નહીં. વધુમાં તેના હાડકાં, વાળ, કે પછી તેની ઉલટીનો પણ કારોબાર કરી શકાતો નથી. મૂળ મુદ્દે તે પ્રતિબંધિત છે. જેથી શિડ્યુલ 1 અંતર્ગત ત્રણ વર્ષથી લઈ 7 વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે.

### તરતું સોનું પણ કહેવામાં આવે છે

વ્હેલ માછલીની ઉલ્ટી અથવા એમ્બરગ્રીસનું વેચાણ



વન્ય જીવ સંરક્ષણ અધિનિયમ 1972ની હેઠળ પ્રતિબંધિત છે. સ્પર્મ વ્હેલ માછલી આ પદાર્થ બનાવે છે. આ પદાર્થને 'ગ્રે એમ્બર' અથવા ફ્લોટિંગ ગોલ્ડ એટલે કે તરતું સોનું પણ કહેવામાં આવે છે.

### શું હોય છે વ્હેલની ઉલટી?

આ પદાર્થને વ્હેલની ઉલટી કહેવામાં આવે છે પરંતુ આ સાચુ નથી. હકીકતમાં એમ્બરગ્રીસનો અર્થ ફ્રેન્ચમાં 'ગ્રે અંબર' થાય છે. તે મીણ જેવો એક પદાર્થ હોય છે જે સ્પર્મ વ્હેલના પાચનતંત્રમાં બને છે. સ્પર્મ વ્હેલ એક સંરક્ષિત પ્રજાતિ છે.

## આજથી 12 જાન્યુઆરી સુધી રજા નહીં લઈ શકે

# PMના ગુજરાત પ્રવાસને લઈ પોલીસ કર્મચારી-અધિકારીઓની રજાઓ રદ

ગાંધીનગર | રાજ્યના તમામ પોલીસ કર્મચારીની અને અધિકારીઓની રજાઓ રદ કરાઈ છે. 7થી 12 જાન્યુઆરી સુધી પોલીસ કર્મીઓ રજા નહીં લઈ શકે. જે કર્મચારીઓ રજા પર છે તેમને તાત્કાલિક હાજર થવા સૂચના અપાઈ છે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને કારણે રજાઓ કરાઈ રદ કરાઈ છે.

ગુજરાત પોલીસના તમામ કર્મચારી અને અધિકારીની રજા રાજ્યના ઈન્ચાર્જ પોલીસ વડા કે.એલ.એન રાવ દ્વારા કેન્સલ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે તે બાબતને ધ્યાનમાં રાખીને હાલ રજા કેન્સલ કરવામાં આવી છે. આ ઉપરાંત ફ્લાવર શો અને આગામી તહેવારને પણ ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આગામી તા. 10થી 12 જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન ગુજરાતના વિવિધ જિલ્લા અને શહેરમાં યોજાનાર કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. જેને સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તથા દેશ-વિદેશના મહાનુભાવોની સુરક્ષાને ધ્યાને રાખીને રાજ્યના પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. જે મુજબ રાજ્યના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

પરિપત્રના આદેશ અનુસાર 7 જાન્યુઆરી 2026 થી 12 જાન્યુઆરી 2026 સુધીના સમયગાળા દરમિયાન કોઈ પણ પોલીસકર્મી રજા ભોગવી શકશે નહીં. જે કર્મચારીઓ હાલમાં રજા પર છે, તેમને પણ રજા ટૂંકાવીને તાત્કાલિક પોતાની ફરજ પર હાજર થવા માટે સૂચના આપવામાં આવી છે. વડાપ્રધાન ના આગમન ને લઈ બંદોબસ્તને પ્રાથમિકતા આપીને તમામ અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા કડક આદેશ કરવામાં આવ્યા છે.રાજ્યના તમામ મહત્વના વિભાગો જેવા કે એસીબી , સીઆઈડી ઈન્ટેલિજન્સ અને રેલવે પોલીસને મોકલી દેવામાં આવી છે. આ દરમિયાન ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં પોલીસ બેડાને સ્ટેન્ડ-બાય મોડ પર રાખવામાં આવ્યો છે.

# MBBSની 3 જગ્યા ભરવા માટે પ્રવેશ રાઉન્ડ કરવા હાઈકોર્ટનો આદેશ

### 'ડોક્ટરોની અછત જગ્યાઓ ખાલી રહેવી જોઈએ નહીં'



અમદાવાદ | ગુજરાત મેડિકલ કોલેજ એસોસિએશન દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેમાં મેડિકલ કાઉન્સિલિંગ કમિટી અને એડમિશન કમિટી અંડર ગ્રેજ્યુએટ મેડિકલને નિર્દેશો આપતી માંગ કરવામાં આવી હતી. તેઓએ માંગ કરી હતી કે MBBSના પ્રથમ વર્ષમાં ત્રણ જગ્યાઓ ખાલી પડી છે. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવે.

અગાઉ વર્ષ 2025માં અરજી કરવામાં આવી હતી. જેમાં MBBS કોર્સમાં 57 જગ્યાઓ ખાલી હતી. જેમાં કોર્ટના નિર્દેશથી પ્રવેશ પ્રક્રિયાનો ચોથો અને પાંચમો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. આ બેઠકો ભરાઈ ચૂકી હતી. પરંતુ 3 વિદ્યાર્થીઓએ એડમિશન પરત ખેંચ્યું હતું. જો આ ત્રણ બેઠકો ભરવામાં આવે તો 3 ઉજળા લોકોનું ભવિષ્ય સુધરી શકે તેમ છે.

કોર્ટે નોંધ્યું હતું કે દેશમાં ડોક્ટરોની અછત છે, ત્યારે ત્રણ મેડિકલ સીટોને ખાલી રાખી શકાય નહીં. અગાઉના રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ 3 લાખ રૂપિયાની ડિપોઝિટ ભરી હોવા છતાં એડમિશન કેન્સલ કરાવ્યા હતા. જેથી ઓથોરિટી ડિપોઝિટની રકમ સાથે અન્ય કોઈ યોગ્ય શરત રાખીને 10 દિવસની અંદર 03 સીટો ભરવા માટે મેડિકલ પ્રવેશનો વધુ એક રાઉન્ડ યોજે.

## ડ્રેનેજ લાઈનની કામગીરી સમયે શ્રમિક પર માટી પડતા મૃત્યુ...

# કોન્ટ્રાક્ટરને બચાવવા AMC અધિકારીઓએ ઘટનાને ગંભીરતાથી ન લીધી હોવાની ચર્ચા...

અમદાવાદ | અમદાવાદ શહેરના ન્યૂ મણીનગર વિસ્તારમાં કર્ણાવતી રિવેરા ફ્લેટ નજીક મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રેનેજ લાઈન ખોદવાની કામગીરી દરમિયાન માટી ધસી પડતા એક મજૂર અંદર પડ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક તેને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ મોકલ્યો હતો. તે પહેલાં જ મજૂરનું મૃત્યુ નીપજ્યું હતું.

અમદાવાદમાં ન્યૂ મણીનગરમાં રાત્રિના સમયે ખોદવાની કામગીરી ચાલુ હતી ત્યારે કોર્પોરેશનના કોઈ જવાબદાર અધિકારી કે કોન્ટ્રાક્ટરના વ્યક્તિ હાજર નહોતા. કોઈપણ પ્રકારના બેરિકેડ અને સલામતીના સાધનો વિના કામગીરી થઈ રહી હોવાનું સામે આવ્યું હતું. જે દરમિયાન એક શ્રમિક માટી ધસી પડતા અંદર પડ્યો હતો. જેમાં તેનું મોત નીપજ્યું હતું. AMCના પૂર્વ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓને મજૂરનું કયા કારણસર મૃત્યુ થયું, કેવી રીતે આ દુર્ઘટના બની આ બાબતે કોઈપણ પ્રકારની જાણકારી નથી. તેમણે સવારે ઘટનાસ્થળ ઉપર જઈ અને કેવી રીતે આ દુર્ઘટના બની તે અંગેની માહિતી પણ મેળવવાનો પ્રયાસ કર્યો નથી. એક મજૂરનું મૃત્યુ થયું હોવા છતાં પણ અધિકારીઓને આ બાબતે ગંભીરતા નથી. જેથી સ્પષ્ટ છે કે કોન્ટ્રાક્ટરની બેદરકારી હોવાથી તેને બચાવવા માટે અધિકારીઓએ ઘટનાને ગંભીરતાથી લીધી નથી.




**માટી અચાનક ધસી પડતાં શ્રમિક નીચે દટાયો હતો**

શહેરના ન્યૂ મણીનગર પાસે કર્ણાવતી રિવેરા ફ્લેટ નજીક જેસીબી મશીનથી મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી રાત્રે 10 વાગ્યાની આજુબાજુ કરવામાં આવી રહી હતી. તે દરમિયાન એક મજૂર ડ્રેનેજ લાઈનની કામગીરી માટે અંદર ઉતર્યો હતો. તે દરમિયાન અચાનક જ માટી ધસી પડી હતી.

મજૂર તેની નીચે દટાતા માથામાં ઈજાઓ થઈ હતી. સ્થળ પર હાજર અન્ય મજૂર અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને મજૂરને બહાર કાઢ્યો હતો. સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું. આ મામલે પોલીસને પણ જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી.

# ગુજરાત પોલીસમાં ફરી ભરતી

### વર્ગ-3માં 950 જગ્યા ખાલી, વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગની અલગ અલગ પોસ્ટ માટે 9 જાન્યુઆરીથી અરજી કરી શકાશે



(એજન્સી) ગાંધીનગર | તા.07

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ટેક્નિકલ સેવાઓ હેઠળના વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ પ્રભાગમાં વર્ગ-3 સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીપ્રક્રિયા દ્વારા કુલ 950 જેટલી ટેક્નિકલ જગ્યાઓ ભરવામાં આવશે, જેના માટે લાયક ઉમેદવારો પાસેથી ફક્ત ઓનલાઈન અરજીઓ મગાવવામાં આવી છે.

આ જગ્યાઓ માટે એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીના વિવિધ પ્રવાહો, જેવા કે ઈલેક્ટ્રોનિક્સ, કોમ્યુનિકેશન, આઈટી, કોમ્પ્યુટર સાયન્સ, ઓટોમોબાઈલ અને મિકેનિકલની પદવી કે ડિપ્લોમા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. એ માટે ઓનલાઈન અરજીઓ તા. 9 જાન્યુઆરી બપોરે 14 કલાકથી તા. 29 જાન્યુઆરી/રાત્રિના 23.59કલાક સુધી સ્વીકારવામાં આવશે.

ગુજરાત પોલીસમાં PSI અને LRDની કુલ 13,591 જગ્યાની ભરતી માટે શારીરિક કસોટી આગામી 21 જાન્યુઆરી 2026થી શરૂ થવાની છે, જોકે શારીરિક કસોટી માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા અંગેની વિગત ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે એમ ભરતી બોર્ડ દ્વારા જાણાવાયું છે. PSI અને લોકરક્ષક કેડર માટે 13,591 જગ્યા માટે યોજાયેલી આ ભરતીમાં રાજ્યભરમાંથી 14,28,546 ઉમેદવારે અરજી કરી હતી.

ઉલ્લેખનીય છે કે PSI અને LRD જેવી મહત્ત્વપૂર્ણ કેડરની ભરતી માટે શારીરિક કસોટી મહત્ત્વપૂર્ણ માપદંડ ગણાય છે, તેથી ઉમેદવારોને તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા તથા શારીરિક ધોરણો અંગે પૂર્વ તૈયારી રાખવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ઉમેદવારોને સલાહ પણ આપવામાં આવી છે કે તેઓ નિયમિત રીતે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની અધિકૃત વેબસાઈટ પર નજર રાખે અને આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરે.

# કારને આંતરી 7 કિલો ગાંજા સાથે કિશોર સહિત 4 ને ઝડપ્યા, 11.62 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(એજન્સી) ગાંધીનગર | તા.07

ગુજરાતમાં નશાના કારોબારને જડમૂળથી ઉખેડી નાખવા માટે ચાલી રહેલી ઝુંબેશ વચ્ચે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગાંધીનગરના કલોલ તાલુકામાં મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે ગોલથરા ગામ પાસે વોચ ગોઠવીને પોલીસે એક કારને આંતરી હતી, જેમાંથી 7 કિલો 450 ગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કેસમાં પોલીસે એક કિશોર સહિત કુલ ચાર શખ્સોની ધરપકડ કરી છે, જ્યારે ગાંજો મોકલનાર અને મંગાવનાર મુખ્ય સૂત્રધારોની શોધખોળ શરૂ કરી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે જ્યારે ગાંધીનગરના કલોલ તાલુકામાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે એક કારમાં માદક પદાર્થોનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જેના પગલે પોલીસે ગોલથરા પાસે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કાર આવતા તેને અટકાવી તપાસ હાથ ધરી હતી.

કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારણ કે તેમાં વ્યવસ્થિત રીતે છુપાવેલો 7.450 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કાર, ગાંજો અને મોબાઈલ ફોન મળી કુલ 11.62 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં તેમના નામ નિસર્ગ કાંતિભાઈ માળી (રહે. અડાલજ), મોહસીન ફરીદમિયાં શેખ (રહે. ગાંધીનગર) અને કૌશિક રમણભાઈ ઠાકોર (રહે. અડાલજ) હોવાનું સામે આવ્યું છે.

## રાજ્યમાં 15થી 20 કિમી પ્રતિ કલાકે ઝડપે પવન ફૂંકાશે

# ઠંડીનો ચમકારો વધશે, નલિયા અને અમરેલીમાં 9 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું

રાજ્યમાં કડકડતી ઠંડીનો માહોલ વધુ તીવ્ર બનવાની તૈયારીમાં છે. રાજ્યવાસીઓએ હવે કડકડતી ઠંડી સહન કરવા માટે પૂરેપૂરા તૈયાર રહેવું પડશે, કારણ કે આજથી ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે. રાજ્યના હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી 12 જાન્યુઆરી સુધી લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ જોવા નહીં મળે. ત્યાર બાદ ધીમે ધીમે લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.

આ દરમિયાન પવનની ગતિમાં વધારો થશે, જેના કારણે ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બનશે. ઉત્તર-પૂર્વથી આવતા પવનો ફૂંકાવા લાગશે, જેનાથી ઠંડીનો ચમકારો વધુ વધશે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં તાપમાન નીચું રહેવાની આગાહી છે. નલિયા જેવા



વિસ્તારોમાં તાપમાન 10 ડિગ્રી આસપાસ કે તેનાથી પણ નીચે જઈ શકે છે. રાજ્યમાં 15 થી 20 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ઉત્તર પૂર્વથી પૂર્વ તરફના પવન ફૂંકાશે.

# ઉત્તરાયણને લઈ અમદાવાદના 5 લાખ વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી

અમદાવાદ | ચાઈનીઝ દોરીના કારણે ઉત્તરાયણ દરમિયાન મનુષ્ય અને પક્ષીઓના જીવ જતા હોય છે. જેથી સરકારે પણ ચાઈનીઝ દોરીના વેચાણ પર અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. તેને ધ્યાનમાં રાખીને ઉત્તરાયણ નજીક આવતા જ અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરની 1800 જેટલી શાળાઓ 5 લાખ જેટલા વિદ્યાર્થીઓએ પતંગની મજા સાથે જીવ બચાવવાનો સંકલ્પ લીધો છે. ઉત્તરાયણ દરમિયાન સવારે નવ વાગ્યા પહેલા અને સાંજે 5:00 વાગ્યા પછી પતંગ નહીં ચગાવવાનો વિદ્યાર્થીઓએ સંકલ્પ લીધો છે. તેમજ ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા અને જો કોઈ કરતો હોય તો તેને રોકવા પણ વિદ્યાર્થીઓએ શપથ લીધા છે.

તેમજ જો કોઈ પક્ષી ઉત્તરાયણ દરમિયાન ઈજાગ્રસ્ત થાય છે તો તેને તાત્કાલિક સારવાર મળી રહે તે માટેની કામગીરી કરવા પણ શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી છે. માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ શાળાઓમાં શિક્ષકો અને સ્ટાફના કર્મચારીઓએ પણ શપથ લીધા હતા.

## ક્રેટા કારની તલાશી લેતા ડ્રાઈવર સીટ નીચેથી 50 લાખનું ડ્રગ્સ મળી આવ્યું, છુટક વેચાણ કરવાનો હતો...

# અમદાવાદના વેજલપુરમાંથી 504 ગ્રામ MD ડ્રગ્સ સાથે પેડલર ઝડપાયો



અમદાવાદ | કોંગ્રેસ દ્વારા અત્યારે રાજ્યભરમાં ડ્રગ્સ મુક્ત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે વેજલપુરમાંથી 504 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે એક પેડલર ઝડપાયો છે.પેડલર આ ડ્રગ્સ ખરીદીને લાવ્યો હતો જે શહેરના અલગ અલગ વિસ્તારમાં વેચવાનો હતો. ક્રેટા ગાડીમાંથી ડ્રગ્સ સાથે ઝોન 7 એલસીબી અને વેજલપુર પોલીસે ડ્રગ્સ પેડલરની ધરપકડ કરી છે.

ઝોન 7 એલસીબી પીઆઈ આય.જે જાડેજાની ટીમને બાતમી મળી હતી કે જુહાપુરામાં એક વ્યક્તિ ગાડીમાં એમડી ડ્રગ્સનો જથ્થો લઈને બેઠો છે જેથી એલસીબી અને વેજલપુર પોલીસે સાથે મળીને જુહાપુરા રોયલ અકબર ટાવર પાસેથી ક્રેટા ગાડીમાંથી તોસિફ અહેમદ કાદરી નામના વ્યક્તિની અટકાયત કરી હતી.પોલીસે તપાસ કરતા ગાડીમાંથી ડ્રાઈવર સીટની નીચેથી થેલીમાંથી 504 ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે FSL ની ટીમ બોલાવી ડ્રગ્સનું પરીક્ષણ કરાવતા એમડી ડ્રગ્સ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે ડ્રગ્સ સાથે તોસિફ કાદરીની ધરપકડ કરી છે.આરોપી જુહાપુરાનો જ રહેવાસી છે.આરોપીએ ડ્રગ્સનો જથ્થો અમદાવાદમાંથી જ એક વ્યક્તિ જોડેથી ખરીદ્યો હોવાનું જણાવ્યું હતું.આરોપી ડ્રગ્સ છૂટક વેચાણ કરવાનો હોવાની કબૂલાત કરી હતી.આરોપી અગાઉ પણ NDPS ના કેસમાં પકડાયો હોવાનું જાણવા મળ્યું છે.પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...